بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

કહેવાતા 'અહલે હદીષ'

# ગૈર મુક઼લ્લિદોના ધોકાઓ

મૂળ લેખક

મુફતી જલાલુદ્દીન અમજદી સાહબ رحمۃ اللہ علیہ

(તર્બિયતે ઈફતા, ઓઝાગંજ, યુ.પી.)

અનુવાદક

મર્હૂમ ડોસુભાઈ કે. પહોંચીયા (નક઼શબંદી, મુજદ્દિદી)

પ્રકાશક


અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

GRWB/059/Bharuch/02 C/o. ફય્ઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,
Web.barkatekhwaja.net/Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં.:૨૪૭ આવૃત્તિ–૨ પ્રત:૨૫૦૦
૨૯–શવ્વાલુલ મુર્કરમ હિ.સ. ૧૪૪૦ જુલાઈ–૨૦૧૯

noorani art
Mob. 9427464411

## અનુક્રમણિકા


❀ અર્પણ 03
❀ બે બોલ... 04
❀ પ્રસ્તાવના.... 05
❀ આ ઉમ્મત ૭૩ મઝહબોમાં વહેંચાઈ જશે
જેમાં કેવળ એક મઝહબ જન્નતી હશે 07
❀ તસર્રૂફ તથા ઈખ્તિયાર સંબંધે હુઝૂર તથા સહાબાએ
કિરામનો અક઼ીદો 08
❀ તસર્રૂફ તથા ઈખ્તિયાર સંબંધે ગેર મુક઼લ્લિદોનો અક઼ીદો 12
❀ રસૂલની ઈજ્જત અને ઈલ્મે ગૈબ વગેરે સંબંધે
હુઝૂર તથા સહાબાએ કિરામનો અક઼ીદો 14
❀ રસૂલ صلی اللہ علیہ وسلم ની ઈજ્જત અને ઈલ્મે ગૈબ વગેરે સંબંધે
ગેર મુક઼લ્લિદોના અક઼ીદા 18
❀ સહાબાએ કિરામ અને તક઼લીદ 19
❀ તક઼લીદ કોને કહે છે ? 21
❀ ગેર મુક઼લ્લિદોની તક઼લીદ 23
❀ ગેર મુક઼લ્લિદોથી કેટલાક સવાલો 25
❀ ગેર મુક઼લ્લિદોની ગુમરાહીની એક સ્પષ્ટ સાબિતી 30
❀ ગેર મુક઼લ્લિદોનો સંક્ષિપ્ત ઈતિહાસ 32
❀ હિંદુસ્તાનમાં વહાબિયતનો ફિત્નો 35
❀ ગેર મુક઼લ્લિદો ઉલમાએ દેવબંદની નજરમાં 37
❀ ગેર મુક઼લ્લિદોના કેટલાક મહત્વના સિધ્ધાંતો 42
❀ ગેર મુક઼લ્લિદોના કેટલાક ગુપ્ત રહસ્યો 62
❀ ગેર મુક઼લ્લિદોના ચાલીસ ફરેબ 68
❀ હુઝૂર સૈયદના ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ નું
સંક્ષિપ્ત જીવનચરિત્ર 80

# અર્પણ

તે તમામ મુસલમાનોના નામે જે અહલે સુન્નત વ જમાઅત પૈકી છે અને ચારે ઈમામ **હુઝૂર સૈયદના ઈમામે આ'ઝમ અબૂ હનીફા, હુઝૂર સૈયદના ઈમામ શાફઈ, હુઝૂર સૈયદના ઈમામ માલિક અને હુઝૂર સૈયદના ઈમામ અહમદ બિન હમ્બલ** رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના દામનથી સંબંધિત થઈને તેમની તક઼લીદે અનુસરે છે અને ગૈર મુક઼લ્લિદોથી દૂર રહે છે.

અને **શોઅબુલ ઔલિયા હુઝૂર સૈયદના શાહ મુહમ્મદ યારઅલી સાહબ કિ઼બ્લા** رحمۃ اللہ علیہ (મૃત્યુ : હિ.સ. ૧૩૮૭)ના નામે જેમણે પોતાના રૂશ્દો હિદાયત અને મહાન દીની ઈદારા દારુલ ઉલૂમ ફૈઝુર્રસૂલની સ્થાપ્નાથી ઉત્તર પૂર્વ યુ.પી.માં ગૈર મુક઼લ્લિદો (અહલે હદીષો)ના ઉમટતા પૂરને અટકાવી દીધું.

*–(મુફ્તી) જલાલુદ્દીન અહમદ અમજદી*

## બે બોલ...

ગૈર મુક઼લ્લિદો જે પોતાને અહલે હદીષ અને સલફી કહે છે તે પોતાનો નવો મઝહબ ફેલાવવા માટે અરબ દેશોમાંથી પૈસા લાવીને નિત નવા ફિત્ના ઊભા કરતા રહે છે. એ જ ફિત્નાઓ પૈકી એક તેમની કિતાબ "હક઼ીક઼તુલ ફિકહ" પણ છે. જે ગૈર મુક઼લ્લિદ મોલ્વી યુસૂફ જયપુરીએ લખી છે. અને બીજા ગૈર મુક઼લ્લિદ મોલ્વી દાઉદના સુધારા વધારા સાથે મુંબઈથી પ્રગટ થઈ છે. અને આરંભથી અંત સુધી મક્રો ફરેબથી (ધોકા પ્રપંચથી) ભરેલી છે.

થોડાક વર્ષો પહેલાં આ કિતાબના ફરેબને જાહેર કરવા માટે મને કહેવામાં આવ્યું પરંતુ હું પોતાની વ્યસ્તતાના કારણે તેના પ્રત્યે ધ્યાન આપી શક્યો નહીં, પરંતુ હાલમાં જ જ્યારે ગૈર મુક઼લ્લિદોએ ત્રણ તલાકથી એક જ તલાક પડવાનો નવો ફિત્નો ઊભો કર્યો તો અમોએ તેમના કુફ્રી અને ગુમરાહકુન અક઼ીદા આ કિતાબમાં લખી દીધા. તેમની મક્કારીઓના પડદા ચીરી નાખ્યા. તેમના ગુપ્ત રહસ્યો જાહેર કર્યાં અને અંતમાં મઝકૂર કિતાબ "હક઼ીક઼તુલ ફિક઼હ"ના ચાલીસ (૪૦) ફરેબ પણ લખી નાખ્યા કે જેથી મુસલમાનો આ ગુમરાહ ફિર્ક઼ાથી દૂર રહે, તેમના ફિત્નામાં ફસાય નહીં અને ન આ નવા મઝહબની સગવડો નિહાળીને તેના તરફ આકર્ષિત થાય.

દુઆ છે કે ખુદાએ ﷻ આ કિતાબને મુસલમાનો માટે લાભપ્રદ બનાવે, તેમને ગૈર મુક઼લ્લિદોના ફિત્નાથી સુરક્ષિત રાખે અને મારા માટે આખેરતનું ભાથુ બનાવે. આમીન.

**જલાલુદ્દીન અહમદ અમજદી**

૨૫, મોહર્રમ, હિ.સ. ૧૪૧૫, તા. ૬–જુલાઈ–૧૯૯૪

# પ્રસ્તાવના....

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا نَبِیَّ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَارَسُوْلَ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیْکَ یَا نُوْرَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَاحَبِیْبَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْکَ وَسَلَّمَ

આ કિતાબના લેખક હઝરત અલ્લામા મુફ્તી જલાલુદ્દીન અહમદ અમજદી સાહેબ ચાલુ સાલે રમઝાન શરીફમાં દારુલ ઉલૂમ શાહેઆલમ (અહમદાબાદ)માં તશરીફ લાવ્યા તો તેમણે પોતાની આ ઉર્દૂ કિતાબ અમને આપીને એવી ઈચ્છા પ્રગટ કરી કે આનો ગુજરાતી અનુવાદ કરાવીને પ્રગટ કરવામાં આવે. આપની ઈચ્છાને માન આપીને અમોએ તેનો ગુજરાતી અનુવાદ કરીને હુસૈની કમિટી (મોરબી) મારફત છપાવવાનો નિર્ણય કર્યો. ખુદાના ફઝલો કરમ તથા આકાએ દો જહાં ﷺની નઝરે ઈનાયતથી તે કામ પૂર્ણતાએ પહોંચતાં તે કિતાબનો અનુવાદ આપની સમક્ષ રજૂ કરવા સદભાગી થયા છીએ.

મઝકૂર કિતાબમાં ગૈર મુક઼લ્લિદો એટલે અહલે હદીષ ફિર્ક઼ાના ઢોલની પોલ ખોલવામાં આવી છે. તેઓ પોતાને અહલે હદીષ એટલે હદીષવાળા જાહેર કરે છે, પરંતુ વાસ્તવમાં તે એક ફરેબ છે. વહાબીઓ જેમ પોતાને ડાયેક્ટવાળા જાહેર કરે છે તેમ આ ગૈર મુક઼લ્લિદો અહલે

હદીષ પણ પોતે ડાયરેક્ટ હદીષથી જ મસાઈલ હલ કરવાના દાવેદાર છે. તેઓ ફિક઼્હની કોઈ કિતાબ અથવા ઈમામોને માનતા નથી. તેઓ કહે છે કે હદીષની હાજરીમાં અમારે કોઈ ઈમામની જરૂરત નથી. જો કે હદીષને સમજવા માટે આપણે જો ઈમામોના માર્ગદર્શન વગર સમજવાની કોશિશ કરીશું તો ગુમરાહ થઈ જવાનો પૂરેપૂરો સંભવ છે. ઈમામોએ જ પોતાની ફિક઼્હી સમજના આધારે હદીષોને સાચા અર્થમાં સમજાવી છે, એક આમ ઈન્સાનનું કામ નથી કે હદીષના ભાવાર્થને સાચી રીતે સમજી શકે. અને એ જ કારણે અહલે હદીષ સાચા માર્ગથી ભટકી જઈને ગુમરાહીની ગર્તામાં જઈ પડયા છે.

મઝકૂર કિતાબ આપને તેમના ગુમરાહકુન અક઼ીદાઓથી વાકેફ કરીને સાચા સુન્ની અક઼ીદાઓને સમજવાની અને તેના પર ચાલવાની પ્રેરણા આપશે અને ગૈર મુક઼લ્લિદ અહલે હદીષ વહાબીઓની જાળમાં ફસવાથી બચાવશે. અલ્લાહ તૌફીક બખ્શે.

તા. ૨૦/૦૫/૧૯૯૫ 
અહમદાબાદ

**ખાકસાર**
**ડોસુભાઈ કે. પહોંચીયા**
*(નક઼શબંદી, મુજદિદ્દી)*

તા.ક. આ કિતાબમાં જાણે અજાણે અનુવાદમાં કોઈ ગલ્તી રહી ગઈ હોય તો અમારું ધ્યાન દોરવામાં આવશે તો કમિટીના બીજા પ્રકાશનમાં તેને સુધારી દેવામાં આવશે. (ઈન્શા અલ્લાહ !)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَارَسُوۡلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیۡكَ یَاحَبِیۡبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَیۡكَ یَا نُوۡرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیۡكَ وَسَلَّمَ

**આ ઉમ્મત ૭૩ મઝહબોમાં વહેંચાઈ જશે.**
**જેમાં કેવળ એક મઝહબ જન્નતી હશે**

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. સરકારે અકદસ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

''બની ઈસરાઈલ ૭૨ મઝહબોમાં વહેંચાઈ ગઈ અને મારી ઉમ્મત ૭૩ મઝહબોમાં વહેંચાઈ જશે. તેઓમાં એક મઝહબવાળા સિવાય બાકીના તમામ મઝહબોવાલા જહન્નમી હશે.

સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તે એક મઝહબવાળા કોણ છે ? (અર્થાત તેમની આળખાણ શું છે ?) હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''તે લોકો એ જ મઝહબ પર કાયમ રહેશે જેના પર હું છુ અને મારા સહાબા છે.''

*–(તિર્મિઝી પેજ–૮૯, મિશ્કાત પેજ–૩૦)*

આ હદીષ શરીફથી સ્પષ્ટ રીતે જણાયું કે હુઝૂર સૈયદે આલમ

ﷺની આ ઉમ્મત ૭૩ મઝહબોમાં વહેંચાશે. પરંતુ તેઓમાં કેવળ એક મઝહબવાળા જન્નતી હશે બાકીના સૌ જહન્નમી હશે અને જન્નતી મઝહબવાળાઓની ઓળખ એ છે કે તેઓ હુઝૂર ﷺ અને તેમના સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیہم اجمعینના નક઼શે ક઼દમ પર ચાલશે અને તેમના અક઼ીદા પર અડીખમ રહેશે.

## તસર્રૂફ તથા ઈખ્તિયાર સંબંધે હુઝૂર તથા સહાબાએ કિરામનો અક઼ીદો

**(૧)** હઝરત અનસ رضی الله عنہથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું, "મક્કાવાળાઓએ રસૂલુલ્લાહ ﷺને કહ્યું કે આપ કોઈ મોઅજિઝો દેખાડો, તો હુઝૂરે ચંદ્રના બે ટુકડા કરીને તેમને દેખાડયા, ત્યાં સુધી કે મક્કાવાળાઓએ હેરા પહાડને ચંદ્રના બે ટુકડાઓની વચ્ચે નિહાળ્યો."

*–(બુખારી, ૧/૫૪૬)*

**(૨)** અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی الله عنہથી મરવી છે, તેમણે ફર્માવ્યું કે સુલેહ હુદૈબિયાના દિવસે લોકો તરસ્યા હતા અને હુઝૂર ﷺની પાસે એક પ્યાલો હતો. જેનાથી આપે વુઝૂ કર્યું તો લોકો આપના તરફ દોડયા. હુઝૂર ﷺએ ફર્માવ્યું, શું વાત છે ? લોકોએ અરજ કરી અમારા પાસે વુઝૂ કરવા અને પીવા માટે પાણી નથી, ફક્ત એટલું જ છે જે આપની સમક્ષ છે.

"હુઝૂર ﷺએ પોતાનો મુબારક હાથ તે પ્યાલામાં મૂકી દીધો તો આપની આંગળીઓની વચ્ચેથી ઝરણાંઓની જેમ પાણી ઉછળવા લાગ્યું. હઝરત જાબિર رضی الله عنہનું બયાન છે કે અમે તમામ લોકોએ પાણી પીધું અને વુઝૂ કર્યું. હઝરત સાલમ رضی الله عنہ ફર્માવે છે કે અમોએ હઝરત જાબિર

رضی اللہ عنہને પૂછયું, આપ લોકોની સંખ્યા કેટલી હતી ? તેમણે કહ્યું, જો અમો એક લાખ પણ હોત તો પણ તે પાણી કાફી (પૂરતુ) થતું. તે સમયે તો અમારી સંખ્યા પંદરસો હતી. *(બુખારી શરીફ, ૧/૫૦૫)*

**(૩)** અને હઝરત સુહેલ બિન સઅદ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું, કાલે હું આ ઝંડો જરૂર તે શખ્સને આપીશ જેના હાથો પર અલ્લાહ તઆલા ફતહ અતા કરશે. લોકો સમસ્ત રાત હસરત (અભિલાષા)માં રહ્યા કે જોઈએ સવારે કયા ખુશનસીબ (સદભાગી)ને ઝંડો અતા કરવામાં આવશે. જ્યારે સવાર થઈ તો દરેક એ તમન્ના સાથે હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયો કે ઝંડો તેને અર્પણ થાય. આપે ફર્માવ્યું, ''અલી બિન તાલિબ ક્યાં છે ? લોકોએ જવાબ આપ્યો. યા રસૂલલ્લાહ ! ﷺ તેમની આંખો દુઃખે છે. આપે ફર્માવ્યું, તેમને બોલાવી લાવો. આથી તેમને આપની ખિદમતમાં લાવવામાં આવ્યા. તો આપે તેમની આંખોમાં લુઆબે દહન (થુંક) લગાવી દીધું અને તેમના માટે દુઆ કરી તો તેઓ એવી રીતે તંદુરસ્ત થઈ ગયા જાણે તેમને કોઈ તકલીફ જ થઈ ન હતી.''

*–(બુખારી શરીફ, જિલ્દ–૧ પેજ–૫૨૫)*

**(૪)** અને હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہથી રિવાયત છે કે જ્યારે હઝરત અબ્દુલ્લાહ બિન અતીક رضی اللہ عنہ અબૂ રાફેઅ યહૂદીને (જે હુઝૂર ﷺનો મોટો દુશ્મન હતો) કતલ કરવા પછી તેના ઊંચા મકાનથી ઉતરવા લાગ્યા તો નિસરણી પરથી પડી ગયા અને તેમની પીંડલી તૂટી ગઈ. તેમણે એ જ વખતે પોતાની પાઘડીથી બાંધી લીધી, અને હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈને પોતાની વિતક બયાન કરી. તેઓ ફર્માવે છે કે હુઝૂર ﷺએ હુકમ આપ્યો :–

"પોતાનો પગ લાંબો કરો ! મેં લાંબો કરો દીધો. તો હુઝૂર ﷺએ જ્યારે તેના પર પોતાનો મુબારક હાથ ફેરવી દીધો તો એવો થઈ ગયો જાણે તેમાં સર્વથા તકલીફ જ થઈ ન હતી. *(બુખારી, ૨/૫૭૭)*

**(૫)** અને હઝરત અબૂ રાફેઅ رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે કહ્યું કે મારા પાસે એક બકરી હદિયા તરીકે મોકલવામાં આવી. મેં તેને હાંડલીમાં નાખી પછી રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા. ફર્માવ્યું, "અબૂ રાફેઅ ! આ શું છે ?" અર્ઝ કરી, આ બકરી છે જે અમને હદિયા તરીકે મળી છે. પછી અમોએ તેને હાંડલીમાં પકાવી. હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે અબૂ રાફેઅ ! અમને એક રાંગ આપો. મેં રાંગ રજૂ કરી દીધી પછી ફર્માવ્યું, બીજી રાંગ પણ આપો ! મેં બીજી રાંગ પણ રજૂ કરી દીધી. પછી ફર્માવ્યું, "હે અબૂ રાફેઅ ! બીજી રાંગ લાવો, અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ બકરીની બે જ રાંગો હોય છે !

તો રસૂલુલ્લાહ ﷺએ તેમને ફર્માવ્યું, જો તમે ચૂપ રહેતા તો અમને રાંગ પર રાંગ આપતા રહેતા જ્યાં સુધી કે ચુપ રહેતા.

*–(અહમદ, દારમી, મિશ્કાત, પેજ નં. : ૪૧)*

**(૬)** અને હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે. તેમણે કહ્યું કે અલ્લાહના રસૂલ ﷺએ મને ઈર્શાદ ફર્માવ્યો, "હે આઈશા ! જો હું ઈચ્છું તો મારા સાથે સોનાના પહાડ ચાલે."

*–(મિશ્ક઼ાત શરીફ, પેજ : ૫૨૧)*

**(૭)** અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલે કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "હે લોકો ! ખુદા તઆલાએ તમારા પર હજ્જ ફર્ઝ કરી છે. હઝરત અકરઅ બિન હાબિસ رضی اللہ عنہએ ઊભા થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું દરેક વર્ષે હજ્જ ફર્ઝ છે ? ફર્માવ્યું,

"જો હું હા કહી દઉં તો દર વર્ષે હજ્જ ફર્ઝ થઈ જાય અને જો દર વર્ષે ફર્ઝ થઈ જાય તો તમે તેને અદા કરવાની શક્તિ ધરાવતા નથી."

*–(અહમદ, નિસાઈ, દારમી, મિશ્કાત, પેજ નં. ૨૨૨)*

કોઈ વસ્તુને સત્ય સમજીને દિલમાં બેસાડેલ યક઼ીન (શ્રદ્ધા)ને ઈમાન તથા અક઼ીદો કહે છે, તો હુઝૂર સૈયદે આલમ ﷺ જેવી રીતે ખુદા તઆલાની વહદાનિયત (એકત્વ) અને પોતાની રિસાલત પર ઈમાન તથા અક઼ીદો ધરાવે છે એ જ પ્રમાણે એ વાત પર પણ તેઓ અક઼ીદો ધરાવે છે કે ખુદા તઆલાએ મને જગતમાં તસર્રુફ (અધિકાર)ની શક્તિ બખ્શી છે. એટલા માટે જ આપે મક્કાના કાફિરોની માગણી પર ઈશારો કરીને ચંદ્રના બે ટુકડા કરી દીધા. જો હુઝૂર ﷺનો એવો અક઼ીદો ન હોત તો ઈશારો કરવું તો બહુ મોટી વાત છે, આપ એક ક્ષણ માટે તેવું વિચારી પણ શકતા ન હતા. પણ જરૂરત પર આંગળીઓમાંથી દરિયા વહાવી હુઝૂર ﷺએ અમલી રીતે પોતાનો આ અક઼ીદો સાબિત કરી દીધો કે ખુદા તઆલાએ મને તેની તાકત તથા શક્તિ અર્પી છે.

અને હઝરત અલી كرم الله وجهه الكريم ની આંખમાં થૂંક લગાડીને અને હઝરત અબ્દુલ્લાહ બિન અતીક رضي الله عنه ની તૂટેલી પિંડલી પર મુબારક હાથ ફેરવીને સ્પષ્ટ રીતે પોતાનો એ અક઼ીદો પુરવાર કરી દીધો કે ખુદા તઆલાએ મને તસર્રુફની તે શક્તિ પ્રદાન કરી છે કે હું પોતાના થૂંકથી બીમારીઓ નષ્ટ કરી દઉં છું અને તૂટેલ હાડકા પર કેવળ પોતાનો હાથ ફેરવીને વગર પ્લાસ્ટરે તત્કાળ સાજો કરી દઉં છું. અને હઝરત અબૂ રાફેઅ رضي الله عنه ને સ્પષ્ટ શબ્દોમાં પોતાનો તે અક઼ીદો જાહેર કર્યો કે ભલે એક બકરીમાં બે જ રાંગ હોય છે, પરંતુ હું માગતો રહું અને રજૂ કરનાર

આપવાનો ઈરાદો કરતો રહે તો એક જ બકરીના માંસથી હજારો રાંગો પ્રકટ થતી રહેશે !

અને હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ને સ્પષ્ટ શબ્દોમાં પોતાના તે અક઼ીદાથી સાવચેત ફર્માવ્યાં કે ખુદા તઆલાએ મને તે ઈખ્તિયાર અતા કર્યો છે કે હું ઈચ્છુ તો મારી સાથે સોનાના પહાડ ચાલે અને હુઝૂર ﷺએ સહાબાએ કિરામ رضوان اللہ تعالٰی علیہم اجمعین પર પોતાનો એ અક઼ીદો જાહેર કર્યો કે ખુદા તઆલાએ મને તે મર્તબો અર્પણ કર્યો છે કે જો કે હજ્જ જિંદગીમાં કેવળ એક વખત ફર્ઝ છે પરંતુ તે સવાલ પર કે શું દરેક વર્ષે હજ્જ ફર્ઝ છે, જો હું હા કહી દઉં તો દરેક વર્ષે હજ્જ ફર્ઝ થઈ જાય.

અને હઝરત અનસ, હઝરત જાબિર, હઝરત આઈશા સિદ્દીક઼ા અને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ વગેરે જે સહાબાએ કિરામ رضوان اللہ تعالٰی علیہم اجمعین એ ઉપરોક્ત હદીષોને રિવાયત કરી છે તેના પરથી એ જાણી શકાયું કે તેમનો પણ એ જ અક઼ીદો છે કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ પ્યારા મુસ્તફા ﷺને દુનિયામાં તસર્રુફ કરવાનો ઈખ્તિયાર બખ્શ્યો છે. જો સહાબાએ કિરામ رضوان اللہ تعالٰی علیہم اجمعین નો એવો અક઼ીદો ન હોત તો તેઓ આ હદીષોને બયાન જ કરતા નહીં.

## તસર્રુફ તથા ઈખ્તિયાર સંબંધે ગૈર મુક઼લ્લિદોનો અક઼ીદો

તસર્રુફ તથા ઈખ્તિયાર સંબંધે (કહેવાતા અહલે હદીષ) ગૈર મુકલ્લિદોનો અક઼ીદો હુઝૂર علیہ الصلوٰۃ والسلام અને સહાબાએ કિરામ رضوان اللہ تعالٰی علیہم اજمعین ના અક઼ીદાની વિરુદ્ધ છે. જેમ કે તેમના પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ 'તક઼વિયતુલ ઈમાન' (કૈયૂમી પ્રેસ, કાનપુર)ના પેજ નં. ૫ પર લખ્યું કે, "અલ્લાહ સાહબે કોઈને દુનિયામાં તસર્રુફ

કરવાની કુદરત (શક્તિ) આપી નથી.''

પછી પેજ નં. ૬ પર લખ્યું કે, ''નાના મોટા સૌ તેના આજિઝ બંદા છે. વિરતામાં બરાબર.''

પછી પેજ નં. ૧૭ પર લખ્યું કે, ''અંબિયા તથા ઔલિયાને જે અલ્લાહે સૌ લોકોથી મોટા બનાવ્યા જેથી તેમનામાં મોટાઈ એ જ હોય છે કે અલ્લાહનો રાહ (માર્ગ) બતાવે છે અને સારા નરસા કામોથી વાકેફ છે....એ વાતની તેમનામાં કોઈ મોટાઈ નથી કે અલ્લાહે તેમને જગતમાં તસર્રુફ કરવાની કાંઈ કુદરત આપી હોય.''

અને પછી એ જ પેજ નં. ૧૭ પર લખ્યું છે કે, ''સૌ બંદા મોટા અને નાના આજિઝ (વિવશ) છે અને બે ઈખ્તિયાર.'' અને પેજ નં. ૧૯ પર લખી દીધું કે, ''જો કોઈ મખ્લૂક઼ને જગતમાં તસર્રુફ સાબિત કરે..... તેના પર શિર્ક સાબિત થઈ જાય છે. ભલે અલ્લાહના બરાબર (સમાન) ન સમજે.''

અને પછી પેજ નં. ૨૮ પર એમ લખ્યું કે, ''જેનું નામ 'મોહમ્મદ' અથવા 'અલી' છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી.'' અને પછી પેજ નં. ૪૦ પર લખ્યું કે, ''રસૂલના ચાહવાથી કાંઈ થતું નથી.'' અને પછી પેજ નં. ૪૨ પર લખ્યું કે, ''ઔલિયા તથા અંબિયા જેટલા અલ્લાહના મુક઼ર્રબ (નિકટતમ) બંદા છે તે સૌ ઈન્સાન જ છે અને લાચાર બંદા.''

''તક઼વિયતુલ ઈમાન''નાં મઝકૂર લખાણોથી સારી રીતે સ્પષ્ટ થઈ ગયું કે તસર્રુફ તથા ઈખ્તિયારના સંબંધે જે હુઝૂર અને સહાબાનો અક઼ીદો છે તેનાથી ગેર મુક઼લ્લિદોનો અક઼ીદો વિરુદ્ધ છે અને એ જ તેમના જહન્નમી ફિર્ક઼ો હોવાની ખુલ્લી સાબિતી છે.

## રસૂલની ઈજ્જત અને ઈલ્મે ગૈબ વગેરે સંબંધે હુઝૂર તથા સહાબાએ કિરામનો અક઼ીદા

وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ "અને ઈજ્જત તો અલ્લાહ અને તેના રસૂલ અને મુસલમાનો માટે જ છે." *(સૂરએ મુનાફિકૂન, આ. ૮)*

અને પારા : ૩૦માં ઈર્શાદ ફર્માવ્યો :–

وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ "અને અમોએ તમારા માટે તમારું ઝિક્ર બુલંદ કરી દીધું." *(સૂરએ અશ્શરહ, આ.૪)*

અને પારા ૨૨માં હઝરત મૂસા علیہ السلام સંબંધે ઈર્શાદ ફર્માવ્યો :–

وَكَانَ عِنْدَ اللّٰهِ وَجِيْهًا "અને મૂસા (علیہ السلام) અલ્લાહના ત્યાં ઈજ્જતવાળા છે." *(સૂરએ અહઝાબ, આ. ૬૯)*

અને પારા : ૩માં હઝરત ઈસા સંબંધે ઈર્શાદ ફર્માવ્યો :–

وَجِيْهًا فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ "ઈસા (علیہ السلام) દુનિયા તથા આખેરતમાં ઈજ્જતવાળા છે." *(સૂરએ આલે ઈમ્રાન, આ. ૪૯)*

**(૧)** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું :–

"રસૂલુલ્લાહ ﷺએ અમોને ઝોહરની નમાઝ પઢાવી અને સફોની આખિરમાં એક શખ્સ હતો તેણે નમાઝ ખરાબ રીતે પઢી. જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ સલામ ફેરવી તો તેને કહ્યું, ફલાણા ! શું અલ્લાહથી ડરતો નથી ?! શું દેખતો નથી કે કેવી રીતે નમાઝ પઢે છે ? તમે એમ સમજો છો કે મારા પર તમારો કોઈ અમલ છાનો રહે છે ? ખુદાની કસમ ! હું પાછળ પણ એ જ પ્રમાણે જોઉં છું જેવું કે પોતાના આગળ દેખું છે."

*(મિશ્કાત શરીફ, પેજ : ૭૭)*

વિચાર કરો ! હદીષ શરીફમાં "ફી મુઅખ્ખિરે અસ્સફફે" નથી કે પહેલી સફના અંતમાં મજકૂર શખ્સ હતો તો હુઝૂરે આંખના ખૂણાથી તેને જોઈ લીધો. "ફી મુવખ્ખિરે અસસફૂફે" છે. અર્થાત તે શખ્સ છેલ્લી સફમાં હતો પરંતુ હુઝૂર ﷺએ પોતાની પીઠ પાછળથી તેને જોઈ લીધો.

(૨) અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "ખુદાની કસમ ! તમારો રુકૂઅ અને ખુશૂઅ મારાથી ગુપ્ત નથી. હું પીઠના પાછળ પણ જોઉં છું."

*–(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ નં. ૫૯ તથા ૧૦૨)*

(૩) અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું, "નબી કરીમ علیہ السلام મદીના અથવા મક્કાના બગીચાઓમાં કોઈ બગીચામાં તશરીફ લઈ ગયા તો બે આદમીઓનો અવાજ સાંભળ્યો, જેમના પર તેમની ક઼બ્રમાં અઝાબ થઈ રહ્યો હતો. આપે ફર્માવ્યું, તે બંને પર અઝાબ થઈ રહ્યો છે. પરંતુ કોઈ મોટી વાત પર નહીં. પછી ફર્માવ્યું, હા ! (ખુદા તઆલાના નજીક મોટી વાત છે.) તેઓમાંથી એક તો પોતાના પેશાબથી બચતો ન હતો અને બીજો ચુગલખોર હતો."

*–(બુખારી શરીફ, ૧/૩૫)*

(૪) અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે, રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહે મારા માટે દુનિયાના પડદા (આવરણો) ઉઠાવી દીધા છે. તો હું દુનિયાને અને જે કાંઈ પણ તેમાં ક઼યામત સુધી થનારું છે સૌને એવી રીતે દેખું છું જોઉં કે પોતાની આ હથેળીને." *(ઝુર્કાની અલલ મવાહિબ, ૧/૨૩)*

(૫) અને હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "બેશક ! ખુદા તઆલાએ જમીન પર અંબિયાએ કિરામ (علیہم السلام)ના શરીરોને ખાવું (નષ્ટ કરી દેવું) હરામ કરી દીધું છે. તો અલ્લાહના નબી જીવંત છે, તેમને રોજી આપવામાં આવે છે." *(ઈબ્ને માજા, મિશ્કાત, પેજ : ૧૨૧)*

(૬) અને હઝરત ઔસ બિન ઔસ رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે અક઼દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : "ખુદા તઆલાએ અંબિયાએ કિરામ(علیہم السلام)ના શરીરોને જમીન માટે ખાવું હરામ કરી દીધું છે." *(અબૂ દાઊદ, નિસાઈ, દારમી, ઈબ્ને માજા, મિશ્ક઼ત શરીફ, પેજ : ૨૦)*

અલ્લાહ તઆલાના ફર્માન પર હુઝૂર ﷺ અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینનો અક઼ીદો બીજા મુસલમાનો કરતાં કેટલો એ ચઢીયાતો છે. તો કુર્આન મજીદની મઝકૂર ઉપરોક્ત આયતોથી જણાયું કે હુઝૂર ﷺનો અક઼ીદો છે કે ખુદા તઆલાની નઝદીક મારી ઈજ્જત છે, બાકી મારા કારણે મુસલમાનોની પણ ઈજ્જત છે. અને અલ્લાહ તઆલાની બારગાહમાં મારો તે મર્તબો (દરજ્જો) છે કે તેણે મારી રઝા (ખુશી) માટે મારા ઝિક્રને બુલંદ કર્યું. અને હઝરત મૂસા علیہ السلام તથા હઝરત ઈસા علیہ السلام વગરે સઘળા અંબિયાએ કિરામ ખુદા તઆલાના નઝદીક દુનિયા તથા આખેરતમાં ઈજ્જત તથા અઝમતવાળા છે. અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینનો પણ એ જ અક઼ીદો છે.

અને ઉપરોક્ત હદીષોથી જણાયું કે હુઝૂર સૈયદે આલમ ﷺએ સહાબાએ કિરામને સાફ શબ્દોમાં પોતાનો એ અક઼ીદો સ્પષ્ટ કરી દીધો કે જેવું હું પોતાના આગળ જોઉં છું એ જ પ્રમાણે પાછળ પણ જોઉં છું. મારા જોવા માટે વચ્ચેની કોઈ વસ્તુ રુકાવટ નથી બની શકતી, ત્યાં

સુધી કે ખુશૂઅ (એકાગ્રતા) જે દિલની એક કૈફિયતનું નામ છે તે પણ મારાથી ગુપ્ત નથી, બલ્કે જમીનની અંદર આદમીઓ પર થનારા અઝાબને જોઈ લઉં છું. અને એ પણ જાણું છું કે તેમના પર અઝાબ કેમ થઈ રહ્યો છે. અને ચોથી હદીષમાં હુઝૂર ﷺએ પોતાના તે અક઼ીદાને સ્પષ્ટ શબ્દોમાં બયાન કર્યો કે ક઼યામતના સુધી થનારી સઘળી ઘટનાઓને હું એવી રીતે જોઉં છું જેવું પોતાની હથેળીને, અર્થાત હું ગૈબ જાણું છું. અને ઉપરોક્ત હદીષોને રિવાયત કરવાવાળા સહાબાએ કિરામનો પણ નિઃશંક ! એ જ અક઼ીદો છે.

અને જો ક્યારેક કોઈ ગૈબ હુઝૂર ﷺએ બતાવ્યું નથી તો એટલા માટે કે તેનું જાહેર કરવું મસ્લેહતના વિરુદ્ધ હતું અથવા હુઝૂરનું તેના પર ધ્યાન ન હતું, જેવું કે સ્ટેશન પર ટ્રેનના આવવા જવાનો ચાર્ટ આંખોની સામે હોય છે પરંતુ જે ટ્રેનનો સમય આદમી જાણવા ઈચ્છે છે જ્યાં સુધી કે તેના પર ધ્યાન હોતું નથી જોઈ શકતો નથી.

અને છેવટની બંને હદીષોથી હુઝૂર ﷺ અને સહાબાનો તે અક઼ીદો સ્પષ્ટ રીતે જાણી શકાયો કે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام પોતાની ક઼બ્રોમાં જીવંત છે, એટલા માટે કે અલ્લાહે જમીનને તેમના શરીરોને ખાવું હરામ કરી દીધું છે.

*અંબિયા કો ભી મૌત આની હય*
*મગર ઐસી કે ફ઼ક઼ત આની હય*
*બસ ઉસી આન કે બાદ ઉનકી હયાત*
*મિષ્લે સાબિક઼ વહી જિસ્માની હય*

## રસૂલ ﷺની ઈજ્જત અને ઈલ્મે ગૈબ વગેરે સંબંધે ગેર મુક઼લ્લિદોના અક઼ીદા

રસૂલ ﷺની ઈજ્જત અને ઈલ્મે ગૈબ વગેરે સંબંધે ગેર મુક઼લ્લિદોના અક઼ીદા

રસૂલની ઈજ્જત સંબંધે ગેર મુક઼લ્લિદોનો અક઼ીદો અવલોકો. તેમના પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની "તક઼વિયતુલ ઈમાન" (ક઼ૈયૂમી પ્રેસ–કાનપુર)ના પેજ નં. ૧૦ પર લખ્યું છે : "યક઼ીન (ચોખ્ખુ) જાણી લેવુ જોઈએ કે દરેક મખ્લૂક઼ મોટો હોય કે નાનો તે અલ્લાહની શાન આગળ "ચમાર"થી પણ ઝલીલ છે."

અમો કહીએ છીએ કે હુઝૂર સૈયદે આલમ ﷺ ખુદા તઆલાની સમસ્ત મખ્લૂક઼માં સૌથી મહાન મખ્લૂક઼ છે. જે હુઝૂર ﷺને સૌથી મહાન મખ્લૂક઼ ન માને તે મુસલમાન નથી. અને બીજા અંબિયા તથા ઔલિયા વગેરે હુઝૂર ﷺથી નાની મખ્લૂક઼ છે. તો 'તક઼વિયતુલ ઈમાન' જે અંબિયા અને અવલિયાની શાન ઘટાડવા માટે લખવામાં આવી છે તેના ઉપરોક્ત લખાણનો અર્થ એ થયો કે અંબિયા તથા અવલિયામાં દરેક અલ્લાહ તઆલાની શાન સામે ચમાર કરતાં પણ અધિક ઝલીલ છે. અર્થાત ચમારની પણ કાંઈ ને કાંઈ થોડી ઘણી ઈજ્જત અલ્લાહની શાન આગળ છે, પરંતુ હુઝૂર સૈયદે આલમ ﷺ અને બીજા અંબિયા عَلَيْهِمُ السَّلَام તથા અવલિયા અલ્લાહ رحمة الله عليهم اجمعين ની શાન આગળ એટલી પણ ઈજ્જત તથા ઉચ્ચતા નથી જેટલી કે એક ચમારની ઈજ્જત તથા પ્રતિષ્ઠા છે !

અને એ જ કિતાબના પેજ નં. ૩૮ પર તો સ્પષ્ટ શબ્દોમાં લખી દીધું છે કે, "સૌ અંબિયા અને અવલિયા તેના રૂબરૂ એક તુચ્છ રજકણથી પણ કમતર (શુદ્રતમ) છે." (અલ્લાહની પનાહ !)

અને ઈલ્મે ગૈબ સંબંધે એ જ કિતાબનો પેજ નં. ૧૭ પર લખ્યું છે કે, ''સૌ બંદા મોટા હોય કે નાના (અર્થાત નબી હોય કે વલી વગેરે) સૌ સમાન બેખબર છે અને નાદાન.''

અને પેજ નં. ૪૦ પર સ્પષ્ટ શબ્દોમાં લખી દીધું કે, ''ગૈબની વાત અલ્લાહ જ જાણે છે, રસૂલને શું ખબર ?!''

અને એ જ કિતાબના પેજ નં. ૪૨ પર એક હદીષ લખ્યા પછી ફિતના તથા ફસાદનો ''ફ'' લખ્યો અને હુઝૂર ﷺ તરફથી તોહમત લગાડીને એમ લખી દીધું કે, ''હું પણ એક દિવસે મરીને માટીમાં મળનાર છું.'' 'તક઼વિયતુલ ઈમાન'ના એ જ લખાણની બુન્યાદ પર હુઝૂર ﷺ સંબંધે ગૈર મુક઼લ્લિદો એ અક઼ીદો ધરાવે છે કે (મઆઝલ્લાહ !) ''તેઓ મરીને માટીમાં મળી ગયા'' અને તેમના આ સઘળા અક઼ીદા હુઝૂર ﷺ તથા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના અક઼ીદાની વિરુદ્ધ છે અને એ જ તેમના જહન્નમી ફિર્કો હોવાની ખુલ્લી સાબિતી છે.

## સહાબાએ કિરામ અને તક઼લીદ

કુલ લગભગ એક લાખ ચોવીસ હજાર સહાબાએ કિરામ થયા. જેમનામાંથી કેવળ થોડાક સહાબી અર્થાત ચારે ખલીફા, હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ, હઝરત અબૂ મૂસા અશ્અરી, હઝરત મઆઝ બિન જબલ, હઝરત ઉબય બિન કઅબ, હઝરત ઝૈદ બિન ષાબિત અને હઝરત આઈશા સિદ્દીક઼ા વગેરે મુજતહિદ હતા, બાકીના સૌ તેમના મુક઼લ્લિદ હતા. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

એટલા માટે કે પાંચમાં પારામાં ખુદા તઆલાનો ઈર્શાદ છે :–

يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَاُولِى الْاَمْرِ مِنْكُمْ

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહતી ઈતાઅત (તાબેદારી) કરો અને રસૂલની ઈતાઅત કરો અને જે તમારામાં ઉલૂલ અમ્ર (ઈખ્તિયારવાળા) છે." *(સૂરએ નિસાઅ, આ. : ૫૯)*

આ આયતે કરીમામાં اُولِى الْاَمْرِથી મુરાદ ઉલ્મા છે, એટલા માટે કે બાદશાહો પર આલિમોની ફર્માંબરદારી વાજિબ છે અને આલિમો પર બાદશાહોની ફર્માંબરદારી વાજિબ નથી. *(તફસીરે કબીર, ૧/૨૭૪)*

અને આ આયતે કરીમાના સૌથી મોટા પ્રમાણ ચારે ખલીફા છે જે હુઝૂર ﷺના જાહેરી જમાનામાં હાકિમ ન હતા.

અને પછી પાંચમા પારામાં અલ્લાહ તઆલાનો આવી રીતે ઈર્શાદ છે :–

وَلَوْ رَدُّوْهُ اِلَى الرَّسُوْلِ وَاِلٰۤى اُولِى الْاَمْرِ مِنْهُمْ لَعَلِمَهُ الَّذِيْنَ يَسْتَنْۢبِطُوْنَهٗ مِنْهُمْ

"જે મામલો પેશ આવતો જો તેના માટે રસૂલ અને પોતાના આલિમો તરફ રજૂઅ કરતા તો જરૂર ખુદાનો હુકમ જાણી લેતા, તે જે પોતાના ચિંતનથી બારીક હુકમ કાઢતા હતા." *(સૂરએ નિસાઅ, આ. ૮૩)*

આ આયતે કરીમાથી સાફ જાહેર છે કે, "ઈસ્તંબાત" અર્થાત કુર્આન તથા હદીષથી ક઼યાસ કરીને મસાઈલ કાઢવા પર આલિમ જ કુદરત (શક્તિ) ધરાવે છે અને મુસલમાનોને તેમની તરફ રજૂઅ (તેમને અનુસરવા)નો હુકમ છે.

અને ચૌદમા પારામાં ખુદા તઆલાનો ઈર્શાદ છે :

فَسْـَٔلُوْۤا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ "હે લોકો ! જો તમો જાણતા

નથી તો ઈલ્મવાળાઓથી પૂછો.'' *(સૂરએ નહલ, આ. ૪૩)*

આ આયતે કરીમામાં ન જાણનારાઓ પર લાઝિમ (અનિવાર્ય) ઠરાવવામાં આવ્યું કે તેઓ જાણકારોથી પૂછે. માટે તે સહાબાએ કિરામ જે મદીના તૈયબહથી દૂર રહેતા હતા તેઓ હુઝૂર સૈયદે આલમ ﷺની જાહેરી જિંદગીમાં પણ પોતાના ત્યાંના સૌથી મોટા આલિમ સહાબીથી મસ્અલો પૂછીને તેમની તક઼લીદ કરતા હતા.

## તક઼લીદ કોને કહે છે ?

ઉર્ફ, લુગત (શબ્દકોશ) અને શરઈ પરિભાષામાં વગર આનાકાનીએ કોઈની વાત માની લેવાને તક઼લીદ કહે છે. જેથી જ્યારે કહેવામાં આવે છે કે ઝૈદ ફલાણાની તક઼લીદ કરે છે તો તેનો એ જ મતલબ હોય છે કે તે વિચાર્યા સમજ્યા વગર ફલાણાની વાત માને છે. અને અલ મુન્જિદ (અરબી ડિક્ષનરી)માં છે :

''ચિંતન મનન વગર તેણે તેની પેરવી કરી.'' અને ગ્યાસુલ લુગાતમાં છે : ''હક઼ીક઼ત જાણ્યા વગર કોઈની પેરવી કરવાને ફર્ઝ તરીક઼ે તક઼લીદ કહે છે.'' અને મિસ્બાહુલ લુગાતમાં છે : ''તેણે તેની ફલાણી વાતમાં ચિંતન મનન વગર પેરવી કરી.'' અને હઝરત અલ્લામા સૈયદ શરીફ જુરજાની رحمۃ اللہ علیہ લખે છે : ‘‘હુજ્જત તથા દલીલ વગર કોઈની વાત માની લેવાને તક઼લીદ કહે છે.’’

જેમ કે તે સહાબાએ કિરામ જે કોઈ દૂરના કબીલામાં રહેતા હતા તેમની તા'લીમ માટે સરકારે અક઼દસ ﷺ કોઈ આલિમ સહાબીને તેમના ત્યાં મોકલતા હતા. તો તે લોકો હુજ્જત તથા દલીલ વગર અને શરઈ હુકમની હક઼ીક઼ત પૂછ્યા વગર તે આલિમ સહાબીની વાત માનતા

હતા અને તેને જ તક઼લીદ કહે છે. અને જે સહાબા કે મદીના મુનવ્વરામાં રહેતા હતા પરંતુ તેઓ ઊંટો ચરાવવા, બગીચાઓમાં અને ખેતરોમાં કામ કરવા અથવા વેપાર વગેરેમાં મશગૂલ હોવાના કારણે હુઝૂર ﷺની બારગાહમાં અધિક હાજરી આપી શકતા ન હતા તેઓ જાણકાર સહાબાએ કિરામને પૂછીને તેમની પેરવી કરતા રહેતા હતા. અને જે હુઝૂર ﷺની ખિદમતમાં આસાનીથી હાજર થઈ શકતા હતા તેઓ દરેક મસ્અલામાં આપના જ તરફ રજૂઅ કરતા રહેતા હતા. પરંતુ જ્યારે હુઝૂર ﷺનો વિસાલ થઈ ગયો તો સઘળા સહાબાઓએ ખુદા તઆલાના હુકમ પર અમલ કરતાં મુજતહિદ સહાબા તરફ રજૂઅ કર્યું અને તેમની તક઼લીદ કરી. આવી રીતે એક લાખથી વધુ સહાબા મુક઼લ્લિદ થયા.

માટે હનફી, શાફઈ, માલિકી અને હંબલી સૌ સહાબાએ કિરામના જ રસ્તા પર ચાલતા મોટા મુજતહિદ આલિમોની પેરવી કરે છે અને કુર્આન તથા હદીષથી કાઢેલા મસાઈલમાં તેમની તક઼લીદ કરે છે કે અસલ મઝહબ સહાબાઓનો જ છે. તેમની અસલ (દલીલ) હદીષ છે અને હદીષની અસલ કુર્આન છે. આવી રીતે ઈમામોની તક઼લીદ સહાબાએ કિરામની જ પેરવી છે જે હુઝૂર ﷺના જાહેરી જમાનાથી જારી છે.

પરંતુ ગેર મુક઼લ્લિદો ચારે ઈમામોની તક઼લીદ (અનુસરણ)થી ઈન્કાર કરે છે. તેને ગુમરાહી ઠરાવે છે અને કેટલાક તેમનામાંથી તક઼લીદને શિર્ક ઠરાવે છે. જો કે તેમની જાહિલ પબ્લિક અને શિક્ષિત બધાય ગેર મુક઼લ્લિદો પોતાના મોલ્વીઓની તક઼લીદ જરૂર કરે છે !

## ગેર મુક઼લ્લિદોની તક઼લીદ

જો કે ગેર મુક઼લ્લિદો ચારે ઈમામોની તક઼લીદથી ઈન્કાર કરે છે પરંતુ તેમનામાંના નાના મોટા દરેક કોઈ ને કોઈની તક઼લીદ જરૂર કરે છે ! એટલા માટે કે જાહેર છે કે વેપાર કરનાર, ખેતરોમાં હળ ચલાવનાર અને ઘાસ વેચનાર તથા ગોવાળ વગેરે સઘળા ગેર મુક઼લ્લિદો કુર્આન તથા હદીષથી મસ્અલો કાઢવાની શક્તિ ધરાવતા નથી તો તેઓ પોતાના મોલ્વીઓ તરફ રજૂઅ કરે (તેમને અનુસરે) છે પછી તે (તેમના મોલ્વીઓ) જે પોતાના ક઼્યાસ (અટકળ)થી મસ્અલો બતાવે છે તેના પર તેઓ અમલ કરે છે. આ જ પ્રમાણે તેઓ પોતાના મોલ્વીઓની તક઼લીદ કરે છે.

ઉદાહરણ રૂપે એક ગેર મુક઼લ્લિદ તાંબાને પીતળથી વેચવા ઈચ્છે છે તો એકની બીજાના બરાબર અથવા ઓછું વત્તુ કરીને અને ઉધાર વેચવું જાઈઝ છે કે નહીં ? તેને માલૂમ કરવા માટે તેને પોતાના મોલ્વી તરફ રજૂઅ કરવું (તેને પૂછવું) પડશે. એટલા માટે કે આ મસ્અલાની સ્પષ્ટતા કુર્આન તથા હદીષમાં મોજૂદ નથી, તો ગેર મુક઼લ્લિદ મોલ્વી પોતે ક઼્યાસ કરીને (અનુમાન કરીને) મસ્અલો બતાવશે અને તેના પર અમલ કરાવશે. અને મુક઼લ્લિદ આલિમ કુર્આન તથા હદીષની રોશનીમાં પોતાના ઈમામના બતાવેલ નિયમ પર અમલ કરતાં તેના જાઈઝ અને નાજાઈઝ સ્વરૂપોને સ્પષ્ટ કરશે. આ જ પ્રમાણે **ગેર મુક઼લ્લિદ પોતાના પ્રદેશમાંના વર્તમાન મોલ્વીની તક઼લીદ કરે છે ! અને મુક઼લ્લિદ સમગ્ર જગતના માનેલા મુજતહિદ આલિમે દીનની તક઼લીદ કરે છે.**

અને જો એમ કહેવામાં આવે કે ગેર મુક઼લ્લિદોની પબ્લિક પોતાના મોલ્વીઓની તક઼લીદ નથી કરતા બલ્કે તેમની વાત માને છે, તો આ જૂઠ છે. એટલા માટે કે તે હુજ્જત તથા દલીલના પાત્ર નથી. માટે તે હુજ્જત તથા દલીલ વગર પોતાના મોલ્વીઓની વાત માને છે અને આવી રીતે કોઈની વાત માનવાને જ તક઼લીદ કહે છે. જેવું કે કિતાબોના હવાલાઓથી આગળ આવી ગયું છે.

અને રહી વાત તેમના મોલ્વીઓની તો તેઓ હુજ્જત તથા દલીલ વગર પોતાના મોટાઓની વાત માને છે. આ જ પ્રમાણે તેઓ ઈબ્ને તૈમિયા, ઈબ્ને ક઼ૈયિમ અને કાઝી શૌક઼ાનીની તક઼લીદ કરે છે. જેવું કે મશ્હૂર ગેર મુક઼લ્લિદ નવાબ વહીદુઝ્ઝમાં તેના પર અફસોસ જાહેર કરે છે. લખે છે :–

"અમારા અહલે હદીષ ભાઈઓએ ઈબ્ને તૈમિયા અને ઈબ્ને ક઼ૈયિમ અને શૌક઼ાની અને મોલ્વી ઈસ્માઈલ સાહબને દીનના ઠેકેદાર બનાવી રાખ્યા છે. જ્યાં કોઈ મુસલમાને તે બુઝુર્ગોની વિરુદ્ધ કોઈ કોલને અપનાવ્યો, બસ તેના પાછળ પડી ગયા ! બુરું ભલું કહેવા લાગ્યા. ભાઈઓ ! જરા વિચાર તો કરો અને ઈન્સાફ કરો કે જયારે તમોએ અબૂ હનીફા અને શાફઈની તકલીદ છોડી દીધી તો ઈબ્ને તૈમિયા અને ઈબ્ને ક઼ૈયિમ અને શૌક઼ાની જે તેમનાથી બહુ પાછળ પેદા થયા છે તેમની તક઼લીદની શું જરૂરત છે ?!" *(હયાતે વહીદુઝ્ઝમાં, પેજ : ૧૦૨)*

નવાબ વહીદુઝ્ઝમાંના આ લખાણથી સ્પષ્ટ રીતે જણાયું કે ગેર મુક઼લ્લિદો ઈમામ અબૂ હનીફા અને ઈમામ શાફઈ رضی اللہ عنہما ની તક઼લીદથી ઈન્કાર કરે છે પરંતુ ઈબ્ને તૈમિયા, ઈબ્ને ક઼ૈયિમ અને ક઼ાઝી શૌક઼ાનીની તક઼લીદ કરે છે.

## ગૈર મુક઼લ્લિદોથી કેટલાક સવાલો

ગૈર મુક઼લ્લિદ લોકો પોતાના મોલ્વીઓની તક઼લીદ કરે છે. અમારા આ દાવાને સાબિત કરવા માટે મોલ્વી અન્વારુલ્લાહ (મારફત સૂફી ઈશ્રત અલી સિદ્દીક઼ી, મસ્જિદ ઈમામબાડા નરકટ હાબાંસી જિલ્લા સિદ્ધાર્થનગર) અને મલિક મુહમ્મદ અઝહર શાદાબી (દવાખાના બયદોલા ચોરાહાડ તથા મરિયાગંજ જિલ્લા સિદ્ધાર્થનગર) તરફથી ગૈર મુક઼લ્લિદ મોલ્વીઓને નિમ્નલિખિત સવાલો પૂછવામાં આવ્યા :–

૦૧. તાંબાને પીત્તળથી બરાબર બરાબર (સમાન) રોકડમાં વેચવું જાઈઝ છે કે નહીં ?

૦૨. તાબાને પીત્તળથી બરાબર બરાબર ઉધાર વેચવું જાઈઝ છે કે નહીં ?

૦૩. તાંબાને પીત્તળથી ઓછુ વત્તું કરીને રોકડમાં વેચવું જાઈઝ છે કે નહીં ?

૦૪. તાંબાને પીત્તળથી ઓછું વત્તુ કરીને ઉધાર વેચવું જાઈઝ છે કે નહીં ?

અને કેટલાક ગૈર મુક઼લ્લિદ મોલ્વીઓથી એવી રીતે સવાલ સંક્ષિપ્તમાં કરવામાં આવ્યો કે તાંબાને પીત્તળથી બરાબર બરાબર અને ઓછા વત્તા કરીને ઉધાર અને રોકડથી વેચવું જાઈઝ છે કે નહીં ? અને કેમ કે ગૈર મુક઼લ્લિદોનો દાવો છે કે અમે કેવળ કુર્આન તથા હદીષ માનીએ છીએ. ક઼્યાસને માનતા નથી, એટલા માટે દરેક મોલ્વીની પાસે એ નોંધ પણ લખી દેવામાં આવી કે મસ્અલાના દરેક સ્વરૂપનો જવાબ કુર્આન તથા હદીષના હવાલાથી લખો.

એ સવાલો નિમ્નલિખિત ગેર મુક઼લ્લિદ સંસ્થાઓ અને મોલ્વીઓને મોકલવામાં આવ્યા :–

૦૧. સદર ઓલ ઈન્ડિયા અહલે હદીષ જામેઅ મસ્જિદ દિલ્હી (ઈન્ડિયા)

૦૨. જામેઅ સલફિયા બનારસ (યુ.પી.)

૦૩. ઉબેદુલ્લાહ રહમાની, પૂરારાની મુબારકપુર, જિલ્લા આઝમગઢ (યુ.પી.)

૦૪. મુદીર (તંત્રી) મઅહદુલ તા'લીમુલ ઈસ્લામી, ઝાકિર નગર (નવી દિલ્હી)

૦૫. મદ્રસા અહલે હદીષ સિરાજુલ ઉલૂમ, ક્રિષ્નાનગર (નેપાલ)

૦૬. મદ્રસા અહલે હદીષ ખૈરુલ ઉલૂમ, ડુમરીયાગંજ, જિ. સિદ્ધાર્થનગર (યુ.પી.)

૦૭. મદ્રસા અહલે હદીષ સિરાજુલ ઉલૂમ, બોન્ડીહાર, જિ. ગોન્ડા (યુ.પી.)

૦૮. મદ્રસા અહલે હદીષ રેવા, પોસ્ટ મલ્હવાર, હિલોર (યુ.પી.)

૦૯. મદ્રસા અહલે હદીષ નરકટહા, બાંસી, જિ. સિદ્ધાર્થનગર (યુ.પી.)

૧૦. મદ્રસા અહલે હદીષ બાંખીખાસ, જિ. સિદ્ધાર્થ નગર (યુ.પી.)

૧૧. અલ જામિઅતુલ મુહમ્મદિયહ્ મન્સૂર, માલેગાંવ, જિ. નાસિક (મહારાષ્ટ્ર)

૧૨. મદ્રસા અહલે હદીષ અટવા બાઝાર, સિદ્ધાર્થ નગર (યુ.પી.)

તેઓમાં છેલ્લા ઉલ્લેખાયેલા બે સિવાય કોઈએ સવાલોના જવાબો આપ્યા નથી. જે લોકોની પાસે કોઈના હાથે સવાલ મોકલવામાં આવ્યા

તેઓ પૈકીના કેટલાકોએ તો એવું કહીને જવાબ લખવાનો ઈન્કાર કરી દીધો કે અમારા મોટા હઝરતે ફર્માવ્યું છે કે કોઈ કટ્ટરપંથી સુન્નીના સવાલનો જવાબ લખવો નહીં ! અને કેટલાક લોકોએ એમ કહીને સવાલ પાછો મોકલી દીધો કે જામેઅ સલફિયા બનારસથી ફતવો મંગાવી લો. અને કેટલાક મોલ્વીઓએ પોતાની બીમારીનું બહાનું બનાવીને જવાબ દેવાથી છૂટકારો પ્રાપ્ત કરી લીધો. અને કેટલાક લોકોએ તો એમ કહ્યું કે આ સવાલનો જવાબ લખાવીને અમને ફસાવવ ઈચ્છો છો એટલા માટે અમો લખીશું નહીં ! અને જે લોકો પાસે પોસ્ટ મારફત સવાલ રવાના કરવામાં આવ્યો તેમણે ખામોશી ઈખ્તિયાર કરવા અને રદ્દીની ટોકરીમાં જવાબી કવરને નાખી દેવામાં જ પોતાની ભલાઈ સમજ્યા.

અલ જામિઅતુલ મુહમ્મદિયહ મન્સૂર, માલેગાંવના મુફતીએ સવાલનો જવાબ આપતા પહેલાં આ મસ્અલામાં આલિમોના મતભેદોનો ઉલ્લેખ કર્યો, પછી અંતમાં લખ્યું :–

*"મારા નજદીક જો તાંબા અને પીત્તળ સિક્કાના રૂપમાં હોય તો કેમ કે બંનેની જિન્સ (પ્રકાર) એક છે પરંતુ કિંમતનું કારણ એક છે એટલા માટે તેમને ઓછા વત્તાની સાથે તો વેચી શકીએ છીએ પરંતુ ઉધાર વેચી શકતા નથી. જેવું કે સોનાને ચાંદીથી વેચવાના સ્વરૂપમાં છે. પરંતુ સિક્કાના સ્વરૂપમાં ન હોય તો કેમ કે કિંમતનું કારણ હેતુ રહી જતો નથી અને પ્રકાર પણ અલગ અલગ છે. એટલા માટે ઓછા વત્તા સાથે અને રોકડ તથા ઉધાર બંને રીતે વેચી શકીએ છીએ."*

***લખનાર :*** *ફઝ્લુર્રહમાન અલમદની*
*અલ જામિઅતુલ મુહમ્મદિયહ*
*મન્સૂર–માલેગાંવ (૨૦–૧૨–૯૩)*

અને મદ્રસા અહલે હદીષ અટવા બાઝર જિ. સિદ્ધાર્થ નગરના મુફતીએ પણ જવાબમાં પ્રથમ આ મસ્અલાના સંબંધે આલિમાના મતભેદનો ઉલ્લેખ કર્યો, પછી તેના પછી લખ્યું :–

*"સવાલ જે ફતવાની રીતે કરવામાં આવ્યો છે તેમાં બે વિભિન્ન વસ્તુઓનું પરસ્પર વિનમિય બરાબર બરાબર અથવા ઓછા વત્તા સાથેની વાત કહેવામાં આવી છે. પરંતુ જો તે બે જિન્સ (પ્રકાર) છે તો તેમનું પરસ્પર રોકડ હોય કે ઉધાર બરાબર બરાબર હોય કે ઓછુ વત્તું દરેક સ્વરૂપમાં વેચવું જાઈઝ છે કે ઓબાદહ બિન સામિતની હદીષમાં ઘઉં અને જવને બે પ્રકાર (જાત) ગણવામાં આવેલ છે.*

**લખનાર**

*શહાબુલ્લાહ જંગ બહાદુર*

*૧૦–ડિસેમ્બર–૧૯૯૩*

ગૈર મુક઼લ્લિદોના આ બંને મોલ્વીઓએ ફતવામાં કુર્આનની આયત અને એવી કોઈ હદીષ રજૂ કરી નથી જેમાં તાંબાને પીતળથી વેચવાના જાઈઝ અને નાજાઈઝ સ્વરૂપોને સ્પષ્ટ શબ્દોમાં બયાન કરવામાં આવ્યા હોય. બલ્કે બંને મોલ્વીઓએ પોતાના ક઼યાસથી જવાબ આપ્યો છે કે મન્સૂર માલેગાંવના મુફતીએ જિન્સ અને કિંમતપણાની બુન્યાદ પર જાઈઝ અને નાજાઈઝ હોવાનો હુકમ લગાવ્યો છે. અને અટવા બાઝાર જિ. સિદ્ધાર્થ નગરના મુફતીએ હઝરત ઓબાદહ બિન સામિત رضی اللہ عنہની હદીષ પર ક઼યાસ કર્યો છે.

**નોટ** : ઈસ્લામમાં અરબી તારીખ તથા સન હઝરત ઉમર رضی اللہ عنہએ પ્રચલિત કરી અને ગૈર મુક઼લ્લિદોના પેશવા નવાબ સિદ્દીક઼

હસનખાં ભોપાલીએ ઈન્તિક઼ાતુર્રજીહના લગભગ પેજ નં. ૬૨ પર આપને સ્પષ્ટ ગુમરાહ બતાવ્યા છે. જેવું કે આ'લા હઝરતના રિસાલા ઈઝહારુલ હક્ક઼ના પેજ નં. ૧૧ પર છે. કદાચ એટલા માટે જ ગેર મુક઼લ્લિદોના બંને મોલ્વી મુફ્તી હોવા છતાં અરબી તારીખ તથા સન લખવાથી વિમુખતા કરી છે.

માટે ખુલ્લમ ખુલ્લા સાબિત થઈ ગયું કે એ જ ગેર મુક઼લ્લિદ જે ક઼યાસની વિરુદ્ધતા કરે છે અને એ જ કારણે ચારે ઈમામોને બુરા ભલા કહે છે અને તેમની તક઼લીદને હરામ તથા ગુમરાહી ઠરાવે છે એ જ ગેર મુક઼લ્લિદ મોલ્વી પોતે ક઼યાસ કરે છે અને પોતાના ક઼યાસ પર લોકોને અમલ કરાવે છે અને તેમના લોકો ચારે ઈમામોને છોડીને તેમની તક઼લીદ કરે છે !

અહીંયાથી એ વાત પણ સાબિત થઈ ગઈ જે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہએ લખી છે કે ઈમામોનો દામન જે ન થામે તે ક઼યામત સુધી કોઈ મતભેદવાળો મસ્અલો હદીષથી સાબિત કરી શકતા નથી જેનો દાવો હોય સામે આવે અને વધારે નહીં, તેની જ સાબિતી આપે કે કૂતરું ખાવું હલાલ છે કે હરામ ? કઈ હદીષમાં આવ્યું છે કે કૂતરુ ખાવુ હરામ છે ? આયતે તો ખાવાની હરામ ચીજોને કેવળ ચારમાં આધારિત ફર્માવ્યું છે. મુરદાર અને રગો (નસો)નું લોહી અને સુવ્વરનું માંસ અને તે જે ગેર ખુદાના નામ પર ઝુબહ કરવામાં આવે, તો કૂતરુ તો દર કિનાર સુવ્વરની ચરબી અને ગુર્દા અને હોજરી ક્યાંથી હરામ થશે ? કોઈ હદીષમાં તેમનું નિષેધ નથી અને આયતમાં "ફાહમ" ફર્માવ્યું છે જે તેમને સામેલ નથી. *(ફતાવા રઝવિય્યહ્, ૯/૭૨)*

## ગૈર મુક઼લ્લિદોની ગુમરાહીની એક સ્પષ્ટ સાબિતી

ખુદા તઆલાએ કુર્આન મજીદમાં મુસલમાનોને આવી રીતે દુઆ કરવાનો હુકમ આપ્યો છે :–

اِهۡدِنَا الصِّرَاطَ الۡمُسۡتَقِيۡمَ ۙ صِرَاطَ الَّذِيۡنَ اَنۡعَمۡتَ عَلَيۡهِمۡ ۙ غَيۡرِ الۡمَغۡضُوۡبِ عَلَيۡهِمۡ

"અમને સીધા રસ્તે ચલાવ, તે લોકોનો રસ્તો કે જેમના પર તેં એહસાન કર્યો." *(સૂરએ ફાતિહા)*

અને જેમના પર ખુદા તઆલાએ એહસાન કર્યો તેમનો ઉલ્લેખ પાંચમા પારામાં આવી રીતે છે :–

وَمَنۡ يُّطِعِ اللّٰهَ وَالرَّسُوۡلَ فَاُولٰٓـئِكَ مَعَ الَّذِيۡنَ اَنۡعَمَ اللّٰهُ عَلَيۡهِمۡ مِّنَ النَّبِيّٖنَ وَالصِّدِّيۡقِيۡنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيۡنَ ۚ

"જે અલ્લાહ અને તેના રસૂલની ફર્માંબરદારી કરે છે તો તે લોકોના સાથે હશે જેમના પર અલ્લાહ તઆલાએ એહસાન કર્યો. અર્થાત અંબિયા, સિદ્દીક઼ીન, શોહદા અને સાલેહીનોની સાથે."

*–(સૂરએ નિસાઅ્, આ. ૬૯)*

આ બંને આયતોના મઝમૂન (લખાણો) મેળવવાથી સાફ જાહેર છે કે સાલેહીન અર્થાત અવલિયા અલ્લાહનો તરીક઼ો સીધો સાદો રસ્તો છે. તો હઝરત ઝુન્નૂન મિસ્રી, હઝરત મઅરૂફ કર્ખી, હઝરત સિર્રી સક઼તી, હઝરત ઈબ્રાહીમ બિન અદહમ બલ્ખી, હઝરત બાયઝીદ બુસ્તામી, હઝરત જુનૈદ બગદાદી, હઝરત સુહેલ બિન અબ્દુલ્લાહ તસતરી, હઝરત અબુલ હસન ખિર્કાની, હઝરત અબૂ બકર શિબ્લી, હઝરત દાતા

ગંજબક્ષ લાહોરી, હઝરત મુહીયુદ્દીન બિન અરબી, હઝરત ઈમામ ગિઝાલી, હુઝૂર સૈયદના શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની, સુલ્તાનુલ્ હિંદ હઝરત ખ્વાજા ગરીબ નવાઝ અજમેરી, હઝરત ખ્વાજા બહાઉદ્દીન નક઼શબંદી, હઝરત શૈખ શહાબુદ્દીન સુહરવર્દી, હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ, હઝરત મૌલાના રૂમી, હઝરત શૈખ ફરીદુદ્દીન અત્તાર, હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, હઝરત સૂફી હમીદુદ્દીન નાગોરી, હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની, હઝરત ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી, હઝરત ખ્વાજા બંદા નવાઝ ગૈસૂ દરાઝ, હઝરત ફરીદુદ્દીન ગંજ શકર, હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ, હઝરત મુજદ્દિદે અલ્ફેષાની શૈખ અહમદ સરહિંદી, હઝરત શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી, હઝરત મહબૂબે ઈલાહી નિઝામુદ્દીન અવલિયા, હઝરત શરફુદ્દીન યહયા મુનીરી, હઝરત મખ્દૂમ અશ્રફ જહાંગીર સિમનાની અને હઝરત મખ્દૂમ મહાઈમી–મુંબઈ. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

ઈસ્લામી જગતના આ ખ્યાતનામ ઔલિયા અલ્લાહ આરંભથી લઈને અત્યાર સુધી ચારે ઈમામોમાંથી કોઈને કોઈની તકલીદ કરીને અવશ્ય મુક઼લ્લિદ થયા. અને ઔલિયા અલ્લાહના તરીક઼ાને ખુદા તઆલાએ સીધો રસ્તો ઠરાવ્યો. તો સ્પષ્ટ રીતે જાહેર થઈ ગયું કે જે લોકો આ બુઝુર્ગોના નક઼શેક઼દમ પર નથી ચાલતા અને ચારે ઈમામોમાંથી કોઈની તકલીદ નથી કરતા એવા આ ગૈર મુક઼લ્લિદ સીધા રસ્તાથી હટેલા છે અને ગુમરાહ તથા બદ્ મઝહબ છે.

અને યાદ રાખો કે ક઼યામત સુધી ક્યારેય કોઈ ગેર મુક઼લ્લિદ ક્યારેય વલી થઈ શકતો નથી, એટલા માટે કે અંબિયાની શાનમાં ગુસ્તાખી કરવું ગેર મુક઼લ્લિદોનો માર્ગ છે. અને તેમની શાનમાં ગુસ્તાખી

કરનાર મો'મિન પણ થઈ શકતો નથી તો પછી વલી થવું તો બહુ મોટી વાત છે.

**નોટ** : ગેર મુક઼લ્લિદોએ તોબા કરીને મુક઼લ્લિદ થઈ જવું જોઈએ અથવા તકલીદના કારણે ઉપરોક્ત બુઝુર્ગોના ગુમરાહ હોવાનું એલાને આમ કરવું જોઈએ.

## ગેર મુક઼લ્લિદોનો સંક્ષિપ્ત ઈતિહાસ

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું કે એક દિવસે હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ શામ અને યમન માટે આવી રીતે દુઆ કરી :–

''હે અલ્લાહ ! અમારા માટે શામ અને યમનમાં બરકત નાઝિલ કર ! (દુઆના સમયે નજદના કેટલાક લોકો પણ બેઠેલા હતા) તેમણે અર્ઝ કરી, અને અમારા નજદમાં યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હુઝૂરે ફરી એ જ પ્રથમવાળી દુઆ કરી, અય અલ્લાહ ! અમારા માટે શામ અને યમનમાં બરકત નાઝિલ કર ! તો ફરીથી નજદના લોકોએ અર્ઝ કરી, અને અમારા નજદમાં યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم રાવીનું બયાન છે કે ત્રીજી વખતમાં હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તે ઝલઝલા તથા ફિત્નાઓની જગ્યા છે અને ત્યાંથી શૈતાનનું સીંગ (સીંગડું) નીકળશે.''

*–(બુખારી શરીફ, ૨/૧૦૫૧)*

અને હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે ઝુલ્ખવૈસરહ જે કબીલા બની તમીમનો રહેનાર હતો, જ્યારે તેણે હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمની શાનમાં ગુસ્તાખી કરી અને હઝરત ઉમર رضی اللہ عنہએ તેની ગરદન ઉડાવી દેવાની ઈજાઝત માગી તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ

ફર્માવ્યું, તેને છોડી દો ! તે એકલો નથી. તેના કેટલાએ સાથી છે જેમની નમાઝ અને જેમના રોઝાઓને જોઈને તમે પોતાની નમાઝ અને રોઝાઓને તુચ્છ સમજશો. તેઓ કુર્આન પઢશે પરંતુ કુર્આન તેમના હલક (ગળા)ના નીચે ઉતરશે નહીં. તે દીનથી એવા નીકળી જશે જેવું તીર શિકારથી નીકળી જાય છે. તેઓ મુસલમાનોને ક઼તલ કરશે અને મૂર્તિપૂજકોને છોડી દેશે. *(મિશ્કાત શરીફ, પેજ : ૫૩૫)*

ઉપરની બંને હદીષોમાં હુઝૂર સૈયદે આલમ ﷺએ બહુ પહેલાં જે નજદથી ફિત્નાઓના ઉઠવા અને ગુસ્તાખે રસૂલ ઝુલ્ખવૈસરાની નસલથી એક એવી જમાઅતના પેદા થવાની ખબર આપી હતી કે જે મુસલમાનોને ક઼તલ કરશે અને મૂર્તિપૂજકોને છોડી દેશે. તો હુઝૂર ﷺના ઈર્શાદ અનુસાર તેના જ ખાનદાનથી મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદી પેદા થયો જેના થકી નજદી ફિર્કો જાહેર થયો અને હુઝૂરની પેશીનગોઈ અક્ષરસઃ સાચી પડી કે તેણે મુસલમાનોની ક઼ત્લેઆમ કરી પરંતુ મૂર્તિપૂજકો છોડી દીધા.

તેની સૂરત એ થઈ કે મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબે મુસલમાનોને બે પ્રકાર ઠરાવ્યા, એક મુવહ્હિદ મુસલમાન બીજો મુશ્રિક મુસલમાન. જે તેની મનઘડત તૌહીદને માનતા તેને તે મુવહ્હિદ મુસલમાન ઠરાવતો અને બાકીના મુસલમાનોને મુશ્રિક ઠરાવી તેમના જાન તથા માલને હલાલ હોવાનો ફતવો આપતો, તેમને ક઼તલ કરતો અને તેમનાં ઘરોને લૂટતો. એટલા માટે શરૂઆતમાં અધિકતમ લૂટમારના શોખિન અને લાલચી તેની જમાઅતમાં સામેલ થયા, પછી ધીમે ધીમે બીજા અસંખ્ય લોકો તેના સાથે થઈ ગયા જેમના હાથોએ હજારો નિર્દોષ મુસલમાન ક઼તલ થયા અને લાખો ઘર તબાહ બર્બાદ થઈ ગયા.

હઝરત અલ્લામા ઈબ્ને આબેદીન શામી رحمۃاللہعلیہ લખે છે :–

''અબ્દુલ વહ્હાબના માનવાવાળા નજદથી નીકળ્યા અને મક્કા મોઅઝ્ઝમા તથા મદીના મુનવ્વરા પર જબરદસ્તી કબ્જો કરી લીધો. તે લોકો પોતાનો મઝહબ હંબલી બતાવે છે, પરંતુ તેમનો અક઼ીદો છે કે કેવળ એ જ લોકો મુસલમાન છે અને જે તેમના અક઼ીદાની વિરુદ્ધતા કરે તે કાફિર તથા મુશ્રિક છે. એટલા માટે જ તે લોકોએ અહલે સુન્નત વ જમાઅત અને તેમના આલિમોની ક઼તલને જાઈઝ ઠરાવી.''

*(રદ્દુલ મુહ્તાર, ૩/૩૦૯)*

અને દેવબંદી મસ્લક (પંથ)ના શૈખુલ ઈસ્લામ મૌલાના હુસૈન અહમદ ટાંડવી ઉર્ફે મદની (ભૂતપૂર્વ સદર મુદર્રિસ દારુલ ઉલૂમ–દેવબંદ) લખે છે કે, ''મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબ નજદી તેરમી સદીના આરંભમાં નજદથી જાહેર થયો અને કેમ કે તે બાતિલ ખયાલો અને ફાસિદ અક઼ીદાઓ ધરાવતો હતો, એટલા માટે તેણે અહલે સુન્નત વ જમાઅતથી ક઼ત્લ તથા લડાઈ કરી. તેમને બળજબરીએ પોતાના ખયાલોની તકલીફ આપતો રહ્યો. તેમના માલોને ગનીમતનો માલ અને હલાલ સમજતો રહ્યો, તેમને ક઼તલ કરવાને સવાબ તથા રહ્મતના કારણરૂપ સમજતો રહ્યો. અહલે હરમૈનને ખાસ કરીને અને અહલે હિજાઝને સામાન્ય રીતે તેણે સખત તકલીફો પહોંચાડી. સલફે સાલહીન અને ઈમામોની શાનમાં અતિશય ગુસ્તાખી અને બેઅદબીના શબ્દો વાપર્યા. કેટલાએ લોકોને તેની તિવ્ર તકલીફોના કારણે મદીના મુનવ્વરા અને મક્કા મોઅઝ્ઝમા છોડવું પડયું. અને હજારો લોકો તેના અને તેની ફોજના હાથે શહીદ થયા.'' *(શિહાબુષ્ષાક઼િબ, પેજ : ૨૪)*

અને લખે છે કે મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબનો અક઼ીદો હતો કે તમામ દુનિયાવાળા અને તમામ પ્રદેશના મુસલમાન મુશ્રિક તથા કાફિર છે અને તેમનાથી યુદ્ધ કરવું અને તેમના માલોને તેમનાથી પડાવી લેવું હલાલ અને જાઈઝ બલ્કે વાજિબ છે. *(શિહાબુષ્ષાક઼િબ, પેજ : ૪૩)*

અને દેવબંદી મસ્લકના એક બીજા મશ્હૂર મૌલાના ખલીલ અહમદ અંબેઠવી લખે છે : ''મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબના વહાબી ચેલા ઉમ્મતની તકફીર (કાફિર ઠરાવવું) કરતા હતા.''

*(અલ મુહન્નદ, પેજ : ૩૭)*

અને મૌલાના મુહમ્મદ અલી જૌહર લખે છે કે નજદ અને નજદીઓનું એ જ કારનામું છે કે મુસલમાનોના લોહીમાં તેમના હાથ રંગાયા છે. *(મક઼ાલાતે મુહમ્મદ અલી, ૧/૩૭)*

## હિંદુસ્તાનમાં વહાબિયતનો ફિત્નો

હિંદુસ્તાનમાં આમ મુસલમાન અને બાદશાહ બધા જ હમેશાં સુન્ની, હનફી મુક઼લ્લિદ રહ્યા છે. એટલા માટે અંગ્રેજાએ આ દેશના સુન્ની મુસલમાનોનો હનફી મઝહબ માનીને એ જ મઝહબની કિતાબો હિદાયા, ફતાવા ક઼ાઝીખાન, ફતાવા આલમગીરી અને દુર્રે મુખ્તારનો અંગ્રેજી અનુવાદ કરાવ્યો અને એ જ કિતાબો અનુસાર મુક઼દ્દમાઓનો ફેંસલો થતો રહ્યો. પછી કેમ કે આ દેશમાં શાહ વલી ઉલ્લાહ મુહદ્દિષ દહેલ્વી સાહબના ખાનદાનની અસર બહુ હતી અને મુસલમાન તેનાથી બહુ જ અક઼ીદત રાખતા હતા, એટલા માટે જ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી જે એ જ ખાનદાનની વ્યક્તિ હતો, તેણે વિચાર્યું કે ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદીની પોલીસી પર અમલ કરીને અમો પણ પોતાના માનવાવાળાઓનું એક

લશ્કર તૈયાર કરી શકીએ છીએ. જેનાથી હિંદુસ્તાનના તાજાતખ્ત પર અમારો કબ્જો થઈ જશે.

આ ખયાલના અંતર્ગત મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ શૈખ નજ્દીની કિતાબ "અત્તૌહીદ"નું અરબીમાંથી ઉર્દૂમાં નીચોડ ઉતાર્યો અને તેનું નામ "તક઼વિયતુલ ઈમાન" રાખ્યું. તદ્ ઉપરાંત બીજી પણ કેટલીક કિતાબો લખી જેમાં મનઘડત તૌહીદ લખી. હુઝૂર ﷺ અને બીજા અંબિયા તથા અવલિયાની શાનમાં ગુસ્તાખી કરી અને (૧) રસૂલુલ્લાહ ﷺ માટે ક઼ૌમના ચૌધરીનો દરજ્જો બતાવ્યો. (૨) નમાઝમાં હુઝૂરે અક઼દસ ﷺના ખ્યાલને ઝિનાના ખ્યાલ અને ગધેડા તથા બળદના ખયાલમાં ડૂબી જવાથી બદ્તર ઠરાવ્યું. (૩) નમાઝમાં હુઝૂર ﷺની તરફ ખયાલ લઈ જનારને મુશ્રિક ઠરાવ્યો. (૪) જે હુઝૂર ﷺને ક઼યામતના દિવસે પોતાના વકીલ અને સિફ઼ારશી સમજે તેને અબૂ જહલની બરાબર મુશ્રિક બતાવ્યો. (૫) અલીબક્ષ, હુસૈનબક્ષ, પીરબક્ષ અને ગુલામ મુહીયુદ્દીન અને ગુલામ મોઈનુદ્દીન નામ રાખવાને શિર્ક ઠરાવ્યું. (૬) કોઈ નબી અથવા વલીની મઝારની ઝિયારત માટે પ્રવાસ કરવો, તેમના મઝાર પર શામિયોના ઉભો કરવો, રોશની કરવી, ફ઼ર્શ બિછાવવું, ઝાડુ દેવું, લોકોને પાણી પીવડાવવું અને તેમના માટે વુઝૂ અને ગુસ્લની વ્યવસ્થા કરવી, આ સઘળી વસ્તુઓને શિર્ક ઠરાવ્યું. તાત્પર્ય એ કે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ મુસલમાનોને મુશ્રિક ઠરાવવામાં શેખ નજ્દીની સંપૂર્ણ પેરવી કરી. અલબત્ત, તે હંબલી હોવાનો દાવો કરતો હતો. પરંતુ દહેલ્વીએ તે વાત પર જોર દીધું કે કુર્આન તથા હદીષ દરેક શખ્સ સમજી શકે છે માટે તકલીદની જરૂરત નથી કે તે બિદઅત તથા ગુમરાહી છે. આ જ પ્રમાણે આ'લા હઝરત ફ઼ાઝિલે બરેલ્વીના કથન અનુસાર હિ.સ.

૧૨૩૩માં વહાબી ગૈર મુક઼લ્લિદ હિંદુસ્તાનમાં પેદા થયા.

ગૈર મુક઼લ્લિદોને મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબ નજદીની પયરવીના જ કારણે "વહાબી" કહેવામાં આવે છે, પરંતુ આ નામને નાપસંદ કરતાં મશ્હૂર ગૈર મુક઼લ્લિદ મોલ્વી મુહમ્મદ હુસૈન બટાલ્વીએ અંગ્રેજ ગવર્નમેન્ટથી ઘણી કોશિશ પછી વહાબી નામના સ્થાને અહલે હદીષ મંજૂર કરાવ્યું. પરંતુ હવે નજદી રિયાલોની ચમક દમકે ગૈર મુક઼લ્લિદોને સંપૂર્ણ રીતે પોતાના તરફ ખેંચી લીધા અને તેઓ બહુ ગર્વથી પોતાનો સંબંધ વહાબિયત અને મુહમ્મદ અબ્દુલ વહ્હાબ નજદીથી જોડીને ખૂબ ખૂબ ફાયદો ઉઠાવી રહ્યા છે.

## ગૈર મુક઼લ્લિદો ઉલ્માએ દેવબંદની નજરમાં

દેવબંદીઓના અક઼ીદા એ જ છે ગૈર મુક઼લ્લિદોના અક઼ીદા છે. પરંતુ તે છતાં દેવબંદી ઉલ્માની નજરમાં ગૈર મુક઼લ્લિદો શું છે ? તેને જાણવા માટે નિમ્ન લિખિત લખાણો વાંચો :–

દેવબંદીઓના મશ્હૂર મુફતી મુહમ્મદ શફીઅ લખે છે કે, "મૌલાના અશરફ અલી થાનવી, મુહમ્મદ હુસૈન બટાલ્વી વિશે કહે છે કે મજકૂર મૌલાના ગૈર મુક઼લ્લિદ હતા, પરંતુ ન્યાયપ્રિય હઝરત (થાનવી સાહબ)એ ફર્માવ્યું કે પોતે તેમના રિસાલા "ઈશાઅતુસ્ સુન્નહ"માં તેમનું એ મઝમૂન (લખાણ) જોયું છે જેનો ખુલાસો એ છે કે પચ્ચીસ વર્ષના અનુભવથી જાણી શકાયું કે ગૈર મુક઼લ્લિદી બદ્દીનીનો દરવાજો છે. હઝરત ગંગોહીએ આ ક઼ૌલને "સબીલુસ્સદાદ"માં નકલ કર્યો છે."

*–(મજાલિસે હકીમુલ ઉમ્મત, પેજ : ૨૪૨)*

અને લખે છે કે, "હઝરત થાનવીએ ઈર્શાદ ફર્માવ્યો કે ગૈર

મુક઼લ્લિદી બે અક઼લી (મૂર્ખતા)ની દલીલ છે, બેદીની (અધર્મતા)ની નહીં, હા ! જો અઈમ્મા મુજતહદીન પર તબર્રા કરે (મુજતહિદ ઈમામોને ભલુબુરુ કહે) તો બેદીની છે." *(મજાલિસે હકીમુલ ઉમ્મત, પેજ : ૨૩૪)*

અને મોલ્વી અશ્રફઅલી થાનવીએ કહ્યું કે એવા જ મોટાભાગના ગેર મુક઼લ્લિદો છે. હદીષનું માત્ર નામ જ નામ છે, કેવળ અનુમાનો જ અનુમાનો છે. પોતાના જ મુક઼લ્લિદ છે. હદીષની તો હવા પણ લાગી નથી અને એક વસ્તુનું તો તેમનામાં નામોનિશાન નથી એ અદબ છે. બહુ જ ગુસ્તાખ અને બેઅદબ હોય છે, જેવું ઈચ્છે છે કરી નાખે. બહુ જ શુરવીર છે. આ બાબતમાં અને બુઝુર્ગોની શાનમાં ગુસ્તાખી કરનાર ખાતમાની ખરાબીના બહુ જ ખતરામાં હોય છે.

*–(એફ઼ાદાતે યોમિયા, ૪/૨૪)*

થાન્વી સાહબે વધુમાં કહ્યું કે હઝરત મૌલાના મુહમ્મદ યાકૂબ સાહબ ફર્માવતા હતા કે મોટાભાગના ગેર મુક઼લ્લિદોના મઝહબનું પ્રાપ્તિ સ્થાન રૂખસતો પર અમલ કરવું છે જેના પરિણામા મોટાભાગના બદ્દીન છે. *(એફ઼ાદાતે યવમિયા, ૪/૨૬૯)*

થાનવી સાહબે વધુમાં કહ્યું કે ગેર મુક઼લ્લિદ થવું તો ઘણુ જ આસાન છે. અલ્બત્ત, મુક઼લ્લિદ થવું મુશ્કેલ છે. કેમ કે ગેર મુક઼લ્લિદીમાં એ છે કે જે મનમાં આવ્યું કરી લીધું, જેને ચાહ્યું બિદઅત કહી દીધું, જેને ઈચ્છયું સુન્નત કહી દીધું. કોઈ સતર જ નથી, પરંતુ મુક઼લ્લિદ એવું નહીં કરી શકે. તેને ક઼દમ ક઼દમ પર દેખભાળ કરવાની જરૂરત છે. કેટલાક આઝાદ ગેર મુક઼લ્લિદોનું એવું દષ્ટાંત છે જે જાણે સાંઢ હોય છે. આ ખેતરમાં મોંઢુ માર્યું, તે ખેતરમાં મોઢું માર્યું, ન કોઈ ખૂંટો છે ન તબેલો છે. *(એફ઼ાદાતે યવમિયા, ૪/૨૯૪)*

થાનવી સાહબ વધુમાં કહે છે કે મોટાભાગના પાકા દુનિયા પરસ્ત છે. બુઝુર્ગોથી બદ્‌ગુમાની એટલા પ્રમાણમાં વધેલી છે જેની કોઈ હદ તથા હિસાબ નથી. અને તેનાથી આગળ વધીને એ છે કે બદ્‌ઝબાની સુધી પહોંચેલા છે. અદબ અને તહઝીબ તેમને સ્પર્શી પણ નથી, હા ! કેટલાક સતર્ક પણ છે, અને તે બહુ થોડા છે. *(એફ઼ાદાતે યવમિયહ્‌, ૧/૨૨૨)*

થાનવી સાહબ વધુમાં કહે છે કે કેટલાક ગેર મુક઼લ્લિદોમાં દમન બહુ હોય છે. તબીઅતમાં શર (બુરાઈ) હોય છે. અને મને તો ઈલ્લા માશા અલ્લાહ ! તેમની નિય્યત પર પણ શંકા છે, સુન્નત સમજીને કદાચ જ કોઈ અમલ કરતા હોય. મુશ્કેલીએ જ એવું જણાય છે.

*–(ઈફ઼ાદાતે યવમિયહ્‌, ૧/૩૦૮)*

પછી થાનવી સાહબ કહે છે કે આજકાલના મોટાભાગના ગેર મુક઼લ્લિદોમાં તો બદ્‌ગુમાનીની ખાસ બીમારી છે. કોઈના સાથે પણ સદ્‌ભાવના રાખતા નથી, બહુ જ નફ્ફટ હોય છે જે મનમાં આવે છે, જેને ઈચ્છે છે જે ઈચ્છે કરી નાખે છે. એક સુન્નતના સમર્થનમાં બીજી સુન્નતને બાતિલ કરી નાખે છે. *(ઈફ઼ાદાતે યવમિયહ્‌, ૨/૩૨૨)*

અને હફ્ત રોઝા (અર્ધ સાપ્તાહિક) ખુદ્દામુદ્દીન (લાહોર)ના ભૂતપૂર્વ એડિટર મુહમ્મદ સઈદુર્રહમાન અલવી લખે છે : દાવો અહલે હદીષ હોવાનો છે. પરંતુ હાલત એ છે કે નેચરિયત (નાસ્તિક્તા), હદીષનો ઈન્કાર, ક઼ાદિયાનિયત સમેત મોટાભાગના તથા અધિક્તમ ફ઼િર્ક઼ાઓના સ્થાપક ગેર મુક઼લ્લિદિયતની કૂખે પેદા થયા.

*–(તક઼દીમે અહલે હદીષ અને અંગ્રેજ, પેજ : ૩)*

અને મોલ્વી બશીર અહમદ ક઼ાદરી દેવબંદી (મુદર્રિસ : મદ્રસા

કાસિમુલ ઉલૂમ ફકીરવાલી (પાકિસ્તાન) લખે છે કે, હિંદુસ્તાનમાં આ (ગેર મુક઼લ્લિદ) ફ઼િર્ક઼ાનું ઝહુર તથા અસ્તિત્વ અંગ્રેજની કૃપા દષ્ટિના આભારવશ છે. હિંદુસ્તાનમાં જયારે અંગ્રેજે પોતાના નાપાક ક઼દમ જમાવ્યા તો તેણે મુસલમાનોમાં વિભિન્નતા તથા અશાંતિ, મતભેદ તથા પૃથકતા અને પરેશાની તથા વિકેન્દ્રીકરણ પેદા કરવા માટે "લડાવો અને રાજ કરો"ના શૈતાની સિદ્ધાંત હેઠળ અહીંયાના રહેવાસીઓને મઝહબી આઝાદી આપી. કેમ કે તે રાજકરણનો શૈતાન હતો, એ જ કારણે તે સારી રીતે જાણતો હતો કે મઝહબી આઝાદ ખ્યાલી (મુક્ત વિચારસરણી) જ તમામની જડ અને સ્ત્રોત છે. આ મઝહબી આઝાદીના પરિણામે ગેર મુક઼લ્લિદ ફ઼િર્ક઼ાનું પ્રકટીકરણ થયું.

*–(અહલે હદીષ ઔર અંગ્રેજ, પેજ : ૪)*

પછી અંતમાં ખુલાસાની રીતે લખે છે, "શું તે જમાઅત (જેના સ્થાપક અને આગેવાન એવા ભયંકર કિરદાર અને હલકી બુદ્ધિના માલિક હોય જેમનું સમગ્ર જીવન અંગ્રેજ પરસ્તી અને ઈસ્લામ દુશ્મનીમાં ગુજર્યું હોય, જેમના જીવનનું મિશન અને ધ્યેય જ અંગ્રેજોની વફાદારી અને જાંનિષારી હોય, જે અંગ્રેજ સરકારના હેતુઓની પૂર્ણતામાં જોશભેર ભાગ લેતા રહ્યા હોય, વતનપ્રેમી અને દેશ તથા મિલ્લતના હિતેચ્છુ અને ગમખ્વાર હોઈ શકે છે ? શું એવી જમાઅત ઈસ્લામની અલમબરદાર હોઈ શકે છે ? નહીં અને નિઃશંક નહીં ! જ્યારે તેમના વડાઓનાં કર્મોનો આ હાલ હોય તો તેમના નાનાઓનાં કર્મોનો અંદાઝો સુજ્ઞ વાંચકો સારી રીતે લગાડી શકે છે.

*–(અહલે હદીષ અને અંગ્રેજ, પેજ નં. ૧૦૪, ૧૦૫)*

અને દેવબંદીઓના મશહૂર મૌલાના ક઼ાઝી મુહમ્મદ અબ્દુલ કવી

મુલ્તાની હદીષના મુન્કિરોનો પીછો કરતાં લખે છે કે આ ફિત્નાના સ્થાપકો અને માનવાવાળાઓ આ નિમ્નલિખીત ઓછી બુદ્ધિના પશ્ચિમના મુક઼લ્લિદોના નામ દષ્ટિગોચર થાય છે :–

**(૧) અબ્દુલ્લાહ ચકળાલ્વી** : તે લાહોરની કોઈ મસ્જિદમાં ઈમામ હતો અને ગેર મુક઼લ્લિદોના મસ્લકનો પાબંદ હતો. ચારે ઈમામો અને મુહદ્દિષ હઝરતો સંબંધે અસભ્ય શબ્દો અને ગાળ ગલોચ ઉચિત સમજતો હતો. પાછળથી પોતાની દુર્ભાવના અને ગેર મુક઼લ્લિદિયતના દષ્ટિગત હદીષોની કિતાબોનો ઈન્કાર કરતાં હદીષોના અસ્તિત્વનો ઈન્કારી થઈ ગયો.

**(૨)** સર સૈયદ અહમદખાન અને ગેર મુક઼લ્લિદ આલિમ મોલ્વી ચિરાગ અલી પણ આ ફિત્નામાં અબ્દુલ્લાહ ચકળાલ્વીના હમખ્યાલ બની ગયા અને આ દુષ્ટભાવિ શખ્સોએ ઈસ્લામમાં ફેરફારનો સિલસિલો શરૂ કર્યો અને "અહલે ખાદદ" અને "અહલે કુર્આન"ના નામથી ઓળખાવા લાગ્યા. આજકાલ મોલ્વી અસ્મલ જયરાજપૂરી હિંદુસ્તાનમાં અને ગુલામ અહમદ પરવેઝ (આપણા પોતાના પેશવાઓની જેમ ગેર મુક઼લ્લિદ છે) પાકિસ્તાનમાં, તેમની જ વાસ્તવિક તથા રૂહાની ઔલાદ છે.

બહરુલ ઉલૂમ અલ્લામા મુહમ્મદ ઝાહિદ અલકૌષરી ફર્માવે છે :

"આશ્ચર્ય છે કે કેટલાએ (ચકળાલ્વી) અર્થાત હદીષના ન માનવાવાળા પહેલાં ગેર મુક઼લ્લિદ હતા અને કેટલાક ગેર મુક઼લ્લિદોમાંથી રાફઝી થઈ ગયા, અને કેટલાક ગેર મુક઼લ્લિદોમાંથી જ ક઼ાદયાની બની ગયા. જેવું કે નૂરુદ્દીન કે જે મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાની મલઊનનો પ્રથમ જાનશીન છે, અને તદ્ઉપરાંત બીજા પણ. એટલા માટે તક઼લીદ

ન કરવું લામઝહબીયત (નાસ્તિકપણુ) અને લામઝહબિયત કુફ્ર તથા બેદીનીનો પુલ છે (માટે તકલીદ ન કરવું કુફ્ર તથા બેદીનીનો પુલ છે).

આ વલણનું સમર્થન ઈમામુલ અસ્ર અલ્લામા નૂરશાહ કાશ્મીરી અને અલ્લામા નવાબ સિદ્દીક઼ હસનખાંના અગ્યાર આલિમ ગૈર મુક઼લ્લિદ સાથી ગૈર મુક઼લ્લિદીયતના જોશ તથા વલવલામાં નવાબ સાહબને છોડીને પંજાબના મુસયલમા મિર્ઝા ક઼ાદયાનીના મુરીદ બની ગયા. જેના પર નવાબ સાહબે ગૈર મુક઼લ્લિદિયતના નુકસાનો પર ક઼લમ ઉઠાવી અને લેખો લખ્યા. *(કશફુલ મુઅ્દિલાત ફી હલ્લિ સવાલાત લિ જામેઅ તિર્મિઝી, પેજ : ૩૩, પ્રકાશક : દારુલ કિતાબ દેવબંદ)*

અને દારુલ ઉલૂમ દેવબંદના મશ્હૂર મુફતી મહદી હસન શાહજહાંપૂરી લખે છે : "કેટલાક અનુભવ એ વાતનું યક઼ીન દેવડાવે છે કે ઈન્સાન ગૈર મુક઼લ્લિદ થઈને બદ્તહઝીબ (અસંસ્કારી), બદ્ઝબાન (કટુભાષી), બેબાક બહુ થઈ જાય છે. અને આં હઝરત ﷺની આદતો તથા અખ્લાક઼થી માઈલો દૂર થઈ જાય છે. ઈલ્લા માશા અલ્લાહ ! ન મુસલમાનોને ગાળો આપવાથી કોઈ પાક હોય છે, ન સહાબીને ફાસિક઼ કહેવાથી લજાય છે, ન હદીષની વિરુદ્ધતાથી શરમ જણાય છે, ન કુર્આનની વિરુદ્ધતા કરવાથી. *(ક઼તઉલ વત્તીન, ૧/૨૧)*

## ગૈર મુક઼લ્લિદોના કેટલાક મહત્વના સિધ્ધાંતો

ગૈર મુક઼લ્લિદોએ કેટલાક એવા મહત્વના સિદ્ધાંતો બનાવ્યા છે જેના પર તેઓ સખ્તીથી અમલ કરીને પોતાનો નવો ધર્મ ફેલાવવાના પ્રયત્નમાં પ્રવૃત છે.

**પ્રથમ સિદ્ધાંત** : તેમનો સૌથી પહેલો સિદ્ધાંત એ છે કે આગળ

ના જમાનાના બુઝુર્ગોની કોઈ વાત હરગિઝ ન સાંભળવામાં આવે, ભલે તે સમગ્ર જગતના બુઝુર્ગ કેમ ન હોય ! દા.ત. ગૌષે સમદાની, કુત્બે ઝમાની મહબૂબે સુબ્હાની હુઝૂર સૈયદના શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہ જેમના હાલાત તથા કરામતો અને ફઝાઈલ તથા મનાકિબ પર હનફી, શાફઈ, માલિકી અને હંબલી દરેક મઝહબના મુહદ્દિષો અને ઉલમાએ અસંખ્ય કિતાબો લખી અને જેમની અઝમત તથા બુઝુર્ગીનો ડંકો સમગ્ર વિશ્વમાં રહ્યો છે, તેમણે પોતે લખ્યું છે :–

''અને એ જ ફનાની હાલત છે જે અવલિયા તથા અબ્દાલની હાલતોની ઈન્તેહા (પરાકાષ્ટા) છે. પછી તેમને તકવીન (''કુન કહેવું) અતા કરવામાં આવે છે તો પછી તેમને જે વસ્તુની પણ હાજત હોય છે તે સઘળું જ અલ્લાહના ઈઝનથી થઈ જાય છે. જેમ કે ખુદા તઆલાનો ઈર્શાદ તેની કેટલીક કિતાબોમાં છે કે હે ઈબ્ને આદમ ! હું અલ્લાહ છું, મારા સિવાય કોઈ મઅબૂદ (પૂજ્ય) નથી, હું તે છું કે કોઈ ચીજને કહું છું થઈ જા તો તે થઈ જાય છે, તું પણ મારી ફર્માંબરદારી કર, હું તને પણ એવો કરી દઈશ કે તું પણ કોઈ ચીજને કહીશ થઈ જા તો તે થઈ જશે.'' *(ફતહુલ ગૈબ માબહજતુલ અસ્રાર, પેજ : ૧૦૯)*

માટે જે મુસલમાન હુઝૂર ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہની આ વાત માનશે તે ક્યારેય ગેર મુક઼લ્લિદ થઈ શકતો નથી કેમ કે તેમના મઝહબમાં હુઝૂર صلی اللہ علیہ وسلم પણ કોઈ ચીજનો ઈખ્તિયાર ધરાવતા નથી તો બીજાઓના તકવીનના મર્તબા પર પહોંચવાનો સવાલ જ ઉત્પન્ન થતો નથી. એટલા માટે તેમના સઘળા સિદ્ધાંતોમાં સૌથી મહત્વનો સિદ્ધાંત એ જ છે કે પહેલાંના બુઝુર્ગોમાંથી કોઈની કોઈ વાત હરગિઝ સાંભળવામાં ન આવે.

**બીજો સિદ્ધાંત** : ગેર મુક઼લ્લિદોનો બીજો મહત્વનો સિદ્ધાંત એ

છે કે કુર્આન મજીદની તફસીર લખનારા મોટા મોટા મુફસ્સિરો અને કુર્આન તથા હદીષથી કાઢનાર મોટા મોટા મુજતહિદોમાં કોઈની કોઈ તફસીર અને કોઈ મુજતહિદની કોઈ વાત હરગિઝ ન માનવામાં આવે. એટલા માટે કે કુર્આન તથા હદીષ દરેક શખ્સ સમજી શકે છે તેના માટે મોટા ઈલ્મની જરૂરત નથી. દા.ત. ઈસ્લામી જગતના મશ્હૂર મુફસ્સિરે કુર્આન હઝરત અલ્લામા ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ પારા–૧૫, રુકૂઅ–૧૩ની આયતે કરીમા اَمْ حَسِبْتَ اَنَّ اَصْحٰبَ الْكَهْفِ ની તફસીરમાં લખે છે :–

''જ્યારે કોઈ બુઝુર્ગ નેકીઓ પર હમેશગી ઈખ્તિયાર કરે છે તો તે મક઼ામ (સ્થાન) સુધી પહોંચી જાય છે કે જેના સંબંધે અલ્લાહ તઆલાએ ثُمَّ عَبَسَ وَ بَسَرَ ફર્માવ્યું છે. (૧) તો જ્યારે અલ્લાહના જલાલનું નૂર તેની સમઅ (શ્રવણશક્તિ) બની જાય છે તો તે દૂર તથા નઝદીકનો અવાજને સાંભળી લે છે. અને જ્યારે એ જ નૂર તેની બસર (દષ્ટિશક્તિ) થઈ જાય છે તો તે દૂર તથા નઝદીકની ચીજોને જોઈ લે છે. અને જ્યારે એ જ જલાલનું નૂર તેના હાથમાં થઈ જાય છે તો તે બંદો આસાન તથા મુશ્કેલ અને દૂર તથા નઝદીકની ચીજોમાં તસર્રુફ (અધિકાર) કરવા પર ક઼ાદિર (શક્તિમાન) થઈ જાય છે.''

*–(તફસીરે કબીર, ૫/૪૮૦)*

અને હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہએ ફર્માવ્યું :–

**અર્થાત** : ''આપ જ તે છે કે જ્યારે હઝરત આદમ علیہ السلامએ આપને વસીલો બનાવ્યા તો તેઓ દુઆની મક઼બૂલિયતથી કામયામ થયા, જો કે આપના બાપ છે.'' *(ક઼સીદએ નોઅમાનિયા)*

અને હઝરત અલ્લામા ઈબ્ને હજર મક્કી શાફઈ رحمۃ اللہ علیہ લખે છે કે હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہએ ફર્માવ્યું :–

**અર્થાત** : "આલે નબી મારા માટે નજાતનો ઝરીયો છે અને તે અલ્લાહની બારગાહમાં મારા માટે વસીલો છે. હું ઉમ્મીદ રાખું છું કે તેમના તુફૈલમાં કાલે (ક઼યામતના દિવસે) અલ્લાહ મારું આમાલાનામુ મારા જમણા હાથમાં આપશે." *(સવાઈકે મહર્રિકહ, પેજ : ૧૮૦)*

ઈમામ રાઝી رحمۃ اللہ علیہની તફસીરમાં તો એ છે કે નેકીઓ પર હમેશગી કરવાથી જ્યારે અલ્લાહના જલાલનું નૂર બંદાનો કાન, આંખ અને હાથ થઈ જાય છે તો તે કોઈ મશીન વગર દૂરનો અવાજ સાંભળે છે, દૂરની વસ્તુઓને નિહાળે છે, અને જગતમાં તસર્રુફ કરવા પર ક઼ાદિર થઈ જાય છે. અને હઝરત ઈમામે આ'ઝમ તથા હઝરત ઈમામ શાફઈના અશ્આરથી વસીલાનું જાઈઝ હોવું સાબિત થાય છે. અને આ વાતો ગૈર મુક઼લ્લિદોના ત્યાં શિર્ક છે. એટલા માટે તેમણે આ બીજો સિદ્ધાંત બનાવ્યે કે અમે કોઈ મુફસ્સિર અને કોઈ મુજતહિદની પણ કોઈ વાત હરગિઝ સાંભળીશું નહીં.

નવાબ વહીદુઝ્ઝમાં જે પોતે પણ ગૈર મુક઼લ્લિદ છે, તેઓ આ પ્રકારની આઝાદી પર પોતાના ભાઈઓને ચેતવણી આપતાં લખે છે કે ગૈર મુક઼લ્લિદોનો ગિરોહ જે પોતાને અહલે હદીષ કહે છે, તેમણે એવી આઝાદી ઈખ્તિયાર કરી છે કે ઈજમાઈ મસાઈલની પરવા કરતા નથી, ન સલફે સાલેહીન અને સહાબા તથા તાબેઈનની, કુર્આનની તફસીર કેવળ લુગત (શબ્દકોષ)થી પોતાની મનમાનીથી કરી લે છે. હદીષ શરીફમાં જે તફસીર આવી છે તેને પણ સાંભળતા નથી.

*(હયાતે વહીદુઝ્ઝમાં, પેજ : ૧૦૨, બહવાલા શિસે કે ઘર, પેજ : ૧૯)*

સલફે સાલેહીન અને સહાબા તથા તાબેઈનની પરવા ન કરવાનું અને જે તફસીર કે હદીષ શરીફમાં આવી ગઈ છે તેને પણ ન સાંભળવાનું પરિણામ છે કે ગેર મુકલ્લિદોના મશ્હૂર મનાઝિર મોલ્વી ષનાઉલ્લાહ અમૃત્સરીએ જે કુર્આન મજીદની મનમાની તફસીર લખી છે, ગેર મુકલ્લિદોએ પણ તેની સખત મુખાલેફત કરી છે. આથી આ મઝહબના માન્યવર આલિમ મોલ્વી અબ્દુલ્લાહ ગઝનવીના શાગિર્દ મોલ્વી અબ્દુલ હક્ક ગઝનવી તે તફસીર સંબંધે લખે છે : શબ્દો ગલત, અર્થ ગલત, દલીલો ગલત, બલ્કે પરિવર્તનમાં યહૂદીઓનું પણ નાક કાપી લીધું. *(અલ અરબઈન, પેજ : ૩, બહવાલા શિશે કે ઘર, પેજ : ૧૨૨)*

**ત્રીજો સિદ્ધાંત** : ગેર મુકલ્લિદોનો ત્રીજો મહત્વનો સિદ્ધાંત એ છે કે દરેક મસ્અલામાં સરળ સ્વરૂપ અપનાવવામાં આવે અને જો તેના વિરુદ્ધ કોઈ હદીષ રજૂ કરે તો તેને ઝઈફ કહીને રદ કરી દેવામાં આવે, એટલા માટે કે માનવીની ખાસિયત (ટેવ) છે કે તે આસાનીને પસદ કરે છે. તો હનફી, શાફઈ, માલિકી અને હંબલી સૌ અમારા મઝહબની સરળતા નિહાળીને પોતાનો જૂનો મઝહબ છોડી દેશે અને ગેર મુકલ્લિદ થઈને અમારો નવો મઝહબ કબૂલ કરી લેશે.

**તરાવીહ** : ગેર મુકલ્લિદોની આઠ રકાત તરાવીહનો મસ્અલો પણ તેમના આ સિદ્ધાંત હેઠળ છે કે મુસલમાન દિવસભર રોઝો રાખવાની સાથે કારોબારની વ્યસ્તતાના કારણે થાકી જાય છે અને ભોજન લીધા પછી ઈચ્છે છે કે જલ્દી આરામ કરે. તો તેમણે વીસ રકાત તરાવીહના બદલે આઠ રકાત કરી દીધી કે જેથી મુસલમાન બાર રકાતની છૂટ પામીને ગેર મુકલ્લિદ થઈ જાય અને અમારો નવો મઝહબ કબૂલ કરી લે. જો કે સહાબીએ રસૂલ ﷺ હઝરત સાઈબ બિન યઝીદ رضی اللہ عنہ થી

હદીષ શરીફ મરવી છે. તેમણે ફર્માવ્યું :–

"અમો સહાબાએ કિરામ હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہના જમાનામાં વીસ રકાત (તરાવીહ) અને વિત્ર પઢતા હતા." *(બયહકી)*

આ હદીષ શરીફ સંબંધે "મિર્કાત શરહે મિશ્ક઼ાત" પેજ–૨, પેજ : ૧૭૫માં છે, ઈમામ નૂદી શાફઈએ ખુલાસામાં ફર્માવ્યું કે આ રિવાયતની સનદો સહીહ છે.

અને હઝરત યઝીદ બિન રોમાન رضی اللہ عنہથી હદીષ શરીફ રિવાયત છે. તેમણે ફર્માવ્યું :–

"હઝરત ઉમર رضی اللہ عنہના જમાનામાં લોકો ત્રેવીસ રકાતો પઢતા હતા." (અર્થાત : વીસ રકાત તરાવીહ અને ત્રણ રકાત વિત્ર.

*–મુઅત્તા ઈમામ માલિક*)

અને હઝરત ઈમામ તિર્મિઝી رحمۃ اللہ علیہ લખે છે :–

"મોટાભાગના આલિમોનો તેના પર જ અમલ છે. હઝરત મૌલા અલી, હઝરત ઉમર ફારૂકે઼ આ'ઝમ અને બીજા સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી વીસ રકાત તરાવીહ મનકૂલ છે. અન્ય હઝરત સુફયાન ષૌરી, ઈબ્ને મુબારક અને ઈમામ શાફઈ رحمۃ اللہ علیہم اجمعین પણ એવું જ ફર્માવે છે (કે તરાવીહ વીસ રકાત છે). અને ઈમામ શાફઈ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે અમોએ પોતાના શહેર મક્કા મુઅઝ્ઝમામાં લોકોને વીસ રકાત તરાવીહ પઢતા જોયા છે." *(તિર્મિઝી શરીફ, પેજ : ૯૯)*

અને ઉમ્દતુલ ક઼ારી શરહે બુખારી, જિલ્દ : ૫, પેજ : ૩૫૫માં છે :

"અલ્લામા ઈબ્ને અબ્દુલ બરે ફર્માવ્યું, (વીસ રકાત તરાવીહ) જમહૂર ઉલ્માનો ક઼ૌલ છે. ઉલમાએ કૂફા, ઈમામ શાફઈ અને

મોટાભાગના ફુક઼હા એ જ ફર્માવે છે અને એ જ સહીહ છે. હઝરત ઉબય બિન કઅબથી મનકૂલ છે તેમાં સહાબાનો મતભેદ નથી.''

અને મૌલાના અબ્દુલ હૈય ફિરંગી મહલી ઉમ્દતુલ રિયાયહ હાશિયા શરહે વક઼ાયા જિલ્દ : ૧, પેજ નં. : ૧૭૫માં લખે છે :–

''હઝરત ઉમર, હઝરત ઉષ્માન અને હઝરત અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના જમાનામાં અને તેમના પછી પણ સહાબાએ કિરામનું વીસ રકાત તરાવીહ પર પ્રબંધ સાબિત છે. આ વિષયની હદીષને ઈમામ માલિક, ઈબ્ને સઅદ અને ઈમામ બયહકી વગેરેએ નોંધ કરી છે.''

પરંતુ ગેર મુક઼લ્લિદોના નઝદીક વીસ રકાત તરાવીહની હદીષો ગલત છે. આ વિષયની હદીષો લખનાર ઈમામ માલિક, ઈબ્ને સઅદ અને ઈમામ બયહકી ગલત, સહાબાએ કિરામનું વીસ રકાત તરાવીહ પઢવું ગલત, મોટા મોટા ઈમામ, હઝરત સુફિયાન ષૌરી, હઝરત ઈબ્ને મુબારક અને હઝરત ઈમામ શાફઈનું તરાવીહને વીસ રકાત ઠરાવવું ગલત, જમહૂર ઉલમાનો ક઼ોલ ગલત, અને મક્કા શરીફવાળાઓનું વીસ રકાત પઢવું તે પણ ગલત, ત્યાં સુધી કે શાહ વલીઉલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ કે જેમને માનવાનો તે દમ ભરે છે, તેમણે પોતાની કિતાબ હુજ્જતુલ્લાહિલ્ બાલિગ઼ા, જિલ્દ : ૨, પેજ નં. : ૧૮ પર લખ્યું, ''તરાવીહની સંખ્યા વીસ રકાત છે.'' તે પણ ગલત, એટલા માટે કે તરાવીહના મસ્અલામાં જો તેઓ શાહ વલી ઉલ્લાહની તહક઼ીક઼ (સંશોધન) માની લે તો વીસ રકાત પઢવામાં નફ્સને તકલીફ થશે. અને સૌથી મોટુ કારણ એ છે કે મુક઼લ્લિદોને ગેર મુક઼લ્લિદ વહાબી બનાવવાનું બહુ મોટુ માધ્યમ હાથમાંથી સરકી જશે.

અને એ જ બુન્યાદ પર લોકો ગૈર મુક઼લ્લિદ થઈ જાય. તેમનો આ મસ્અલો પણ છે કે વેપારના માલ અને ચાંદી સોનાના ઘરેણાઓમાં ઝકાત વાજિબ નથી. *(જુઓ ગૈર મુક઼લ્લિદોનો પેશવા નવાબ સિદ્દીક઼ હસનખાન ભોપાલીની કિતાબ બદરુલ અહ્‌લહ્‌, પેજ નં. : ૧૦૧, ૧૦૨)*

**કુર્બાની** : ગૈર મુક઼લ્લિદોની નજરમાં ચાર દિવસ કુર્બાની હોવાની બુન્યાદ પણ એ જ ત્રીજા સિદ્ધાંત પર છે કે જેથી સગવડતા તથા સરળ તા અને ચોથા દિવસે પણ ગોશ્તની અધિક્તા નિહાળીને લોકો અમારો નવો મઝહબ સ્વીકારી લે. જો કે હઝરત ઉમર, હઝરત અલી અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہمથી હદીષ શરીફ મરવી છે. તેમણે ફર્માવ્યું :–

"કુર્બાની દિવસ ત્રણ છે, તેમાંથી અફઝલ પહેલો દિવસ છે."

*–(હિદાયા, ૪/૪૩૧)*

અને હઝરત નાફેઅ رضی اللہ عنہથી હદીષ શરીફ રિવાયત છે કે તેમણે કહ્યું કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ ફર્માવ્યું :–

"ઈદે અદહા પછી કુર્બાની બે દિવસ છે."

*(મુઅત્તા ઈમામ માલિક, પેજ નં. ૧૯૮, રહીમિયા પ્રેસ : દેવબંદ)*

મુસલમાનોએ આ હદીષોનો સ્વીકાર કર્યો અને તેમના પર અમલ કર્યો, આવી રીતે હમેશાંથી તેઓ ત્રણ જ દિવસ કુર્બાની કરતા આવ્યા છે. ત્યાં સુધી કે મક્કા શરીફમાં પણ ત્રણ જ દિવસ કુર્બાની થાય છે. પરંતુ ગૈર મુક઼લ્લિદોના નઝદીક આ હદીષો ગલત, સમગ્ર દુનિયાના મુસલમાનોનું ત્રણ જ દિવસ કુર્બાની જાઈઝ સમજવું ગલત, બલ્કે મક્કા શરીફવાળાઓનું ત્રણ જ દિવસ કુર્બાની કરવું પણ ગલત.

અમો કહીએ છીએ કે જો કુર્બાની ચાર દિવસ જાઈઝ હોત તો

ઐયામે તશરીક પણ ચાર દિવસ હોત. જો કે તે કેવળ ત્રણ દિવસ છે. એટલા માટે કે "તશ્રીક"નો અર્થ છે ગોશ્તના ટુકડા કરવું અને તડકામાં સૂકવવું. જો કે અરબસ્તાનવાળા ૧૦ ઝિલ હિજ્જહનો ગોશ્ત ૧૧મી તારીખે, ૧૨મીએ અને બાર ઝિલ હજ્જનો ગોશ્ત ૧૩મીએ તડકામાં સૂકવતા હતા, એટલા માટે ૧૧ થી ૧૩ ઝિલ હિજ્જહ કુલ ત્રણ દિવસ "ઐયામે તશરીક" થયા. મિસ્બાહુલ લુગાતમાં છે : "શર્કલુલહમ" ગોશ્તના ટુકડા કરવું અને તડકામાં સૂકવવું. અલમુન્જિદ (અરબી લુગત)માં છે :–

"ઐયામે તશ્રીક" (ઈદે અદહાના પછી) ત્રણ દિવસ છે. એટલા માટે કે કુર્બાનીનો ગોશ્ત આ દિવસોમાં સૂકવવામાં આવે છે.

અને "સરાહ"માં છે ઐયામે તશ્રીક ત્રણ દિવસ પછી અઝ નહર, અને મિસ્બાહુલ લુગાતમાં છે. ઐયામે તશરીક ઈદે અદહા પછી ત્રણ દિવસ એટલા માટે કે આ દિવસોમાં કુર્બાનીનો ગોશ્ત સૂકવવામાં આવે છે.

લુગતની કિતાબોથી સારી રીતે સ્પષ્ટ થઈ ગયું કે ઐયામે તશ્રીક ત્રણ જ દિવસ છે. અને જ્યારે ઐયામે તશ્રીક ત્રણ જ દિવસ છે તો કુર્બાનીના દિવસ પણ ત્રણ જ છે. જો કુર્બાની ચાર દિવસ હોતી તો નિઃશંક ! ઐયામે તશ્રીક પણ ચાર દિવસ હોતા. એટલા માટે કે જ્યારે ૧૦ ઝિલ હિજ્જહ પહેલા દિવસનો ગોશ્ત અરબસ્તાનવાળા ૧૧મીએ સૂકવતા હતા તો કેટલાએ દિવસ સતત ગોશ્ત ખાધા પછી ૧૩ ઝિલ હિજ્જહનો ગોશ્ત ૧૪મીએ ઉચ્ચ દરજ્જાથી સૂકવતા, આવી રીતે ત્રણ દિવસના બદલે ચાર દિવસ ઐયામે તશ્રીક જરૂર થઈ જતા, પરંતુ છે એ જ ત્રણ દિવસ. જેનાથી જાણી શકાયું કે કુર્બાનીના દિવસ પણ ત્રણ જ છે. ગેર મુક઼લ્લિદોએ કેવળ સગવડના તથા સરળતા અને ચાર દિવસ

સુધી ગોશતની અધિક્તા અવામને દેખાડીને પોતાના તરફ ખેંચવા માટે ચાર દિવસ કુર્બાનીને જાઈઝ કરી દીધી છે. અને એ જ આધાર પર કે લોકો સગવડ તથા સરળતા જોઈને ગેર મુક઼લ્લિદ થઈ જાય, તેમનો આ મસ્અલો પણ છે કે એક બકરાની કુર્બાની સમગ્ર ઘરવાળાઓ તરફથી કાફી છે, ભલે સો (૧૦૦) આદમી હોય.

એક અન્ય નવો મઝહબ વિકસી રહ્યો છે જે ગેર મુક઼લ્લિદોથી શીખીને અવામને ફાંસવા માટે કુર્બાનીના મસ્અલામાં વધુ સગવડતા અને સરળતા રજૂ કરી રહ્યો છે. તે કહે છે મરઘી, મરઘાની કુર્બાની પણ જાઈઝ છે. અને જેવી રીતે બળદ અને ભેંસ વગેરેની કુર્બાની સાત શખ્સો તરફથી જાઈઝ છે, એ જ રીતે બકરી, બકરા અને મરઘી, મરઘાની કુર્બાની પણ સાત આદમી તરફથી જાઈઝ છે અને તે કુર્આનથી સાબિત છે. (અલ્લાહની પનાહ !)

મુખબિરે સાદિક઼ હુઝૂર સૈયદે આલમ ﷺએ સાચુ ફર્માવ્યું છે કે :

"આખરી જમાનામાં (એક ગિરોહ) દજ્જાલો અને કઝ્ઝાબો અર્થાત ફરેબ આપવાવાળાઓ અને જૂઠ બોલનારાઓનો થશે તે તમારા સમક્ષ એવી વાતો લાવશો કે જેમને ન તમોએ ક્યારેય સાંભળી હશે, ન તમારા બાપદાદાઓએ. તો એવા લોકોથી બચો અને તેમને પોતાના નિકટ ન આવવા દો કે જેથી તેઓ તમને ગુમરાહ ન કરે અને ન ફિત્નામાં નાખે." *(મુસ્લિમ, મિશ્ક઼ાત, પેજ : ૨૮)*

**તલાક઼** : ગેર મુક઼લ્લિદોની નઝદીક ત્રણ તલાક઼થી એક જ તલાક઼ પડવાના મસ્અલાનો આધાર પણ એ જ ત્રીજા સિદ્ધાંત પર છે કે સામાન્યતઃ લોકો ત્રણ તલાક઼ આપી બેસે છે. પછી ઈચ્છે છે કે ઔરત હાથમાંથી જવા ન પામે. તો હનફી અને શાફઈ વગેરે સૌ લોકો કહે છે

કે હલાલો કરાવવો પડશે. જેમાં બીજા પતિનું ઓછામાં ઓછું એક વખત હમબિસ્તરી (સહશયન) કરવું પણ જરૂરી છે. તો તેનાથી લોકોને બહુ ગૈરત જણાય છે. જેથી અમોએ સૂરત ઈખ્તિયાર કરી કે એકદમ ત્રણ તલાક઼ોથી એક જ તલાક઼ પડવાનો હુકમ કરીએ કે જેથી ત્રણ તલાક઼ આપનારા હલાલાથી બચવા માટે અમારા તરફ આવી જાય અને આ અમારો નવો મઝહબ ક઼બૂલ કરીને ગેર મુક઼લ્લિદ થઈ જાય.

યાદ રાખો કે જો અત્યારે કેવળ નિકાહ થયો અને હમબિસ્તરી થઈ નથી કે પતિએ એકદમ ત્રણ તલાક઼ો પોતાની પત્નીને એવી રીતે આપી કે તને તલાક઼ છે ! તલાક઼ છે ! તલાક઼ છે ! તો આ હાલતમાં સૌની નઝદીક કેવળ એક જ તલાક઼ પડશે. **એટલા માટે કે જ્યારે પતિએ પ્રથમવાર કહ્યું તને તલાક઼ છે તો ઔરત એ જ સમયે તત્કાળ તેના નિકાહમાંથી નીકળી ગઈ** અને કેમ કે એવી ઔરત માટે ઈદ્દત નથી એટલા માટે બીજી અને ત્રીજી વખત કહેવાથી તેના પર તલાક઼ પડશે નહીં કે તલાક઼ માટે ઔરતનું નિકાહ અથવા ઈદ્દતમાં હોવું જરૂરી છે. અલબત્ત, જો એવી ઔરત સંબંધે એમ કહ્યું કે તને ત્રણ તલાક઼ તો તે હાલતમાં તેના પર ત્રણ તલાક઼ો પડી જશે.

અને જો નિકાહ પછી પત્નીથી હમ બિસ્તરી (સમાગમ) કરી લીધી તો પછી ભલે તેને એમ કહ્યું કે તને ત્રણ તલાક઼, અથવા એવી રીતે કહ્યું કે તને તલાક઼ છે ! તલાક઼ છે ! તલાક઼ છે ! બંને હાલતમાં તેના પર ત્રણ તલાક઼ો પડી જશે. એટલા માટે કે જ્યારે પતિને ત્રણ તલાક઼ો આપવાનો હક્ક઼ પ્રાપ્ત છે, જેના પર સૌની સહમતિ છે અને તે ત્રણ તલાક઼ો આપી રહ્યો છે તો ત્રણે પડી જશે. ભલે એક બેઠકમાં ત્રણ તલાક઼ આપે કે કેટલીયે બેઠકોમાં, જેવું કે કોઈ શખ્સને ત્રણ દુકાનો વેચવાનો હક્ક઼ પ્રાપ્ત

હોય અને તે ત્રણને વેચી દે તો ત્રણે વેચાઈ જાય છે. ભલે તે ત્રણે દુકાનો એક જ બેઠકમાં વેચે કે કેટલીયે બેઠકોમાં, પરંતુ વેચી નાખે તે ત્રણે દુકાનો અને વેચાય કેવળ એક, તેને કોઈ બુદ્ધિશાળી સ્વીકારી શકતો નથી. એ જ પ્રમાણે જ્યારે પતિને ત્રણ તલાક઼ આપવાનો હક્ક઼ પ્રાપ્ત છે અને ત્રણે તલાક઼ો આપી દે પરંતુ પડે કેવળ એક, તેને પણ કોઈ બુદ્ધિશાળી માની શકતો નથી. એ જ કારણે એક બેઠકની ત્રણ તલાક઼ના પડી જવાથી જમહૂર સહાબાએ કિરામ, તાબેઈન અને ચારે ઈમામો, હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા, હઝરત ઈમામ શાફઈ, હઝરત ઈમામ માલિક અને હઝરત ઈમામ અહમદ બિન હંબલ (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) સૌનો ઈત્તેફાક (સહમતિ) છે.

આરિફ બિલ્લાહ હઝરત અલ્લામા અહમદ સાવી માલિકી رحمۃ اللہ علیہ આયતે કરીમા ___فَإِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهُ___ની તફસીરમાં લખે છે :–

''મતલબ એ કે જો ઔરતને એકદમ ત્રણ તલાક઼ો આપે અથવા અલગ અલગ, દરેક હાલતમાં ઔરત હરામ થઈ જશે. (જ્યાં સુધી કે તે હલાલો ન કરે) જેવું કે પત્નીને જ્યારે કહ્યું તને ત્રણ તલાક઼ છે, અથવા તલાક઼. તેના પર જ આલિમોનો ઈત્તેફાક઼ છે. અને એમ કહેવું કે એકદમ ત્રણ તલાક઼માં એક જ તલાક઼ પડે છે, તો આ કેવળ ઈબ્ને તૈમિયાનો ક઼ૌલ છે જે પોતાને હંબલી કહેતો હતો. તેના મઝહબના ઈમામોએ તેનું રદ કર્યું, ત્યાં સુધી કે આલિમોએ ફર્માવ્યું કે ઈબ્ને તૈમિયા ગુમરાહ અને ગુમરાહગર છે.'' *(તફસીરે સાવી, ભાગ : ૧, પેજ : ૯૬)*

અને હઝરત સુવૈદ બિન ગફલહ رضی اللہ عنہથી હદીષ શરીફ મરવી છે કે હઝરત ઈમામ હસન બિન અલી رضی اللہ عنہએ પોતાની બીબી આઈશા ખષઅમીયાને ત્રણ તલાક઼ો આપી, પાછળથી આપને માલૂમ થયું કે

આઈશાને આપની જુદાઈનો બહુ ગમ છે તો આપે રડી દીધું અને ફર્માવ્યું :

"જો મેં પોતાના જદ્દે કરીમ عليه الصلوٰة والسلامથી ન સાંભળ્યું હોત અથવા એમ ફર્માવ્યું કે જો મેં પોતાના વાલિદથી જદ્દે અમજદ ﷺની એ હદીષ ન સાંભળી હોત કે જે પોતાની પત્નીને ત્રણ તહરોમાં ત્રણ તલાક઼ો આપે અથવા એક સામટી ત્રણ તલાક઼ો આપે તો તે હલાલા વગર પ્રથમ પતિ માટે હલાલ થઈ શકતી નથી તો આઈશાથી હું રજઅત કરી લેતો."

*–(સુનને કુબ્રા, બૈહકી, ૭/૩૩૬)*

આ હદીષે પાકથી હઝરત ઈમામ હસન رضی اللہ عنہનો મઝહબ સ્પષ્ટ રીતે જાણી શકાયો કે ભલે ત્રણ તલાક઼ો એકદમ એક સામટી આપે કે ત્રણ તહરોમાં ત્રણ તલાક઼ો પડી જાય છે. (તહરો એટલે હૈઝ પછી પાકીના સમયો)

અને હઝરત મુજાહિદ رضی اللہ عنہથી હદીષ શરીફ રિવાયત છે. તેમણે ફર્માવ્યું :–

"હું હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની પાસે હતો કે એક શખ્સ આવ્યો અને કહ્યું કે તેણે પોતાની પત્નીને ત્રણ તલાક઼ો આપી દીધી. રાવીએ કહ્યું, તો હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ચુપ રહ્યા, ત્યાં સુધી કે મેં ગુમાન કર્યું કે આપ ઔરતને તેની તરફ લોટાવી દેશે. પછી આપે ફર્માવ્યું, તમે બેવકૂફી કરીને આવો છો અને પછી કહો છો, હે ઈબ્ને અબ્બાસ ! હે ઈબ્ને અબ્બાસ ! અને બેશક ! ખુદા તઆલાએ ફર્માવ્યું છે કે જે અલ્લાહથી ડરશે તે તેના માટે કોઈ રસ્તો કાઢી દેશે. અને તું અલ્લાહથી ડર્યો નથી તો હું તારા માટે કોઈ રસ્તો જોતો નથી. તેં પોતાના રબની નાફર્માની કરી અને તારી ઔરત તારા નિકાહમાંથી નીકળી ગઈ."

*–(અબૂ દાઊદ શરીફ, પેજ : ૨૯૯)*

હઝરત ઈમામ અબૂ દાઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું કે આ હદીષને હમીદ અઅરજ વગેરેએ હઝરત મુજાહિદથી અને તેમણે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી : (૧) અને શઅબાએ પણ આ હદીષને અમ્ર બિન મુર્રહથી રિવાયત કરી અને તેમણે સઈદ બિન જુબૈરના વાસ્તાથી હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે. (૨) અને ઐયૂબ તથા ઈબ્ને હબરીજ બંનેએ આ હદીષને અકરમા બિન ખાલિદથી રિવાયત કરી અને તેમણે સુઅયદ બિન જુબૈરના વાસ્તાથી હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી. (૩) અને ઈબ્ને જુરીજે આ હદીષને અબ્દુલ હમીદ બિન રાફેઅથી પણ રિવાયત કરી, અને તેમણે અતાના માધ્યમથી હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી. (૪) અને અઅ્મશે આ હદીષને માલિક બિન હારિષથી રિવાયત કરી અને તેમણે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી. (૫) અને આ હદીષને ઈબ્ને જરીજે અમ્ર બિન દીનારથી પણ રિવાયત કરી અને તેમણે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી અને આ સૌએ ત્રણ તલાક઼ો સંબંધે ફર્માવ્યું કે, ''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ તેમને ત્રણ યથાવત રાખી તેમને એક તલાક઼ ઠેરવી નથી.''

*–(અબૂ દાઊદ શરીફ, પેજ : ૨૯૯)*

અને હઝરત નાફેઅ બિન અજીર رضی اللہ عنہથી હદીષ શરીફ રિવાયત છે. તેમણે કહ્યું :–

''મારા દાદા રકાના બિન અબ્દે યઝીદે પોતાની પત્ની સહમહને તલાક઼ આપી. તો નબીએ કરીમ صلی اللہ علیہ وسلمને તેના સંબંધે અર્ઝ કરી અને કહ્યું, ખુદાના સોગંદ ! મેં કેવળ એક તલાક઼ની નિય્યત કરી છે. તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, બ ખુદા તમોએ એક જ તલાક઼ની નિય્યત

કરી છે ? રકાનાએ અર્ઝ કરી, અલ્લાહની કસમ ! મેં એક જ તલાક઼ની નિય્યત કરી છે. તો રસૂલુલ્લાહ ﷺએ હલાલા વગર તે ઔરતને હઝરત રકાના તરફ લોટવી દીધી." *(અબૂ દાઊદ શરીફ, પેજ : ૩૦૦)*

આ હદીષ શરીફથી ખુલ્લમ ખુલ્લા જાહેર થયું કે જો હઝરત રકાના رضی اللہ عنہ એમ કહેતા કે મેં ત્રણ તલાક઼ની નિય્યત કરી છે તો હુઝૂર સૈયદે આલમ ﷺ ત્રણ તલાક઼ોનો હુકમ ફર્માવતા, નહીં તો એક તલાક઼ની નિય્યત પર ક઼સમ લેવાનો કોઈ અર્થ થશે નહીં.

અને હઝરત આમિર શઅબી رضی اللہ عنہથી રિવાયત છે, તેમણે ફર્માવ્યું :

"મેં હઝરત ફાતિમા બિન્તે ક઼ૈસ رضی اللہ عنہને કહ્યું કે પોતાની તલાક઼નો બનાવ મને બયાન કરો. તો તેમણે કહ્યું કે મારા પતિએ યમન જતી વખતે મને ત્રણ તલાક઼ો આપી હતી. તો રસૂલુલ્લાહ ﷺએ ત્રણને યથાવત રાખી." *(ઈબ્ને માજા, પેજ : ૧૪૭)*

આ હદીષ શરીફથી પણ જણાયું કે એકદમ ત્રણ તલાક઼ આ આપવાથી સઘળી જ પડી જાય છે. જો એવું ન હોત તો હુઝૂર ﷺ બિન્તે ક઼ૈસ માટે ત્રણે તલાક઼ો સાબિત ન કરતા.

અને હઝરત સઈદ બિન જુબૈર رضی اللہ عنہمથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું :–

"એક શખ્સ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہمની પાસે આવ્યો અને કહ્યું મેં પોતાની પત્નીને હજાર તલાક઼ો આપી છે. આપે ફર્માવ્યું, ત્રણ લઈ લો અને નવસો સતાણુ (૯૯૭) છોડી દો."

*(સુનને કુબ્રા, બયહક઼ી, ભાગ : ૨, પેજ : ૩૩૭)*

આ હદીષ શરીફથી હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہمનો

એ ફતવો સ્પષ્ટ રીતે જાણી શકાયો કે જો એકદમ ત્રણ તલાક઼ો કરતાં વધારે આપી દે તો ત્રણ તલાક઼ો સામટી પડી જશે અને બાકીની વ્યર્થ થઈ જશે.

અને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. તેમણે કહ્યું :–

"હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે જે વાતમાં મોહલત હતી હવે તેમાં લોકો ઉતાવળ કરી રહ્યા છે. તો બેહતર છે કે અમો તેને તેમના પર લાગુ કરી દઈએ તો આપે તેમના પર તેને લાગુ કરી દીધું."

*–(મુસ્લિમ શરીફ, પેજ : ૪૭૮)*

આ હદીષ શરીફનો ખુલાસો એ છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ પોતાની ખિલાફતના જમાનામાં એ ક઼ાનૂન બનાવી દીધો કે એકદમ ત્રણ તલાક઼ો ત્રણ જ થશે.

શારેહ મુસ્લિમ હઝરત અલ્લામા ઈમામ નૂદી શાફઈ رحمۃ اللہ علیہ આ હદીષ શરીફની શરહેમાં લખે છે :–

"જેણે પોતાની પત્નીને કહ્યું તને ત્રણ તલાક઼ો તો હઝરત ઈમામ શાફઈ, હઝરત ઈમામ માલિક, હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા, હઝરત ઈમામ અહમદ બિન હંબલ અને સલફ તથા ખલફના જમહૂર આલિમોએ ફર્માવ્યું કે ત્રણે તલાક઼ો પડી જશે." *(મુસ્લિમ શરીફ, ૧/૪૭૮)*

પરંતુ ગેર મુક઼લ્લિદોના નઝદીક કુર્આન મજીદની તફસીર ગલત, બયહકી, ઈબ્ને માજા, અને અબૂ દાઊદ શરીફની ઉપરવાળી સઘળી હદીષો ગલત, ચારે ઈમામો, મુજતહિદો અને સલફ તથા ખલફના જમહૂર ઉલ્માએ દીનનો મઝહબ ગલત, હઝરત અબ્દુલ્લાહ બિન

અબ્બાસ رضی اللہ عنہما નો ફેંસલો કે એક મજલિસમાં આપેલી ત્રણ તલાક઼ો સૌ પડી જશે, જેના પર કેટલાયે મોટા મોટા મુહદ્દિષો ગવાહ છે, તે પણ ગલત, તેના સંબંધે નવાસએ રસૂલ હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ની રિવાયત કરેલી હદીષ ગલત, ત્યાં સુધી કે સહાબાએ કિરામની હાજરીમાં હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ નું એ ક઼ાનૂન બનાવવું કે એકદમ ત્રણ તલાક઼ો ત્રણ જ થશે, તે પણ ગલત, અને સહાબાએ કિરામનું એ ક઼ાનૂનને માની લેવું અને તેના પર અમલ કરવું સૌ ગલત. અલબત્ત, ઈબ્ને તૈમિયહ જે કેટલીયે સદીઓ પછી પેદા થયો કેવળ તે સાચો ! અર્થાત ગૈર મુક઼લ્લિદોના નઝદીક હઝરત ઉમર અને બીજા સહાબાએ કિરામ વગેરેએ નબુવ્વત અને શરીઅતના મિજાઝને સમજ્યો નથી, કેવળ ઈબ્ને તૈમિયહએ જ સમજ્યું. (નઊઝ બિલ્લાહ મિન ઝાલિક)

**ઈબ્ને તૈમિયહ કોણ છે ?** : ઈબ્ને તૈમિયહ જે હિ.સ. ૬૬૧માં પેદા થયો અને હિ.સ. ૭૨૮માં મૃત્યુ પામ્યો, તે શખ્સ છે જેને ગૈર મુક઼લ્લિદો પોતાનો ઈમામ સ્વીકારે છે. પરંતુ તે પોતે ગુમરાહ અને બીજાઓને ગુમરાહ કરનાર છે. તેણે કેટલાયે મસાઈલમાં ઉલમાએ હક્ક઼ની મુખાલેફત (વિરોધ) કરી છે, ત્યાં સુધી કે તેણે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની ઝિયારત માટે મદીના તયબહના પ્રવાસને ગુનોહ ઠરાવ્યો છે. તેનો અક઼ીદો છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નો કોઈ મર્તબો નથી. અને એ પણ તેનો અક઼ીદો છે કે ખુદા તઆલાની ઝાતમાં પરિવર્તન અને ફેરફાર થાય છે. (મઆઝલ્લાહ !)

જેવું કે આરિફ બિલ્લાહ ! હઝરત અલ્લામા શેખ અહમદ સાવી માલિકી رحمۃ اللہ علیہ લખે છે :–

''ઈબ્ને તૈમિયહ હંબલી કહેવાતો હતો. જો કે આ મઝહબના

ઈમામોએ પણ તેનું ખંડન કર્યું છે. ત્યાં સુધી કે ઉલમાએ ફર્માવ્યું કે તે ગુમરાહ અને બીજાઓને ગુમરાહ કરનાર છે." *(તફસીરે સાવી, ૧/૯૬)*

અને ખાતિમુલ ફુક઼હા વલ મુહદ્દિષીન હઝરત અલ્લામા શહાબુદ્દીન ઈબ્ને હજર મક્કી શાફઈ رحمۃ اللہ علیہ લખે છે :–

"ઈબ્ને તૈમિયહ એ કેટલાએ મસાઈલમાં ઉલ્માએ હક્ક઼ની વિરુદ્ધતા કરી છે. જેની નિશાનદેહી (નિર્દેશ) હઝરત તાજુદ્દીન સુબકી વગેરેએ કરી છે. તો જે મસાઈલમાં તેણે ખિરક઼ે ઈજમાઅ (સર્વ સંમતિની વિરુદ્ધતા) કર્યું છે તેમાંથી કેટલાક આ છે :–

હૈઝની હાલતમાં અને જે તહરમાં હમબિસ્તરી કરી છે તલાક઼ ઘટિત થતી નથી. અને જો ઈરાદાપૂર્વક નમાઝ છોડી દેવામાં આવે તો તેની ક઼ઝા વાજિબ નથી. અને હેઝની હાલતમાં બયતુલ્લાહ શરીફનો તવાફ કરવું જાઈઝ છે, અને કોઈ કફ્ફારો નથી. અને ત્રણ તલાક઼થી એક જ તલાક઼ પડે છે, અને તેલ વગેરે પાતળી ચીજો ઉંદર વગેરે મરવાથી નાપાક થતી નથી. અને હમબિસ્તરી (સમાગમ) પછી ગુસ્લ કરવાથી પહેલાં રાતમાં નફ્લ નમાઝ પઢવું જાઈઝ છે, જો કે શહેરમાં હોય અને જે શખ્સ ઈજમાએ ઉમ્મતની મુખાલેફત કરે તેને કાફિર તથા ફાસિક ઠેરવવામાં આવશે નહીં. અને ખુદા તઆલાની જાતમાં પરિવર્તન થાય છે. અને અલ્લાહ તઆલાના શરીર હોવા અને તેના માટે જહત (દિશા) અને એક જગ્યાથી બીજી જગ્યાએ પરિવર્તિત થવાનો કાઈલ (સ્વીકાર કરનાર) છે. અને કહે છે કે ખુદા તઆલા બિલકુલ અર્શના બરાબર છે, ન તેનાથી નાનો છે ન મોટો.

અને એમ પણ કહે છે કે જહન્નમ ફના થઈ જશે. અને એમ પણ કહે છે કે અંબિયાએ કિરામ علیہم السلام માસૂમ નથી. અને રસૂલુલ્લાહ

ﷺનો કોઈ મર્તબો નથી, તેમનો વસીલો બનાવવામાં ન આવે. અને હુઝૂર ﷺની ઝિયારતની નિય્યતથી સફર (પ્રવાસ) કરવું ગુનોહ છે. એવા સફરમાં નમાઝની કસર જાઈઝ નથી. જે શખ્સ એવું કરશે તે હુઝૂર ﷺની શફાઅતથી મેહરૂમ રહેશે. (ફતાવા હદીષિયહ, પેજ : ૧૧૨) અને લખે છે :–

''ઈબ્ને તૈમિયહ એવો શખ્સ છે કે ખુદા તઆલાએ તેને નામુરાદ કરી દીધો અને ગુમરાહ કરી દીધો અને તેની બસારત તથા સમાઅત (દષ્ટિ તથા શ્રવણ શક્તિ)ને સલબ કરી લીધી (જપ્ત કરી લીધી) અને તેને ઝિલ્લતના ખાડામાં ફેંકી દીધો. અને આ વાતોની સ્પષ્ટતા તે ઈમામોએ કરી છે જેમણે તેના અહવાલના ફસાદ અને તેના કથનોની જૂઠની પોલ ખોલી છે.

જે શખ્સ આ વાતોની વિગતે પૂર્ણ જાણકારી પ્રાપ્ત કરવા ઈચ્છે તેણે તે ઈમામના કલામનું અધ્યયન કરવું જોઈએ કે જેમની ઈમામત તથા જલાલત પર સૌ ઉલ્માએ કિરામની સહમતિ છે, અને જે ઈજતેહાદના મર્તબા પર આરૂઢ છે. અર્થાત હઝરત અબુલ હસન સુબ્ક઼ી رحمۃ اللہ علیہ અને હઝરત તાજુદ્દીન સુબ્ક઼ીના ફરઝંદ અને હઝરત શેખ ઈમામ અઝલુદ્દીન બિન જમાઅ અને તેમના સમકાલિન શાફઈ, માલિકી અને હનફી ઉલમાની કિતાબોને વાંચે. અને ઈબ્ને તૈમિયહના આક્ષેપો કેવળ મુતાખ્ખેરીન (પાછલા) સૂફીઓ પર જ નહીં બલ્કે તે તો એટલા પ્રમાણમાં હદથી વધી ગયો કે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર બિન ખત્તાબ અને અમીરુલ મો'મિનીન હઝરત અલી બિન અબી તાલિબ رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેવી મુક઼દસ જાતોને પણ પોતાના આક્ષેપોનાં નિશાન (લક્ષ્ય) બનાવી નાખ્યા.

ખુલાસો એ છે કે ઈબ્ને તૈમિયહની બકવાસોનું કોઈ વજન નથી બલ્કે એ તેના લાયક છે કે ખાડાઓ અને કૂવાઓમાં ફેંકી દેવામાં આવે. અને ઈબ્ને તૈમિયહ સંબંધે એ જ અક઼ીદો રાખવામાં આવે કે તે બદ્‌મઝહબ, ગુમરાહ, બીજાઓને ગુમરાહ કરનાર, જાહિલ અને હદથી ઓળંગી જનાર છે. ખુદા તઆલા તેનાથી બદલો લે અને આપણને સૌને તેની રાહ અને તેના અક઼ીદાઓથી પોતાની પનાહમાં રાખે. (આમીન)

*(ફતાવા હદીષિયહ, પેજ : ૧૧૪)*

અને આઠમી સદી હિજરીના મહાન ઉન્દલુસી ઈતિહાસકાર અબૂ અબ્દુલ્લાહ બિન બતૂતા પોતાના સફરનામામાં ઈબ્ને તૈમિયહનો ઉલ્લેખ આ પ્રમાણે કરે છે :–

## 'એક જનૂની આલિમનું બયાન'

પછી લખે છે :–

''જો કે ઈબ્ને તૈમિયહને કેટલીયે કળાઓ હુન્નરોમાં વાચાળ શક્તિ હતી. પરંતુ દિમાગમાં કેટલાક પ્રમાણમાં ફતૂર (વિકાર) આવી ગયો હતો.''

*(ઈબ્ને બતૂતા, દારબૈરૂત પ્રેસ, પેજ : ૯૫ તથા ખૈરીયહ પ્રેસ, પેજ : ૬૮)*

દિમાગમાં ખરાબી અને ફુતૂરના જ કારણે જ્યારે ઈબ્ને તૈમિયહએ કેટલાય મસાઈલમાં ઈજમાએ ઉમ્મત (ઉમ્મતની સર્વ સંમતિ)ની વિરુદ્ધતા કરી, ત્યાં સુધી કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અને હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને પણ આક્ષેપના નિશાન બનાવી નાખ્યા, તો અહલે સુન્નત વ જમાઅત હનફી, શાફઈ, માલિકી અને હંબલી દરેક મઝહબના ઉલ્માએ તેનું ખંડન કર્યું અને તેને ગુમરાહ અને ગુમરાહગર ઠરાવ્યો, પરંતુ ગેર મુક઼લ્લિદો કે જેમના દિલોમાં ખોટ અને વક્રતા

જોવામાં આવે છે, તેમણે દિમાગી ખલલ ધરાવનાર ઈબ્ને તૈમિયહની પેરવી કરી લીધી અને તેને પોતાનો ઈમામ તથા પેશવા બનાવી લીધો.

દુઆ છે કે ખુદા ﷻ ઈબ્ને તૈમિયહ અને તેની પયરવી કરનારા ગૈર મુક઼લ્લિદોના ફિત્નાથી મુસલમાનોને સુરક્ષિત રાખે.

## ગૈર મુક઼લ્લિદોના કેટલાક ગુપ્ત રહસ્યો★

૦૧. ગૈર મુક઼લ્લિદોની નજરમાં રામચંદ્ર અને લક્ષ્મણ અને કૃષ્ણ નબી છે, જે હિંદુઓમાં મશ્હૂર છે. એ જ પ્રમાણે ઈરાનીઓમાં ઝરથોસ્ત અને ચીન તથા જાપાનવાળાઓમાં નફસ્યૂસ અને બુદ્ધ તથા સુકરાત અને ફીશાગોર યૂનાનીઓમાં, મોલ્વી વહીદુઝ્ઝમાં ગૈર મુક઼લ્લિદ લખે છે કે અમો તેમની નબુવ્વતનો ઈન્કાર કરી શકતા નથી. તેઓ અંબિયા, સુલ્હા હતા. *(હદિયતુલ મહદી, પેજ : ૮૫)*

૦૨. ગૈર મુક઼લ્લિદોની નજરમાં કાફિરનું ઝુબ્હ કરેલ જાનવર હલાલ છે. તેનું ખાવુ જાઈઝ છે. *(દલીલુત્ તાલિબ, પેજ : ૪૧૩, લેખક : નવાબ સિદીક઼ હસનખાન ગૈર મુક઼લ્લિદ તથા ઉર્ફુલ જાદી, પેજ : ૨૪૭, લેખક : નૂરુલ હસનખાં ગૈર મુક઼લ્લિદ)*

૦૩. ગૈર મુક઼લ્લિદનો મઝહબ છે કે પુરૂષ એક સમયમાં જેટલી સ્ત્રીઓથી ઈચ્છે નિકાહ કરી શકે છે, તેની હદ નથી કે ચાર જ હોય. *(ઝફરુલલાદી, પેજ : ૧૪૧ તથા ૧૪૨, નવાબ સાહબ ગૈર મુક઼લ્લિદની ઉર્ફુલ જાદી, પેજ : ૧૧૫)*

---

*★ આ પ્રકરણનાં સર્વ લખાણો તથા હવાલા દારુલ ઉલૂમ દેવબંદના સદર મુફ્તી મહદી હસન શાહજહાંપુરીની કિતાબ 'ક઼ત્ઉલ વત્તીન'થી બેઠે બેઠા નક઼લ કરવામાં આવ્યા છે. –લેખક*

૦૪. ગેર મુક઼લ્લિદોની નજરમાં ખુશ્કી (જમીન)ના તે તમામ જાનવર હલાલ છે જેમાં લોહી નથી.

*–(બદ્દૂરુલ અહલહ, પેજ : ૩૪૮, લેખક : મઝકૂર નવાબ સાહબ)*

૦૫. ગેર મુક઼લ્લિદોની નજરમાં જે જાનવર મરી ગયું અને મૃતક છે તે નાપાક નથી. *(દલીલુત્ તાલિબ, પેજ : ૨૨૪)*

૦૬. નવાબ સાહબ ગેર મુક઼લ્લિદ ફર્માવે છે કે સુવ્વરના નાપાક હોવા પર આયતથી દલીલ લાવવું સહીહ અને વિશ્વાસપાત્ર નથી, બલ્કે તેના પાક હોવા પર દલીલ છે. *(બદ્દૂરુલ અહલહ, પેજ : ૧૫, ૧૬)*

૦૭. ગેર મુક઼લ્લિદોની નઝદીક હૈઝ તથા નિફાસના લોહી સિવાય બાકી તમામ જાનવરો અને ઈન્સાનોનું લોહી પાક છે. *(દલીલુત્ તાલિબ, પેજ : ૨૩૦ તથા બદ્દૂરુલ અહલહ, પેજ : ૧૮ તથા ઉર્ફુલ જાદી, પેજ : ૧૦)*

૦૮. ગેર મુક઼લ્લિદોના નજીક વેપારના માલમાં ઝકાત નથી.

*(બદ્દૂરુલ અહલહ, પેજ : ૧૦૨ તથા દલીલુત્ તાલિબ તથા મસકલ ખતામ શરહે બલૂગ઼િલ મરામ તથા શરહે રિસાલા શૌકાની)*

૦૯. ગેર મુક઼લ્લિદોના નજીક છ વસ્તુઓ સિવાય બાકીની તમામ ચીજોમાં વ્યાજ લેવું જાઈઝ છે. *(દલીલુત્ તાલિબ, ઉર્ફુલ જાદી, અલ બુન્યાનુલ મરસૂસ, બદ્દૂરુલ અહલહ વગેરે)*

૧૦. ગેર મુક઼લ્લિદોના નજીક નાપાક આદમીએ ગુસ્લ કર્યા વગર કુર્આન શરીફનો સ્પર્શ કરવું, ઉપાડવું, મૂકવું અને હાથ લગાડવું જાઈઝ છે. *(દલીલુત્ તાલિબ, પેજ : ૨૫૨, ઉર્ફુલ જાદી, અલ બુન્યાનુલ મરસૂસ)*

૧૧. ગેર મુક઼લ્લિદોના નજીક ચાંદી સોનાના ઘરેણાઓમાં ઝકાત વાજિબ નથી. *(બદ્દૂરલ અહલહ, પેજ : ૧૦૧)*

૧૨. ગેર મુક઼લ્લિદોના નઝદીક શરાબ નાપાક તથા નજિસ નથી બલ્કે પાક છે. *(બદૂરુલ અહલહ, પેજ : ૧૫, દલીલતુ તાલિબ, પેજ : ૪૦૪, ઉર્ફુલ જાદી, પેજ : ૨૪૫)*

૧૩. ગેર મુક઼લ્લિદોના નઝદીક સોના, ચાંદીના ઘરેણાઓમાં વ્યાજ હોતું નથી જેવી રીતે ઈચ્છે વેચે ખરીદે, ઓછુ વત્તુ દરેક પ્રકારે જાઈઝ છે. *(દલીલુતુ તાલિબ, પેજ : ૫૭૫)*

૧૪. ગેર મુક઼લ્લિદોની નઝદીક મની (વિર્ય) પાક છે.

*(બદૂરુલ અહલહ, પેજ : ૧૫૭, બીજી ઉપર મુજબની કિતાબો)*

૧૫. ગેર મુક઼લ્લિદોના નઝદીક ઝવાલ થવાથી પહેલાં જુમ્આની નમાઝ પઢવું જાઈઝ છે. *(બદૂરુલ અહલહ, પેજ : ૭૧)*

૧૬. ગેર મુક઼લ્લિદોના નઝદીક જવાન પુરૂષો અને છોકરાઓએ ચાંદીનું ઘરેણુ પહેરવું જાઈઝ છે.

*(બદૂરુલ અહલહ, પેજ : ૨૫૬, દલીલુતુ તાલિબ, પેજ : ૪૩૪, ૪૩૫)*

૧૭. ગેર મુક઼લ્લિદોની નઝદીક જો કોઈ ઈરાદાપૂર્વક નમાઝ છોડી દે અને પછી તેની ક઼ઝા કરે તો ક઼ઝાથી કાંઈ ફાયદો નથી. તેની તે નમાઝ મક઼બૂલ નથી અને ન તે નમાઝનું ક઼ઝા કરવું તેના માથે વાજિબ છે. તે હમેશાં ગુનેહગાર રહેશે. *(દલીલુતુ તાલિબ, પેજ : ૨૫૦)*

૧૮. ગેર મુક઼લ્લિદોના નઝદીક તમામ જાનવરોનો પેશાબ પાક છે.

*(બદૂરુલ અહલહ, પેજ : ૧૪)*

૧૯. ગેર મુક઼લ્લિદોના નઝદીક દરિયાના તમામ જાનવર, જીવતાં હોય કે મુડદાં સૌ હલાલ છે.

*(બદૂરુલ અહલહ, પેજ : ૩૩૩ તથા ઉર્ફુલ જાદી, પેજ : ૨૪૭)*

૨૦. ગેર મુક઼લ્લિદોના નઝદીક ચાંદી, સોનાના વાસણનો ઉપયોગ કરવું જાઈઝ છે. *(બદૂરુલ અહલહ, પેજ : ૨૫૪)*

૨૧. ગેર મુક઼લ્લિદોના નઝદીક જે શખ્સે કોઈ ઔરતથી ઝિના કર્યો છે તે શખ્સ તેની છોકરીથી નિકાહ કરી શકે છે, ભલે તે છોકરી એ જ ઝિનાથી પેદા થઈ હોય. *(ઉર્ફુલ જાદી, પેજ : ૧૧૩)*

૨૨. ગેર મુક઼લ્લિદોના નઝદીક હસ્તમૈથુન કરવું અથવા બીજી કોઈ વસ્તુથી વિર્ય કાઢવું તે શખ્સ માટે મુબાહ (ઉચિત) છે જેને પત્ની ન હોય, અને જો ગુનાહમાં વ્યસ્ત થવાનો ડર હોય તો વાજિબ અને મુસ્તહબ થાય છે. *(ઉર્ફુલ જાદી, પેજ : ૨૧૪)*

૨૩. ગેર મુક઼લ્લિદોની નઝદીક એક જ બકરીની કુર્બાની કેટલાય ઘરવાળાઓ તરફથી પૂરતી છે, ભલે ૧૦૦ આદમી જ એક મકાનમાં કેમ ન હોય. *(બદૂરુલ અહલહ, પેજ : ૩૪૧)*

૨૪. ગેર મુક઼લ્લિદોના નઝદીક હુઝૂર ﷺના મઝાર મુબારકની ઝિયારત માટે પ્રવાસ કરવું જાઈઝ નથી. *(ઉર્ફુલ જાદી, પેજ : ૨૫૭)*

૨૫. ગેર મુક઼લ્લિદોની નઝદીક નાપાકી પડવાથી કોઈ પાણી નાપાક થતુ નથી. પાણી થોડુ હોય કે વધારે. નાપાકી પાખાનું (મળ) હોય કે પેશાબ હોય અથવા બીજી કોઈ હોય. હા ! રંગ તથા વાસ, સ્વાદ જાહેર થાય તો નાપાક થઈ જશે. *(ઉર્ફુલ જાદી, પેજ : ૯)*

૨૬. ગેર મુક઼લ્લિદોના નઝદીક જો નમાઝી નાપાક બદનથી નમાઝ પઢે તો તેની નમાઝ બાતિલ થતી નથી અને તે ગુનેહગાર છે.

*(બદૂરુલ અહલહ, પેજ : ૩૮)*

૨૭. ગેર મુક઼લ્લિદોના નઝદીક શરીરમાંથી કેટલું પણ લોહી નીકળે તેનાથી વુઝૂ તૂટતું નથી. *(દસ્તૂરુલ મુત્તક઼ી)*

૨૮. ગેર મુક઼લ્લિદોના નઝદીક માથુ મૂંડાવવું સુન્નત વિરુધ્ધ અને ખારજીઓની નિશાની છે. *(અલબુન્યાનિલ મરસૂસ, પેજ : ૧૬૯)*

૨૯. ગેર મુક઼લ્લિદોના નઝદીક શબ્દ અલ્લાહની સાથે ઝિક્ર કરવું બિદઅત છે. *(અલબુન્યાનિલ મરસૂસ, પેજ : ૧૭૩)*

૩૦. ગેર મુક઼લ્લિદોના નઝદીક ઔરતની નમાઝ તમામ સતર છુપાવ્યા વગર સહીહ છે. એકલી હોય કે બીજી ઔરતની સાથે હોય અથવા પોતાના પતિ સાથે હોય કે બીજા મહરમોની સાથે હોય. તાત્પર્ય કે દરેક પ્રકારે સહીહ છે. વધુમાં વધુ માથુ ઢાંકી લે.

*(બદૂરલ અહલહ, પેજ : ૩૮)*

૩૧. ગેર મુક઼લ્લિદોની નઝદીક નમાઝીના કપડાંઓનું પાક હોવું શર્ત નથી. જો કોઈએ નાપાક કપડાંઓમાં કોઈ ઉઝર વગર ઈરાદાપૂર્વક નમાઝ પઢી લીધી તો તેની નમાઝ સહીહ થઈ જાય છે. *(દલીલુત્ તાલિબ, પેજ : ૨૬૪, ઉર્ફુલજાદી, પેજ : ૩૨, બદૂરુલ અહલહ, પેજ : ૩૯)*

૩૨. ગેર મુક઼લ્લિદોની નઝદીક ઘૂંટીથી નીચે પાયજામો પહેરવાથી વુઝૂ તૂટી જાય છે. *(દસ્તૂરુલ મુત્તક઼ી, પેજ : ૨૯)*

૩૩. રમઝાનમાં રોઝાની હાલતમાં કોઈએ ઈરાદાપૂર્વક ખાઈ પી લીધું તો ગેર મુક઼લ્લિદોના નઝદીક તેના માથે કફ્ફારો નથી.

*(દસ્તૂરુલ મુત્તક઼ી, પેજ : ૧૦૩)*

૩૪. ગેર મુક઼લ્લિદોના નઝદીક પર્દાની આયત ખાસ અઝવાજે મુતહ્હરાત (પુનિત પત્નીઓ) સંબંધે ઉતરી છે, ઉમ્મતની ઔરતો માટે નથી. *(અલબુન્યાનિલ મરસૂસ, પેજ : ૧૬૮)*

૩૫. ગેર મુક઼લ્લિદોની નઝદીક શાહી (એક જંગલી જાનવર જેના શરીર પર લાંબા લાંબા કાંટા હોય છે) ખાવું જાઈઝ છે. હુર્મતની હદીષ સાબિત નથી.

*(બદ્રુલ અહલહ, પેજ : ૩૫૧ તથા ઉર્ફુલજાદી, પેજ : ૨૪૩)*

૩૬. ગેર મુક઼લ્લિદોની નઝદીક જાનવરને ઝુબહ કરતી વેળા "બિસ્મિલ્લાહ" પઢી નથી તો જમતી વેળા "બિસ્મિલ્લાહ" પઢી લે, તેનું ખાવું જાઈઝ છે. *(ઉર્ફુલ જાદી, પેજ : ૨૪૯)*

૩૭. નાબાલિગ છોકરો જો બાલિગોની ઈમામત કરે તો તેની ઈમામત સહીહ છે. *(ઉર્ફુલ જાદી, પેજ : ૩૮)*

૩૮. મોલ્વી વહીદુઝ્ઝમાં ગેર મુક઼લ્લિદ લખે છે : જે શખ્સ નિકાહ અથવા ખુશીના રિવાજોમાં વાજા વગાડાવે તેને ફાસિક઼ કહેવું જુલ્મ અને શરારત તથા ઈર્ષા છે.

*(અસરારુલ્ લુગત, પારો આઠમો, પેજ : ૬૧)*

૩૯. ગેર મુક઼લ્લિદોના નઝદીક હૈઝની હાલતમાં ઔરત પર તલાક઼ પડતી નથી. *(રોઝએ નદિય્યહ, પેજ : ૨૧૧)*

૪૦. શેખ ઈબ્ને તૈમિયહ ફર્માવે છે કે હઝરત અલી كرم الله وجهه الكريم એ ત્રણસો કરતાં વધારે મસ્અલાઓમાં ગલતી કરી છે.

*(ફતાવા હદીષિયહ, પેજ : ૮૭)*

૪૧. ગેર મુક઼લ્લિદોના નઝદીક ફજરની નમાઝ માટે તકબીર ઉપરાંત બે અઝાનો આપવી જોઈએ.

*–(અસરારુલ લુગત, પારો : ૧૦, પેજ : ૧૧૯)*

૪૨. ગેર મુક઼લ્લિદોનો મઝહબ છે કે જો રંડીએ ઝિનાથી માલ કમાયો

અને તેના પછી તેણે તૌબા કરી લીધી તો તે માલ તેના અને તમામ મુસલમાનો માટે હલાલ અને પાક થઈ જાય છે. *(જુઓ ફતાવા મોલ્વી અબ્દુલ્લાહ ગાઝીપુરી, તા. ૨૩ રબીઉલ આખર, હિ.સ. ૧૩૨૯)*

૪૩. ગેર મુક઼લ્લિદોની નઝદીક ખુતબામાં ખલીફાઓનો ઝિક્ર (ઉલ્લેખ) કરવું બિદઅત છે. *(હદિયતુલ મહદી, પેજ : ૧૧૦)*

૪૪. ગેર મુક઼લ્લિદોના નઝદીક મુતઆ (નક્કી કરેલ મુદ્દત માટે નિકાહ કરવું) જાઈઝ છે. *(હદિયતુલ મહદી, પેજ : ૧૧૮)*

૪૫. ગેર મુક઼લ્લિદોની નઝદીક જે શખ્સ ઓરતો અને લોંડીઓથી લવાતત (સૃષ્ટિ વિરુદ્ધનું કર્મ) કરે અર્થાત પાછળના ભાગમાં સમાગમ કરે તેને મના કરવું જોઈએ નહીં. કેમ કે મસ્અલો વિવાદાસ્પદ છે. *(હદિયતુલ મહદી, પેજ : ૧૧૮)*

૪૬. ગેર મુક઼લ્લિદોના નઝદીક ગાયનો અને વાજિંત્રોથી લોકોને મના કરવું જોઈએ નહીં. *(હદિયતુલ મહદી, પેજ : ૧૧૮)*

૪૭. ગેર મુક઼લ્લિદો કહે છે, સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના અક઼વાલ (કથનો) હુજ્જત નથી. *(હદિયતુલ મહદી, પેજ : ૨૧૧)*

## ગેર મુક઼લ્લિદોના ચાલીસ ફ્રેબ

કિતાબ હક઼ીક઼તુલ ફિક઼્હ (લેખક : મુક઼લ્લિદ મોલ્વી યૂસુફ જયપુરી જે બીજા બીજા ગેર મુક઼લ્લિદ મોલ્વી દાઊદની શુદ્ધિકરણ અને ઉમેરા પછી ઈદારા દા'વતે ઈસ્લામ, મો'મિન પુરા, મુંબઈથી પ્રકાશિત થઈ છે) તે હનફીઓને તેમના મઝહબથી નફરત દેવડાવવા અને તેમને ગેર મુક઼લ્લિદો વહાબી બનાવવા માટે આરંભથી અંત સુધી સમગ્ર કિતાબ

પ્રપંચથી ભરેલી છે. અમો અહીંયા તે કિતાબના કેવળ ચાલીસ ધોકાઓ નક઼લ કરીએ છીએ.

**૦૧.** હક઼ીક઼તુલ ફિક઼્હ, પેજ : ૩૯ પર હુઝૂર સૈયદના શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہની મશ્હૂર કિતાબ "ગુન્યતુત્તાલિબીન"ના હવાલાથી હનફીઓને ગુમરાહ ફિર્ક઼ાઓ પૈકી ગણના કરી છે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાંન બરેલ્વી رضی اللہ عنہ ગૈર મુક઼લ્લિદોના આ ફરેબના પડદો ચીરતાં લખે છે કે આ સ્પષ્ટ ગલત અને જૂઠ પર જૂઠ છે કે તમામ હનફીઓને એવું લખ્યું છે. ગુનિયતુત્તાલિબીનના ત્યાં એ સ્પષ્ટ શબ્દો એ છે કે, "તે કેટલાક હનફી છે" તેનાથી ન હનફીઓ પર આરોપ આવી શકે છે ન મઆઝલ્લાહ હનફીયત પર, અંતે એ તો સર્વથા ખબર છે અને સૌ જાણે છે કે હનફીઓમાં કેટલાક મોઅતઝલી હતા. જેવા ઝમખશરી સાહબ કશફાક તથા અબ્દુલ જબ્બાર તથા મર્તઝી સાહબ મુગરબ તથા ઝાહિદી સાહબ કેનિયા તથા હાદી તથા મુજતબી પછી તેનાથી હનફિયત તથા હનફીયો પર શું આરોપ આવ્યો ? કેટલાક શાફીઓ, ઝૈદી, રાફઝી છે, તેનાથી શાફઈઓ તથા શાફઈયત પર શું આરોપ આવ્યો ? નજદના વહાબી સૌ હંબલી છે. પછી તેનાથી હંબલીઓ તથા હંબલિયત પર શું આરોપ આવ્યો ? જવા દો રાફઝી, ખારજી, મુઅતઝલા, વહાબી સૌ ઈસ્લામમાંથી જ નીકળ્યા અને ઈસ્લામના દાવેદાર થયા, પછી મઆઝલ્લાહ ! તેનાથી ઈસ્લામ તથા મુસલમાનો પર શું આરોપ આવ્યો ? *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૯, પેજ : ૨૮)*

ખુલાસો એ કે હુઝૂર સૈયદના ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہએ કેવળ કેટલાક હનફીઓને ગુમરાહ કહ્યા છે. જે ફુરૂઈ મસાઈલમાં હઝરત

ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની તક઼લીદ કરતા હતા અને ગલત અક઼ીદો રાખતા હતા. જેવું કે આજકાલ દેવબંદી અને મૌદૂદી વગેરે ફુરૂઈ મસાઈલમાં હઝરત ઈમામે આ'ઝમની પૈરવી કરવાના કારણે હનફી કહેવાય છે અને ગલત અક઼ીદો રાખવાના કારણે ગુમરાહ તથા બદ્‌મઝહબ છે.

૦૨. અને પેજ નં. ૧૯ પર આલમગીરીના હવાલાથી છે કે જીવંત અથવા મુડદા જાનવર અથવા નાની વયની છોકરીથી સંભોગ કર્યો તો વૂઝૂ તૂટયુ નહીં. આ પણ ગેર મુક઼લ્લિદોનો ખુલ્લો ફરેબ છે. એટલા માટે કે **આ મસ્અલો ફતાવા આલમગીરીમાં હરગિઝ નથી.**

૦૩. અને પછી એ જ કિતાબના પેજ નં. ૯૩ પર હિદાયાના હવાલાથી છે કે સમાગમ વગર મની (વિર્ય) યોનીમાં દાખલ થઈ ગઈ અને ઔરત હામેલા થઈ ગઈ તો એ જ સમયે ગુસ્લ લાઝિમ થશે. આ પણ ગેર મુક઼લ્લિદોનો ખુલ્લો ફરેબ અને જૂઠ છે. કેમ કે **હિદાયામાં આ મસ્અલો હરગિઝ નથી.** માટે لَعْنَتَ اللهِ عَلَى الْكٰذِبِيْنَ (જૂઠાઓ પર અલ્લાહની લા'નત !) પઢો.

૦૪. અને પેજ નં. ૧૯૭ પર દુર્રે મુખ્તારના હવાલાથી છે કે પેશાબ હલાલ જાનવરોનો નાપાકી દૂર કરવાવાળો છે. આ પણ ગેર મુક઼લ્લિદોની મક્કારી છે. એટલા માટે કે **દુર્રે મુખ્તારમાં આ મસ્અલો હરગિઝ નથી** બલ્કે તેમાં એ છે કે હલાલ જાનવરોનો પેશાબ નજાસત (ગંદકી) છે. જુઓ ભાગ : ૧, પેજ નં. ૧૪૦. અને જે ચીજ નજાસત છે તે હરગિઝ નજાસતને દૂર કરી શકતી નથી.

૦૫. અને પેજ નં. ૧૯૮ પર ફતાવા આલમગીરીના હવાલાથી છે કે પાખાનુ (મળ) અથવા લીડ લાગીને સૂકાઈ ગયું તો રગડવાથી પાક છે. **આલમગીરીમાં આ મસ્અલો કેવળ ચામડાના મોજા માટે બયાન કરવામાં આવ્યો છે.** તેની અસલ ઈબારત (લખાણ) આ છે :–

**અર્થાત** : ''ખૂફ જ્યારે કે તેમાં નાપાકી લાગી જાય જો શરીરવાળી હોય જેવું કે ખાલ અને લીડ અને વિર્ય ખુરચવા (રગડવાથી) પાક થઈ જાય છે જ્યારે સૂકાઈ જાય.

માટે ગેર મુક઼લ્લિદોનું તેને સર્વથા લખવું કે દરેક વસ્તુમાં પાખાનું અથવા લીડ લાગે તો એ જ હુકમ છે, આ પણ તેમનો ફરેબ છે.

૦૬. અને પેજ નં. ૨૦૨ પર દુર્રે મુખ્તારના હવાલાથી છે કે સુવ્વર નજિસુલ ઐન નથી. આ પણ ગેર મુક઼લ્લિદોનું મિથ્યારોપણ તથા આક્ષેપ છે અને હનફી મઝહબથી લોકોને ભડકાવીને ગેર મુક઼લ્લિદ વહાબી બનાવવા માટે ખુલ્લો ફરેબ છે. **આ મસ્અલો દુર્રે મુખ્તારમાં હરગિઝ નથી.** બલ્કે ફિક઼્હે હનફીની દરેક કિતાબમાં એ છે કે સુવ્વર નજિસુલઅન (સર્વાંગ નાપાક) છે. જૂઠાઓ પર અલ્લાહની લા'નત !

૦૭. અને પેજ નં. ૨૦૩ પર ''મનીયતુલ મુસલ્લા''ના હવાલાથી છે કે સુવ્વરની ખાલ (ચામડું) પણ પકવવાથી (કમાવવા)થી પાક થઈ જાય છે. આ પણ ગેર મુક઼લ્લિદોનો સ્પષ્ટ ફરેબ છે. એટલા માટે કે **મનીયતુલ મુસલ્લામાં આ મસ્અલો હરગિઝ નથી.** બલ્કે તેના પેજ નં. ૬૬ પર છે કે સુવ્વર અને આદમી સિવાય દરેક

વસ્તુની ખાલ કમાવવાથી (પકવવાથી) પાક થઈ જાય છે.

૦૮. અને પેજ નં. ૨૫૦ પર હિદાયાના હવાલાથી છે કે સુવ્વર અથવા કૂતરાની પીઠ પર ધૂળ, માટી હોય તો તયમ્મુમ જાઈઝ છે. આ પણ ગેર મુક઼લ્લિદોનો ખુલ્લો ફરેબ છે. એટલા માટે કે **હિદાયામાં આ મસ્અલો હરગિઝ નથી.** જૂઠાઓએ પોતાનો જૂઠો મઝહબ ફેલાવવા માટે સાહિબે હિદાયા પર જૂઠો આરોપ લગાડયો છે.

૦૯. અને પેજ નં. ૨૪૭ પર હિદાયાના હવાલાથી છે કે અમામા પર મસહ જાઈઝ છે. આ પણ ગેર મુક઼લ્લિદોનો ખુલ્લમ ખુલ્લો ફરેબ છે. એટલા માટે કે **હિદાયામાં આવી રીતે મસ્અલો નથી, બલ્કે તેના પેજ નં. ૪૪ પર છે, ''અમામા પર મસહ જાઈઝ નથી.''**

૧૦. અને પેજ નં. ૨૦૫ પર દુર્રે મુખ્તારના હવાલાથી છે કે નમાઝે જનાઝા તથા ઈદ માટે તયમ્મુમ કરવું જાઈઝ છે, ભલે પાણી મોજૂદ હોય. આ પણ ગેર મુક઼લ્લિદોનો ખુલ્લો ફરેબ છે. એટલા માટે કે આ ઈબારતનો મતલબ એ થયો કે પાણી હોવા છતાં દરેક હાલતમાં જનાઝા તથા ઈદની નમાઝ માટે તયમ્મુમ જાઈઝ છે. જો કે પાણી હોવા છતાં જનાઝા તથા ઈદની નમાઝ માટે કેવળ એ સૂરતમાં તયમ્મુમ જાઈઝ છે. જ્યારે કે વુઝૂ અથવા ગુસ્લ કરવામાં તેના ચાલ્યા જવા (છૂટી જવા)ની શંકા હોય, જિલ્દ : ૧, પેજ નં. ૧૬૧ પર દુર્રે મુખ્તારની અસલ ઈબારત મૌજૂદ છે.

૧૧. અને પેજ નં. ૨૦૫ પર દુર્રે મુખ્તાર છે, હિદાયા, ક઼દૂરી અને મનીયતુલ મુસલ્લીના હવાલાથી છે કે ''અલ્લાહુ અકબર''ના બદલે ''અલ્લાહુ અકબાર'' અથવા ''અલ્લાહુલ અકબર'' કહેવું

જાઈઝ છે. જૂઠાઓ પર અલ્લાહની લા'નત થાય એટલા માટે કે **મઝકૂર ચાર કિતાબોમાંથી કોઈમાં આ મસ્અલો નથી.** અને ''અલ્લાહુ અકબર'' અથવા ''અલ્લાહુલ અકબાર'' કહેવું કેવી રીતે જાઈઝ થઈ શકે છે ? જ્યારે કે અકબાર કિબરનું બહુવચન છે. જેનો અર્થ છે, ઢોલ, અને તે હૈઝનું નામ છે અથવા શૈતાનનું (જુઓ શામી, ૧/૩૦૪) અને મનીયતુલ મુસલ્લા, પેજ નં. ૧૧૨માં છે : જો આરભમાં ''અલ્લાહુ અકબાર'' કહ્યું તો નમાઝ ફાસિદ થઈ જશે, એટલા માટે કે અકબાર શૈતાનનું નામ છે. સ્પષ્ટ થઈ ગયું કે આ પણ ગેર મુકલ્લિદોનું તોહમત તથા આરોપ અને ખુલ્લો ફરેબ છે.

**૧૨.** અને પેજ નં. ૨૦૭ પર આલમગીરીના હવાલાથી છે કે, ''ઈમામ કિર્અત શરૂ કરે તો મુક્તદી ''સુબ્હાનક અલ્લાહુમ્મ'' પઢી લે.'' ફતાવા આલમગીરીમાં એવી રીતે છે કે જ્યારે ઈમામ ધીમેથી કિર્અત પઢતો હોય તો મુક્તદી ષના પઢી લે અને જ્યારે તે બુલંદ અવાજથી કિર્અત કરે તો ન પઢે. (જુઓ ભાગ : ૧, પેજ : ૮૫) માટે આ પણ ગેર મુકલ્લિદોનો સ્પષ્ટ ફરેબ છે.

**૧૩.** અને પેજ નં. ૨૧૧ પર દુર્રે મુખ્તાર અને હિદાયાના હવાલાથી છે કે, **''કૂતરા, બિલાડીને બોલાવવા અથવા ગધેડાને હાંકવાથી નમાઝ ફાસિદ થતી નથી.''** હનફી લોકોને બહેકાવવા માટે આ પણ ગેર મુકલ્લિદોનું જૂઠ અને ફરેબ છે. એટલા માટે કે **મઝકૂર બંને કિતાબોમાં આ મસ્અલો હરગિઝ નથી.** જૂઠાઓ પર અલ્લાહની લા'નત !

**૧૪.** અને પેજ નં. ૨૧૨ પર માલબદ મિન્હાના હવાલાથી છે કે લખેલા

પર નજર કરી અને તેનો અર્થ દર્યાફ્ત કર્યો તો નમાઝ ફાસિદ થઈ નહીં. ફારસી ભાષામાં દર્યાફ્તનો અર્થ છે સમજવું, પરંતુ ઉર્દૂમાં તેનો અર્થ છે પૂછવું, તો માલબદ મિન્હ જે ફારસીમાં છે તેની ઈબારતનો અર્થ એ થયો કે કાંઈ લખેલું જોયું અને તેનો અર્થ સમજી ગયો તો નમાઝ ફાસિદ નથી. ખુદા તઆલા એવા મક્કારોના ફરેબથી મુસલમાનોને સુરક્ષિત રાખે. (આમીન)

૧૫. અને પેજ નં. ૨૧૩માં હિદાયાના હવાલાથી છે કે ફજરની નમાઝમાં કુનૂત પઢવું ચારે ખુલ્ફાએ રાશેદીન અને મોટાભાગના સહાબાથી સાબિત છે. આ પણ ગેર મુક઼લ્લિદોનું જૂઠ અને ફરેબ છે. એટલા માટે કે **આ હિદાયામાં હરગિઝ નથી.**

૧૬. અને ફરી પેજ નં. ૨૧૩ પર દુર્રે મુખ્તાર અને આલમગીરી વગેરેના હવાલાથી છે કે જુમ્આની શરતોમાંથી એ છે કે શહેર હોય, જ્યાં શરઈ હદો કાયમ હોય, આ પણ ગેર મુક઼લ્લિદોનો ફરેબ છે. એટલા માટે કે અમારી કિતાબોમાં આ હરગિઝ નથી કે એવું શહેર હોય જ્યાં હદ્દે શરઈય્યહ ક઼ાયમ હોય બલ્કે એ છે કે શેહરમાં એવો હાકિમ હોય જે હદૂદે શરઈય્યહ ક઼ાયમ કરવાની શક્તિ ધરાવતો હોય.

૧૭. અને પેજ નં. ૨૧૪માં શરહે વક઼ાયાના હવાલાથી છે કે ખુત્બો એક તસ્બીહ (સુબ્હાનલ્લાહ)ના બરાબર છે. આ પણ ગેર મુક઼લ્લિદોનો ખુલ્લો ફરેબ છે. એટલા માટે કે અમારી કોઈ કિતાબોમાં આવું નથી કે ખુત્બો એક તસ્બીહના બરાબર હોય બલ્કે એ છે કે બે ખુત્બા હોય જેમાં ખુદા તઆલાની વહદાનિયત અને રસૂલુલ્લાહ ﷺની રિસાલતની શહાદત હોય. હુઝૂર પર

દુરૂદ હોય, ઓછામાં ઓછું તેમનામાં એક આયતની તિલાવત હોય. પહેલા ખુત્બામાં વાઅઝ તથા નસીહત હોય, બીજામાં મુસલમાનો માટે દુઆ હોય અને ખુલ્ફાએ રાશેદીન વગેરેનો ઝિક્ર હોય, રદિયલ્લાહો તઆલા અન્હુમ. અલબત્ત, શરહે વક઼ાયામાં છે કે એક તસ્બીહની માત્રા ખુતબો શર્ત છે. અર્થાત જો કોઈએ એટલું પણ ખુતબામાં પઢયું નહીં તો જુમ્આની નમાઝ થશે નહીં.

૧૮. પછી પેજ નં. ૨૪૮ પર હિદાયા અને શરહે વક઼ાયાના હવાલાથી છે કે તયમ્મુમમાં એક જર્બની સહીહેનમાં હદીષો કસરતથી છે અને સહીહ છે. આ પણ ગેર મુક઼લ્લિદોનો તોહમત તથા આરોપ અને સ્પષ્ટ ફરેબ છે. એટલા માટે કે **હિદાયા અને શરહે વક઼ાયામાં આ હરગિઝ નથી.**

૧૯. ફરી એ જ પેજ પર હિદાયા અને શરહે વક઼ાયાના હવાલાથી છે કે તયમ્મુમમાં બે જર્બની હદીષો જાઈઝ છે. અને મૌકૂફ પણ. આ પણ ગેર મુક઼લ્લિદોનો ખુલ્લો ફરેબ છે. એટલા માટે કે **મજકૂર કિતાબોમાં આ વાત હરગિઝ નથી.**

૨૦. અને પેજ નં. ૨૪૯માં હિદાયાના હવાલાથી છે કે ઈમામ અબૂ હનીફાની એક મિષ્લની રિવાયત સુધારણા પાત્ર છે. આ પણ ગેર મુક઼લ્લિદોનો ઉઘાડો ફરેબ છે. કેમ કે **હિદાયામાં આ હરગિઝ નથી.**

૨૧. પછી એ જ પેજ નં. ૨૪૯ પર શરહે વક઼ાયાના હવાલાથી છે કે સહીહ હદીષથી અઝાનમાં કલ્મા (શબ્દો) બે બે વાર અને તકબીરમાં એક એક વખત છે. આ પણ ગેર મુક઼લ્લિદોની ઐયારી અને ઉઘાડો ફરેબ છે, એટલા માટે કે **શરહે વક઼યામાં આ હરગિઝ નથી.**

૨૨. પછી પેજ નં. ૨૫૦માં મુન્યતુલ મુસલ્લીના હવાલાથી છે કે જ્યારે મોઢું કા'બા તરફ છે તો કા'બાની નિય્યત કરવું જાઈઝ નથી. મુન્યતુલ મુસલ્લીમાં આ હરગિઝ નથી, બલ્કે તેમાં એ છે કે ઈમામ અબૂ બક્ર મુહમ્મદ બિન હામિદે ફર્માવ્યું કે જ્યારે મોઢું કા'બા શરીફ તરફ હોય તો કા'બાની નિય્યત કરવું શર્ત નથી. અને શેખ ઈમામ અબૂ બક્ર મુહમ્મદ બિન ફઝલે ફર્માવ્યું કે શર્ત છે. (જુઓ મુન્યતુલ મુસલ્લી, પેજ : ૯૯) અર્થાત જાઈઝ ન હોવું કોઈનો ક઼ૌલ નથી, આ પણ ગેર મુક઼લ્લિદોની ખુલ્લી મક્કારી છે.

૨૩. પછી એ જ પેજ નં. ૨૫૦ પર હિદાયાના હવાલાથી છે કે ડૂંટીની નીચે હાથ બાંધવાની હદીષ ઈમામો તથા મુહદ્દિષોની સહમતિથી ઝઈફ છે. **હિદાયામાં આ હરગિઝ નથી** માટે આ પણ ગેર મુક઼લ્લિદોનો સ્પષ્ટ ફરેબ છે.

૨૪. અને પછી એ જ પેજ નં. ૨૫૦માં શરહે વક઼ાયાના હવાલાથી છે કે છાતી પર હાથ બાંધવાની હદીષ ઈમામો તથા મુહદ્દિષોની સહમતિથી સહીહ છે. આ પણ ગેર મુક઼લ્લિદોનો ખુલ્લે ફરેબ છે અને જૂઠ છે. માટે જૂઠાઓ પર અલ્લાહની લા'નત પઢો.

૨૫. અને પેજ નં. ૨૫૧ પર શરહે વક઼ાયાના હવાલાથી છે કે ઈમામની પાછળ ''સૂરએ ફાતિહા'' ન પઢવાની હદીષ ઝઈફ છે. આ પણ ગેર મુક઼લ્લિદોની ઐયારી અને ફરેબ છે. એટલા માટે કે **શરહે વક઼ાયામાં આ હરગિઝ નથી.**

૨૬. પછી એ જ પેજ પર શરહે વક઼ાયાના હવાલાથી છે કે હઝરત અલી كرم الله وجهه الكريم નો ક઼ૌલ પણ ''સૂરએ ફાતિહા''ની મનાઈમાં જાઈઝ છે, બાતિલ છે. આ પણ ગેર મુક઼લ્લિદોની મક્કારી અને

ફરેબ છે કેમ કે **શરહે વક઼ાયામાં આ પણ નથી.**

૨૭. અને પેજ નં. ૨૫૨માં હિદાયાના હવાલાથી છે કે રફએ યદૈનની હદીષો સર્કે રફઅની સરખામણીમાં મજબૂત છે. આ પણ ગેર મુક઼લ્લિદોનો ખુલ્લો ફરેબ છે. એટલા માટે કે **હિદાયામાં આ હરગિઝ નથી.**

૨૮. પછી એ જ પેજ નં. ૨૫૨ શરહે વક઼ાયાના હવાલાથી છે કે રફએ યદેન ન કરવાની હદીષ ઝઈફ છે. આ પણ ગેર મુક઼લ્લિદોનો ફરેબ અને જૂઠ છે. કેમ કે **આ શરહે વક઼ાયામાં હરગિઝ નથી.**

૨૯. અને પેજ નં. ૨૫૫ પર શરહે વક઼ાયાના હવાલાથી છે કે ત્રણ માઈલ સુધીના અંતરમાં કસર જાઈઝ છે. આ પણ ગેર મુક઼લ્લિદોનું જૂઠ અને ઉઘાડો ફરેબ છે. એટલા માટે કે **આ પણ શરહે વક઼ાયામાં નથી.**

૩૦. અને પેજ નં. ૨૫૭ પર હિદાયા, શરહે વક઼ાયા અને મુન્યતુલ મુસલ્લીના હવાલાથી છે કે વિત્ર એક રકઅત પણ છે. આ પણ ગેર મુક઼લ્લિદોની ઐયારી અને સ્પષ્ટ ફરેબ છે. કેમ કે **આ કિતાબોમાં આ મસ્અલો હરગિઝ નથી.**

૩૧. પછી એ જ પેજ પર હિદાયાના હવાલાથી છે કે એક વિત્ર પર મુસલમાનોનો ઈજમાઅ (સર્વ સંમતિ) થઈ ગયો છે. આ પણ ગેર મુક઼લ્લિદોની મક્કારી અને ખુલ્લો ફરેબ છે. એટલા માટે કે **હિદાયામાં આ હરગિઝ નથી.**

૩૨. પછી એ જ પેજ નં. ૨૫૭ પર શરહે વક઼ાયાના હવાલાથી છે કે ત્રણ વિત્રની રિવાયત ઝઈફ છે. આ પણ ગેર મુક઼લ્લિદોનો ખુલ્લો

ફરેબ છે. એટલા માટે **શરહે વક઼ાયામાં આ હરગિઝ નથી.**

૩૩. પછી એ જ પેજ નં. ૨૫૮માં હિદાયાના હવાલાથી છે કે ફજરની નમાઝમાં દુઆએ કૂનુત પઢવું ચારે ખુલ્ફાએ રાશેદીન તથા અમ્માર બિન યાસર તથા ઉબય બિન કઅબ તથા અબૂ મૂસા અશ્અરી તથા ઈબ્ને અબ્બાસ તથા અબૂ હુરૈરહ્ તથા બરા બિન આઝિબ તથા અનસ તથા સુહેલ બિન સઅદ તથા મુઆવિયા તથા આઈશા رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી સાબિત છે. **હિદાયામાં આ હરગિઝ નથી.** ગેર મુક઼લ્લિદો એ પોતાનો જૂઠો મઝહબ ફેલાવવા માટે જૂઠ અને ફરેબથી કામ લીધું છે. જૂઠાઓ ઉપર અલ્લાહની લા'નત !

૩૪. અને પેજ નં. ૨૫૯ પર દુર્રે મુખ્તાર, હિદાયા અને શરહે વક઼ાયાના હવાલાથી છે કે વીસ રકાતની તરાવીહની હદીષ ઝઈફ છે. આ પણ ગેર મુક઼લ્લિદોનું જૂઠ અને ફરેબ છે. તેમણે પોતાનો જૂઠો મઝહબ ફેલાવવા માટે જૂઠનો સહારો લીધો છે.

૩૫. પછી એ જ પેજ પર શરહે વક઼ાયાના હવાલાથી છે કે તરાવીહ આઠ રકાતની હદીષ સહીહ છે. **આ પણ ગેર મુક઼લ્લિદોનો ઉઘાડો ફરેબ છે, એટલા માટે કે શરહે વક઼ાયામાં આ મસ્અલો હરગિઝ નથી.**

૩૬. અને પેજ નં. ૨૬૦ પર શરહે વક઼ાયાના હવાલાથી છે કે તરાવીહ આઠ રકાત સુન્નત છે અને વીસ મુસ્તહબ છે. આ પણ ગેર મુક઼લ્લિદોની ઐયારી અને સ્પષ્ટ ફરેબ છે, કેમ કે **શરહે વક઼ાયામાં આ પણ નથી.**

૩૭. અને પેજ નં. ૨૬૨ પર હિદાયા તથા શરહે વક઼ાયાના હવાલાથી

છે કે ઈદૈનની નમાઝમાં બાર તકબીરોની હદીષ સહીહ છે. આ પણ ગેર મુક઼લ્લિદોનું ખુલ્લો ફરેબ છે. એટલા માટે **મજકૂર કિતાબોમાં આ વાત હરગિઝ નથી.**

૩૮. પછી એ જ પેજ પર ક઼દૂરીના હવાલાથી છે કે બંને રકાતોમાં ક઼િર્અતથી પહેલાં તકબીરો કહે. આ પણ ગેર મુક઼લ્લિદોનો સ્પષ્ટ ફરેબ છે કે કેમ કે **કદૂરીમાં આ મસ્અલો હરગિઝ નથી.**

૩૯. અને એ જ કિતાબ હક઼ીક઼તુલ ફિક઼્હના પેજ નં. ર૭ર પર શરહે વક઼ાયાના હવાલાથી છે કે, "મોલ્વી મુહમ્મદ ઈસ્માઈલ દહેલ્વીએ એવા જમાનામાં જ્યારે કે જહાલત સર્વત્ર આમ થઈ રહી હતી રસૂલુલ્લાહ ﷺની સુન્નતને જીવંત કરી અને સુન્નતના ઉત્થાનમાં નિંદા કરવાવાળાઓનો બિલકુલ ખ્યાલ ન કર્યો. આપનો તકવો મશ્હૂર છે. આપ જાહેરી તથા બાતિની ઉલૂમના એક સંપૂર્ણ નિષ્ણાત હતા." હનફી સુન્નીઓને ગેર મુક઼લ્લિદ વહાબી બનાવવા માટે ગેર મુક઼લ્લિદોનો આ અતિશય ખતરનાક ફરેબ છે કે શરહે વક઼ાયા જેવી વિશ્વાસપાત્ર કિતાબના હવાલાથી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી જેવા ગુમરાહ તથા ગુમરાહગરની પ્રશંસા લખી દીધી ! **એ પણ ન વિચાર્યું કે જ્યારે શરહે વક઼ાયા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના જન્મથી લગભગ પાંચસો વર્ષ પહેલાં લખવામાં આવી તો તેમાં તેમનો ઉલ્લેખ કેવી રીતે આવી શકે છે ?!** અને દુનિયા આટલા મોટા જૂઠ પર અમને કેટલી લઅનત મલામત કરશે ? દુઆ છે કે ખુદા ﷻ તેમને સચ્ચાઈ નસીબ કરે અને મઝહબે હક઼ અહલે સુન્નત વ જમાઅત ક઼બૂલ કરવાની તમને તૌફીક઼ બખ્શે. (આમીન)

## હુઝૂર સૈયદના ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ નું સંક્ષિપ્ત જીવનચરિત્ર

આપનું નામ નોઅમાન, કુન્નિયત અબૂ હનીફા અને લકબ ઈમામે આ'ઝમ તથા ઈમામુલ મુસલમાન છે. આપ ઈરાનના બાદશાહ નવશેરવાંની ઔલાદમાંથી છે. વંશિક સિલસિલો આ પ્રમાણે છે :–

નૌમાન બિન ષાબિત બિન નૌમાન બિન મર્ઝબાન બિન ષાબિત બિન કૈસ બિન યઝદગર્દ બિન શહપ્યાર બિન પરવેઝ બિન નવશૈરવાં.

આપના દાદા ઈસ્લામથી પાવન થઈને કૂફા શહેરમાં સ્થાયી થયા. ત્યાં જ આપ હિ.સ. ૮૦માં પેદા થયા. આપના બાપ ષાબિતને પોતાના બચપનના જમાનામાં હઝરત અલી رضی اللہ عنہ ની ખિદમતમાં લાવવામાં આવ્યા. તો આપે તેમના માટે અને તેમની ઔલાદમાં ખૈરો બરકતની દુઆ કરી.

આપના મુબારક જમાનામાં લગભગ બાવીસ સહાબા જીવંત હતા, જેમાંથી સાત સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી આપની મુલાકાત સાબિત છે. ખાસ કરીને હઝરત અનસ બિન માલિક, હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ, હઝરત અબ્દુલ્લાહ બિન ઔની, હઝરત મઅકલ બિન યસાર અને હઝરત વાસિલા બિન અલ અસ્કહ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી અને હઝરત અનસ તથા હઝરત જાબિર તથા હઝરત વાસિલહ رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરેથી આપે હદીષો પણ રિવાયત કરી છે.

હદીષ શરીફમાં આપના સંબંધે બશારત પણ આપવામાં આવી છે. જેવું કે મુહદ્દિષે જમાના હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતિ શાફઈ رحمۃ اللہ علیہ લખે છે કે હું કહું છું કે હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم એ સૈયદના

ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ સંબંધે આ હદીષ શરીફમાં બશારત આપી છે, જેને અબૂ નુઐમે હિલયહમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની રિવાયતથી નક઼લ કરી કે નુએએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : (અર્થ) જો ઈલ્મ સુરૈયા પર પહોંચી જાય તો ફારસ (ઈરાન)ના જવાં મર્દોમાંથી એક જવા મર્દ જરૂર તેના સુધી પહોંચી જશે.

*–(તબીયદુલ સહીફા ફી મનાક઼િબિલ ઈમામ અબી હનીફા, ઉર્દૂ પેજ નં. ૪)*

અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની તે હદીષ છે જેના અસલ શબ્દો સહીહ બુખારી અને મુસ્લિમમાં પ્રમાણે આ છે : (અર્થ) જો ઈમાન સુરૈયાની નજીક પહોંચી જાય તો મર્દાને ફારસ તેના સુધી જરૂર પહોંચી જશે. *(તબીયદુલ સહીફહ, ઉર્દૂ પેજ નં. ૭)*

આ હદીષોમાં "અબનાએ ફારસ" અને "રિજાલે ફારસ"થી હઝરત સૈયદના ઈમામે આ'ઝમ અબૂ હનીફા અને તેમના સાથીઓ મુરાદ છે.

આપે ચાર હજાર મશાઈખ, તાબેઈન તથા તબેતાબઈનથી હદીષે ફિક઼્હ પ્રાપ્ત કર્યું જેમાંથી કેટલાક હઝરતોનાં નામ આ પ્રમાણે છે :–

હઝરત ઈમામ જાફર સાદિક઼, નાફેઅ મૌલા ઈબ્ને ઉમર, મૂસા બિન અબી આઈશા, સાલમ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન ખત્તાબ, સઈદ બિન મસરૂક, સલમહ બિન કહીલ, સુલેમાન બિન મહરાન અઅમશ, તાઉસ બિન કેસાન, અબ્દુલ્લાહ બિન દીનાર, અબ્દુર્રહમાન બિન હર્મઝાઅરજ, અતાઅ બિન અબી રબાઅ, અતાઅ બિન યસાર, મુહમ્મદ બિન અલી બિન હુસૈન બિન અલી મુર્તુઝા, મુહમ્મદ બિન અમ્ર બિન અલહસન બિન અલી મુર્તુઝા, વલીદ બિન સરીહ, મૌલા ઉમર બિન અલખ્તાર અને હિશામ બિન અરવકબિન અબ ઝુબૈર رضوان اللہ تعالیٰ علیہم اجمعین.

આપે તમામ ઉલૂમમાં પારંગત થયા પછી ગૌશાનશીની (એકાંતવાસ)નો ઈરાદો કર્યો તો એક રાત્રે આપ સરકારે અક઼દસ ﷺની ઝિયારતથી ખ્વામમાં સન્માનિત થયા. હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, હે અબૂ હનીફા ! આપને અલ્લાહ તઆલાએ મારી સુન્નત ઝિંદા કરવા માટે પેદા કર્યા છે તો આપ ગોશાનશીનીનો ઈરાદો હરગિઝ ન કરો. આ બશારત પછી આપ દર્સ તથા તદરીસ (ભણાવવા) અને શરઈ મસાઈલના ઈજતેહાદ તથા નિષ્કર્ષમાં મશગૂલ થયા, ત્યાં સુધી કે આપનો મઝહબ સમગ્ર દુનિયામાં ફેલાઈ ગયો.

આપના શાર્ગિદ અસંખ્ય થયા જેમાંથી ૬૦ શાર્ગિદોનો ઉલ્લેખ કેટલાક મુહદ્દિષોએ પોતાના વિવરણ સાથે લખેલ છે. તેઓમાંથી કેટલાક બુઝુર્ગોના નામો આ મુજબ છે :–

ઈમામ અબૂ યૂસુફ, ઈમામ મુહમ્મદ, ઈમામ ઝફર, હસન બિન ઝિયાદ લૂઅલૂઅવી, અબૂ મુતીઅ બલ્ખી, અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક, વકીઅ બિન જિરાહ, ઝકરિયા બિન અબી ઝાઈદહ, હફસ બિન ગયાસ નખઈ, રઈસુસ સૂફિયા દાઊદ તાઈ, યૂસુફ બિન ખાલિદ, અસદ બિન અમ્ર અને નૂહ બિન મરયમ વગેરે. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہને ઈજતેહાદ અને અહકામ કાઢવાની વ્યસ્તતાના કારણે હદીષની રિવાયતનો બહુ જ ઓછો મોક઼ો મળ્યો. જેવું કે હઝરત અબૂ બક્ર સિદ્દીક઼ તથા હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને કામોની વ્યસ્તતાના કારણે હદીષની રિવાયતનો સંજોગ ઓછો થયો. પરંતુ તે છતાં હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہની રિવાયત કરેલી હદીષોની પંદર મુસ્નદો એકત્ર કરવામાં આવી છે. અને આપના શાર્ગિદ મહાન મુહદ્દિષોના શૈખોમાં ગણવામાં આવ્યા છે, જેવા

કે યહ્યા બિન મુઈન, બકીઅ બિન જર્રાહ, મઅસર બિન કદામ, અબ્દુલ્લાહ બિન મુબારક, ઈમામ અબૂ યૂસુફ, અહમદ બિન હંબલ અને બિલ વાસ્તા અસ્હાબે સિહાહ સિત્તા અર્થાત હઝરત ઈમામ બુખારી અને હઝરત ઈમામ મુસ્લિમ વગેરે પણ હઝરત ઈમામે આ'ઝમની શાર્ગિદીથી બહાર થઈ શકતા નથી.

ઝુર્કાની શારેહે મુઅત્તાએ હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہની રિવાયત કરેલ હદીષોની સંખ્યામાં કેટલાયે ક઼ૌલ નક઼લ કર્યા છે. પ્રથમ એ કે આપની મરૂયાત (રિવાયતો) પાંચસો છે, બીજુ એ કે સાતસો છે, ત્રીજુ એ કે એક હજારથી થોડીક વધારે છે, ચોથુ એ કે એક હજાર સાતસો છે, પાંચમું એ કે છસો સડસઠ છે.

અને ગેર મુક઼લ્લિદો જે એમ કહે છે કે હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہને કેવળ સત્તર હદીષો પહોંચી છે અને સાબિતીમાં ઈબ્ને ખલ્દુનનો હવાલો રજૂ કરે છે તો તે સર્વથા ગલત છે. એટલા માટે કે ઈબ્ને ખલ્દુનનો અક઼ીદો નથી અને ન તેનો ક઼ૌલ છે, બલ્કે તેણે બીજાનો ક઼ોલ ઉલ્લેખ તરીકે નક઼લ કર્યો છે. અને સંભવ એ છે કે તેણે "સબ્અતામહ" લખ્યું હતું અને કાતિબની ભૂલથી "સબ્અતિહ અશર" થઈ ગયું અથવા ઈર્ષારૂપે ઈરાદાપૂર્વક એવું કરવામાં આવ્યું. એટલા માટે એ હઝરત મુલ્લા અલી ક઼ારીના કથન અનુસાર હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ ૮૩ હજાર મસાઈલ હલ કર્યા છે, જેમાંથી ૪૮ હજાર મસાઈલ ઈબાદત સંબંધે છે અને તે બાકીના મસ્અલા મામલાતના સંબંધે છે.

તો જો આપને કેવળ ૧૭ હદીષો પહોંચી હોત તો આટલા અધિક મસ્અલા આપ હરગિઝ હલ કરી શક્તા ન હતા. ન અલ્લામા ઝહબી શાફઈ "તઝકિરતુલ હુફ્ફાઝ"માં આપનો ઉલ્લેખ હાફિઝે હદીષમાં

કરતા, ન અકાબિરે ઉલમાએ હદીષ આપને પોતાના શૈખ બનાવતા, ન આપના માટે ઈમામનો લક઼બ સ્વીકારતા, ન મુહદ્દિષે જમાના હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતિ શાફઈ અને બીજા ઉલ્માએ સલફ આપના ફઝાઈલ તથા મનાક઼િબમાં મોટી મોટી કિતાબો લખતા.

તાત્પર્ય કે ગૈર મુક઼લ્લિદોનો એ પ્રોપેગન્ડો કે હઝરત અબૂ હનીફા رضي الله عنهને કેવળ ૧૭ હદીષો પહોંચી છે, એ સાવ જૂઠ છે. તેને એ જ શખ્સ સાચુ માની શકે છે જેને આપના ઈલ્મથી હસદ (ઈર્ષા) હશે, અથવા તો તે આપના ઈલ્મથી અજ્ઞાન હશે. જે આપના મરવિયાત (ઉલ્લેખો, રિવાયતો)ને જોવા ઈચ્છે તે મુઅત્તા ઈમામ મુહમ્મદ, કિતાબુલ આષાર, કિતાબુલ્ હજ્જ, સિયરે કબીર અને હઝરત ઈમામ અબૂ યૂસુફની કિતાબ અલ્ ખિરાજ, કિતાબુલ અમાલી મુજર્રદ બિન ઝિયાદ વગેરેનું અવલોકન કરે. તે કિતાબોમાં ઈમામે આ'ઝમની રિવાયત કરેલ સેંકડો હદીષો સહીહ અને હસન મળશે.

આપની રચનાઓ ફિક઼્હે અકબર, કિતાબુલ્ વસિઅહ્, કિતાબુલ્ આલિમ વલ મુતઅલ્લિમ અને કિતાબુલ મફ઼કૂદ વગેરે છે. આપનો વિસાલ હિ.સ. ૧૫૦માં થયો. મઝારે અક઼દસ બગદાદ શરીફના ખીઝરાં ક઼બ્રસ્તાનમાં ઝિયારતગાહે ખાસો આમ છે. જેના પર સૌથી પહેલાં સુલ્તાન મલિક શાહ સલજૂક઼ીએ હિ.સ. ૪૫૯માં શાનદાર ગુંબદ બનાવડાવ્યો અને આપના આસ્તાનએ આલિયા પર હનફીઓ માટે મદ્રસએ હનફિયા કાયમ કર્યો.

**તમ્મત્ બિલ્ ખૈર**